بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા. رَبِّ زِدۡنِیۡ عِلۡمًا وَارۡزُقۡنِیۡ فَهۡمًا

અર્થ : અય મારા રબ ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી અતા કર.




સરપરસ્ત
પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર


# જાફરી આવાઝ


Vol.-2, Isuue-2, December-2014

વર્ષ : ૩૪ સળંગ અંક : ૩૯૮

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com

સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા
તંત્રી : કાસમભાઈ વિજાપુરા - ૯૪૨૬૫૪૧૪૭૨
સહતંત્રી : 'માસૂમ' મહેરપુરી - ૯૬૮૭૬૭૯૫૧૩
મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)
સલાહ-માર્ગદર્શન : મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી (સિધ્ધપુર)
લેસર&ગ્રાફિક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા-૯૯૨૫૭૩૦૧૦૭

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : ઈબ્રાહીમભાઈ વાઘ - ૯૪૨૮૬૪૬૪૭૬
સહવ્યવસ્થાપક : અકબરઅલી મસી - ૯૮૨૫૪૯૭૧૭૮
અનવરઅલી મતિયા

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦. ફોન : ૦૨૭૭૨–૨૨૭૨૯૬


## લેખાનુક્રમ


| | |
|---|---|
| ઊઘડતે પાને | 3 |
| ગડમથલ | 6 |
| કુરઆન શિક્ષણ | 7 |
| અહાદીસ | 9 |
| રહમતુલ્લિલ આલમીન | 13 |
| અચૂક કબૂલ થતી દુઆઓ | 19 |
| કરબલા : માનવજાત માટે એક સબક | 21 |
| ઈબાદાત | 27 |
| મશાયખવાણી | 29 |
| અસ્માઉલ હુસ્ના | 32 |
| બ્લૉગ | 33 |
| રોઝીની બરકત અલ્લાહની ઈતાઅતમાં છે | 35 |
| જાફરી પંચાંગ | 39 |
| કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | 41 |
| સર્વશ્રેષ્ઠ સ્મરણ | 45 |
| અલ ઈર્શાદ | 49 |
| મીર અનીસના મરસિયા | 53 |
| એપિટમિ ડેરી | 57 |
| જ્ઞાનગોષ્ઠિ | 60 |
| આપણા ઘરની વાતો | 64 |
| 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | 68 |


# ઊઘડતે પાને...

યઝીદનો દરબાર.
યઝીદના દરબારમાં અહલેહરમ.
ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) પણ મોજૂદ.

કામિલ બહાઈ નામની કિતાબમાં છે કે ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ યઝીદને જુમ્આના દિવસે ખુત્બો પઢવા દેવાનો સવાલ કર્યો તો તેણે હા કહ્યું. પરંતુ જ્યારે જુમ્આનો દિવસ આવ્યો તો યઝીદે એક મલઊનને હુકમ આપ્યો કે તે મિમ્બર ઉપર જાય

અને જે કંઈ તેની જબાન પર આવે તે હઝરત અલી (અ.)ની બાબતમાં બૂરાઈ કહે. અને શેખૈનની મદ્હો સના અને તશ્કરના બારામાં તકરીર કરે.

તેથી તે મલઊન મિમ્બર પર ગયો અને એ બાબતોમાંથી જે કંઈ ઈચ્છામાં આવ્યું તે કહ્યું.

તેથી ઈમામ (અ.)એ ફરમાવ્યું,

“મને પણ રજા આપો કે જેથી હું પણ ખુત્બો પઢું.”

આ સાંભળીને યઝીદ શરમાઈ ગયો એ બાબત પર કે આપને રજા આપવાની બાબતમાં તેણે વાયદો કર્યો હતો. તેણે આપને રજા ન આપી તો આપના બારામાં લોકોએ સિફારિશ કરી, પરંતુ તેણે તે સિફારિશ પણ કબૂલ ન કરી.

ત્યાર પછી તેના દીકરા મુઆવિયાએ તેને કહ્યું કે જે નાની ઉંમરનો હતો,

“અય બાબા ! તેમનો ખુત્બો કયાં સુધી પહોંચી શકે છે ? તેમને ઈજાઝત આપો.”

તો યઝીદે કહ્યું,

“તમે આ લોકોની બાબતમાં શંકાના શિકાર થયેલા છો. આ તો ઈલ્મ અને ફસાહત અને બલાગતના વારિસ છે અને મને ડર છે કે તેમના ખુત્બાથી ફિત્નો ઊભો થઈ જાય કે જેનો વબાલ આપણા ઉપર પડે.”

ત્યાર પછી તેણે ઈજાઝત આપી તો આપ (અ.) મિમ્બર પર તશરીફ લઈ ગયા અને ફરમાવ્યું,

“હમ્દ છે અલ્લાહના માટે કે જેની શરૂઆત નથી. તે એવો દાયમ છે કે જેના માટે ખતમ થવાનું નથી. તે એવો અવ્વલ છે કે અવ્વલિયતના માટે કોઈ અવ્વલ નથી અને તે આખિર છે કે જેની આખેરિયતના માટે કોઈ આખિર નથી. એ કે જે મખ્લૂકના ફના થવા પછી બાકી છે, જેણે રાતો અને દિવસોને મુકદ્દર કર્યા છે અને તેમના દરમિયાન વહેંચણી કરી છે, તેથી બાબરકત છે તે અલ્લાહ કે જે બાદશાહ અને સૌથી વધારે જાણવાવાળો છે.”

આપ (અ.)એ ખુત્બો ચાલુ રાખતાં ફરમાવ્યું,

“અલ્લાહ તઆલાએ અમને ઈલ્મ, હિલ્મ, શુજાઅત, સખાવત અને મોમિનોના દિલોમાં મોહબ્બત અતા કરી અને અમારામાંથી રસૂલ અને તેમની વહી છે, અને સૈયદુશ્શોહદા છે, અને જાફર છે કે જે જન્નતમાં મલાએકા સાથે ઉડ્યા કરે છે, અને આ ઉમ્મતના બે સબ્ત છે, અને તે મહદી છે કે જે દજ્જાલને કતલ કરશે. અય લોકો ! જે મને જાણે છે એ તો જાણે છે અને જે નથી જાણતો તો હું તેને મારા હસબનસબથી પરિચિત કરાવું છું. હું મકકા અને મિનાનો બેટો છું. હું ઝમઝમ, સફાનો બેટો છું. હું એનો બેટો છું કે જેણે રુકનને ચાદરના ફરતેથી ઉઠાવ્યો. હું એનો બેટો છું કે જે ચાદર અને રિદા પહેરવાવાળાઓમાંથી બહેતરીન છે. હું એનો બેટો છું કે જેને મસ્જિદે અકસાની તરફ લઈ જવામાં આવ્યો. હું એનો બેટો છું કે જેને સિદ્રતુલ મુન્તહા સુધી પહોંચાડવામાં આવ્યો. હું એનો બેટો છું, તેથી ઝુકયો અને કાબ કોસૈન અદાદનાની મંઝિલ ઉપર ફાએઝ થયો. હું એનો બેટો છું કે જેની તરફ ખુદાએ જલીલે વહી કરી. જે વહી કરી, હું એ હુસૈન (અ.)નો બેટો છું કે જે કરબલાના શહીદ છે. હું અલી મુર્તઝાનો બેટો છું. હું મોહંમદ મુસ્તફાનો બેટો છું. હું ફાતેમા ઝહરાનો બેટો છું. હું સિદ્રતુલ મુન્તહાનો બેટો છું. હું તૂબાના ઝાડનો બેટો છું.

હું ખૂનમાં લથપથ થવાવાળાનો બેટો છું. હું એનો બેટો છું કે જેના ઉપર જિન્નાત અંધારામાં રડે છે. હું એનો બેટો છું કે જેના ઉપર પક્ષીઓએ વાતાવરણમાં નૌહા કહ્યા.''

આપની વાતચીત આટલે સુધી પહોંચી તો લોકોના રડવાનો અને બૂમો અને ચીસોનો અવાજ બુલંદ થયો. અને યઝીદ લાઅનતુલ્લાહને ફિત્નાનો ડર લાગ્યો તો તેણે બાંગ પોકારનારને નમાઝની અઝાન કહેવાનો હુકમ આપ્યો. તેથી મોઅઝ્ઝિન ઊભો થયો અને તેણે અઝાન કહી,

اَللّٰهُ اَكْبَرُ

ઈમામે કહ્યું,

''બેશક અલ્લાહ અકબર અને આ'લા અને અજલ અને અક્રમ છે, એ બધાયથી કે જેનો ખોફ અને ડર હોઈ શકે છે.''

જ્યારે તેણે કહ્યું,

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ

તો ઈમામ (અ.)એ ફરમાવ્યું,

''હા, હું ગવાહી આપું છું, દરેક ગવાહી આપવાવાળાની સાથે, અને દરેક મુન્કર પર બોજ નાખું છું કે અલ્લાહ સિવાય કોઈ માઅબૂદ નથી, અને તેના સિવાય કોઈ પરવરદિગાર નથી.''

પછી જ્યારે બાંગ પોકારનારે કહ્યું,

اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ

તો આપ (અ.)એ પોતાના માથા ઉપરથી અમામો ઉઠાવ્યો અને બાંગીયાને કહ્યું,

''હું તને એ મોહંમદ (સ.)ના હકનો વાસ્તો આપીને સવાલ કરું છું કે થોડા સમય માટે ખામોશ થઈ જા.''

પછી આપ (અ.)એ યઝીદ તરફ મોઢું કર્યું અને ફરમાવ્યું,

''અય યઝીદ ! આ અઝીઝ અને કરીમ રસૂલ (સ.) મારા નાના છે. જો તું એમ કહે કે તારા નાના છે તો જાણવાવાળા જાણે છે કે તું જુઠ્ઠો છે અને જો તું એવું કહે કે મારા નાના છે તો પછી તેં મારા બાપને જુલ્મથી શા માટે શહીદ કર્યા છે ? અને શા માટે તેમનો માલ લૂંટી લીધો છે ? અને શા માટે તેમની પર્દાદાર સ્ત્રીઓને કેદ કરી છે ?''

પછી આપ (અ.)એ પોતાનું ગિરેબાન ફાડી નાખ્યું પછી રડીને ફરમાવ્યું,

''અલ્લાહની કસમ, અગર દુનિયામાં કોઈના નાના રસૂલલ્લાહ છે તો તે મારા સિવાય કોઈ નથી. તો પછી આ માણસે મારા બાપને જુલ્મ અને સિતમથી શા માટે શહીદ કર્યા છે ? અને અમને રૂમના કેદીઓની માફક શા માટે કેદ કર્યા છે ?''

ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું,

''અય યઝીદ ! તેં આ બધું કર્યું છે તેમ છતાંય તમે કહો છો કે મોહંમદ (સ.) અલ્લાહના રસૂલ છે અને કિબ્લાની તરફ મોઢું કરો છો. તેથી અફસોસ અને હલાકત છે તારા માટે કયામતના દિવસે કે જ્યારે મારા નાના અને મારા બાપ તારા પર કોપાયમાન થશે.''

તેથી યઝીદે ચીસ પાડીને બાંગીયાને કહ્યું,

''નમાઝની ઈકામત કહો.''

તેથી લોકોમાં અજબ પ્રકારનો શોર પેદા થઈ ગયો. કેટલાકે તેની સાથે નમાઝ પઢી અને કેટલાકે ન પઢી એટલે સુધી કે લોકો વેરવિખેર થઈ ગયા.

(સંદર્ભ : નફસુલ મહમૂમ (ઉર્દૂ), પેજ–૩૯૫ થી ૩૯૬)




## ૨૬૭

સંપાદન : મોલ્વી યાકૂબઅલી જી. ખાણશીયા (કનાઈ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ■ |
| | ■ | ૬ | | ૭ | ■ | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | ■ | | ■ |
| ૧૩ | | | ■ | ૧૪ | | ■ | ■ | ■ | ૧૫ |
| ■ | | ■ | ૧૬ | | | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | | ૨૦ | | ■ | ૨૧ | | ૨૨ | ■ | |
| | ■ | ૨૩ | | ૨૪ | ■ | ૨૫ | | | |
| ૨૬ | ૨૭ | ■ | ૨૮ | | ૨૯ | ■ | | ■ | ■ |
| ૩૦ | | | | ■ | ૩૧ | | ■ | ૩૨ | ૩૩ |
| ■ | ૩૪ | | ■ | ૩૫ | | ■ | ૩૬ | | |

### ::::: આડી ચાવીઓ :::::

(૧) પ્રમાણભૂત, આધારભૂત (૪)
(૩) મર્હૂમની રાહત માટે પઢવામાં આવતી નમાઝ (૪)
(૬) અસ્હાબે કલ્ફને અસ્હાબે ......... પણ કહે છે. (૩)
(૮) અભિપ્રાય (૨)
(૯) હાથવગી રકમ, ખર્ચ બાદ કરતાં વધેલી રકમ (૩)
(૧૧) કૃપા, મહેરબાની (૩)
(૧૩) નબી (સ.)ની પ્રશંસામાં રચેલી નઝમ (૩)
(૧૪) પૂંછડી, પૂંછ (૨)
(૧૬) કરમાઈ જવું (૪)
(૧૮) બાણ, તીર કામઠામાં લગાવાય (૨)
(૧૯) અહલેબૈત (૪)
(૨૧) કુળ, વંશ, ખાનદાન (૩)
(૨૩) ઘરેણું, દાગીનો (૩)
(૨૫) નવીનતા, નવી ઉપજાવી કાઢેલી બાબત (૪)
(૨૬) લાકડી, ડાંગ (૨)
(૨૮) એવું કાર્ય કે જે કરવાથી ગુના થાય (૩)
(૩૦) ઉપાય, યુક્તિ (૪)
(૩૧) કચરો વાળવાનું સાધન (૨)
(૩૨) અવાજ (૨)
(૩૪) ભીનું (૨)
(૩૫) દોસ્ત, મિત્ર (૨)
(૩૬) મુસાફરી (૩)

### ::::: ઊભી ચાવીઓ :::::

(૧) ઉપકાર કરનાર, એક નામ (૪)
(૨) વધારો, વૃધ્ધિ (૪)
(૪) ઘર, અલ્લાહનું તેમજ અવલિયા અલ્લાહનું ઘર અથવા મઝાર (૩)
(૫) ઈચ્છા, અભિલાષા (૩)
(૭) હિંમત, તાકાત (૪)
(૧૦) ધિક્કાર, તિરસ્કાર (૪)
(૧૨) રોઝાનો મહિનો (૪)
(૧૫) હલનચલન (૪)
(૧૬) પાક, પવિત્ર (૫)
(૧૭) અહલેબૈતનો વિરોધી / દુશ્મન (૩)
(૧૯) આજ્ઞાપાલન, અનુસરણ (૪)
(૨૦) લોહીની નળી (૨)
(૨૨) અરબસ્તાનના રણપ્રદેશનો રહેવાસી (૩)
(૨૪) પોકાર, બાંગ (૨)
(૨૭) સાદાઈ (૩)
(૨૯) કબર, મકબરો (૩)
(૩૨) હરોળ, લાઈન (૨)
(૩૩) શૂળી, મકાન (૨)



# કુરઆન શિક્ષણ

**નબીઓ અને ઇમામો વિષેની આયતો**

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لَوْ خَرَجُوْا فِيْكُمْ مَّا زَادُوْكُمْ اِلَّا خَبَالًا وَّ لَاْاَوْضَعُوْا خِلٰلَكُمْ يَبْغُوْنَكُمُ الْفِتْنَةَ ۚ وَفِيْكُمْ سَمّٰعُوْنَ لَهُمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالظّٰلِمِيْنَ ﴿٤٧﴾

❂ અગર તેઓ તમારી સાથે ચાલી નીકળે તો તેઓ તમારા માટે ખરાબી સિવાય બીજું કાંઈ વધારત નહીં, અને તમારામાં કુસંપ ફેલાવવાના હેતુથી તમારામાં (આમતેમ) દોડધામ કર્યા કરત અને (વળી) તમારામાં (અત્યાચારે પણ) તેમના જાસૂસો મોજૂદ છે અને અલ્લાહના જુલમગારોથી સારી પેઠે વાકેફ છે. **(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૪૭)**

---

وَ مَا مَنَعَهُمْ اَنْ تُقْبَلَ مِنْهُمْ نَفَقٰتُهُمْ اِلَّآ اَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَ بِرَسُوْلِهٖ وَ لَا يَاْتُوْنَ الصَّلٰوةَ اِلَّا وَ هُمْ كُسَالٰى وَ لَا يُنْفِقُوْنَ اِلَّا وَ هُمْ كٰرِهُوْنَ ﴿٥٤﴾

❂ તેમના દાનના અસ્વીકારની નડતરો એ સિવાય બીજી કાંઈ નથી કે તેઓ અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરે છે, અને તેઓ નમાઝ નથી પઢતા પણ આળસાઈની સાથે, અને તેઓ દાન નથી કરતા પણ કચવાતા મને.

**(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૫૪)**

---

يَحْذَرُ الْمُنٰفِقُوْنَ اَنْ تُنَزَّلَ عَلَيْهِمْ سُوْرَةٌ تُنَبِّئُهُمْ بِمَا فِيْ قُلُوْبِهِمْ ؕ قُلِ اسْتَهْزِءُوْا ۚ اِنَّ اللّٰهَ مُخْرِجٌ مَّا تَحْذَرُوْنَ ﴿٦٤﴾

❂ દાંભિકો તે (વાત)થી ડરતા રહે છે કે (કદાચને) તેમની વિરૂધ્ધ કોઈ એવું પ્રકરણ ઉતારવામાં આવે કે જે લોકો સામે તેમના મનમાં (જે કાંઈ) છે તે ખુલ્લું કરી નાખે. (હે રસૂલ !) તું કહે કે તમે (ભલે) હાંસી ઉડાડ્યા કરો. નિ:સંશય જે વસ્તુથી તમે ભય પામો છો તે ખચીત જ અલ્લાહ જરૂર જાહેર કરનાર છે.

**(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૬૪)**

---

وَ لَئِنْ سَاَلْتَهُمْ لَيَقُوْلُنَّ اِنَّمَا كُنَّا

❂ અને જો તું તેમને પૂછશે તો તેઓ જરૂર એમ કહી દેશે કે અમે તો માત્ર અમથી વાતો અને

نَخُوْضُ وَ نَلْعَبُ ؕ قُلْ اَ بِاللّٰهِ وَ اٰيٰتِهٖ وَ
رَسُوْلِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُوْنَ ﴿۶۵﴾

રમતગમત કરતા હતા. તું કહે કે શું તમે અલ્લાહ તથા તેની આયતો તથા તેના રસૂલની મજાક કરતા હતા ? **(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૬૫)**

---

اِسْتَغْفِرْ لَهُمْ اَوْ لَا تَسْتَغْفِرْ لَهُمْ ؕ اِنْ تَسْتَغْفِرْ
لَهُمْ سَبْعِيْنَ مَرَّةً فَلَنْ يَّغْفِرَ اللّٰهُ لَهُمْ ؕ ذٰلِكَ
بِاَنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ ؕ وَ اللّٰهُ لَا يَهْدِى
الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿۸۰﴾

❂ તું તેમના માટે ક્ષમાની દુઆ માગ અથવા તેમના માટે ક્ષમાની દુઆ ન માગ (એ સરખું જ છે). તેમના માટે ૭૦ વખત પણ ક્ષમાની દુઆ માગશે તો પણ અલ્લાહ તેમને હરગિઝ હરગિઝ માફ નહીં કરે. આ એ માટે કે તેમણે અલ્લાહ તથા તેના રસૂલનો ઈન્કાર કર્યો, અને અલ્લાહ નાફરમાન લોકોની રાહબરી કરતો નથી.

**(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૮૦)**

---

وَ لَا تُصَلِّ عَلٰۤى اَحَدٍ مِّنْهُمْ مَّاتَ اَبَدًا وَّ لَا
تَقُمْ عَلٰى قَبْرِهٖ ؕ اِنَّهُمْ كَفَرُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ
وَ مَاتُوْا وَ هُمْ فٰسِقُوْنَ ﴿۸۴﴾

❂ અને (હે રસૂલ !) જ્યારે તેઓમાંથી કોઈ મરી જાય તો તું તેના (જનાઝા) ઉપર હરગિઝ પઢતો નહીં (અને) તેની કબર ઉપર (ફાતેહા માટે) ઊભો પણ રહેતો નહીં. બેશક તેમણે અલ્લાહ તથા તેના રસૂલનો ઈન્કાર કર્યો છે, અને એ જ નાફરમાનીની હાલતમાં મરી ગયા છે.

**(પારો–૧૦, સૂરા તૌબા, આયત–૮૪)**

---

يَعْتَذِرُوْنَ اِلَيْكُمْ اِذَا رَجَعْتُمْ اِلَيْهِمْ ؕ
قُلْ لَّا تَعْتَذِرُوْا لَنْ نُّؤْمِنَ لَكُمْ قَدْ
نَبَّاَنَا اللّٰهُ مِنْ اَخْبَارِكُمْ ؕ وَ سَيَرَى اللّٰهُ
عَمَلَكُمْ وَ رَسُوْلُهٗ ثُمَّ تُرَدُّوْنَ اِلٰى
عٰلِمِ الْغَيْبِ وَ الشَّهَادَةِ فَيُنَبِّئُكُمْ بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۹۴﴾

❂ જ્યારે તમે તેમની પાસે (જિહાદથી) પાછા ફરશો ત્યારે તે (મુનાફિક)ઓ (પોતાની ગેરહાજરી માટે) તમારી પાસે (કોઈ) બહાનું (ઉપજાવી) કાઢીને આવશે. (પણ હે રસૂલ !) તું કહેજે કે (જૂઠાં) બહાનાં ન કાઢો, અમે તમારી વાત હરગિઝ માનીશું નહીં. અલ્લાહ તમારી હકીકતથી અમને (પ્રથમથી જ) વાકેફ કરી ચૂકયો છે. અને નજીકમાં જ અલ્લાહ અને તેનો રસૂલ તમારી વર્તાણૂંક પણ જોઈ લેશે. પછી તમે છૂપા અને જાહેરના જાણકાર (અલ્લાહ) ની પાસે ફેરવવામાં આવશો. પછી તમે જે જે કાર્યો કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

**(પારો–૧૧, સૂરા તૌબા, આયત–૯૪)**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી

કિતાબ : ઈર્શાદાતે રસૂલ (સ.)

## ૪૪ લજ્જા વિષે

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

فَجَآءَتۡهُ اِحۡدٰىهُمَا تَمۡشِىۡ عَلَى اسۡتِحۡيَآءٍ ... ﴿٢٥﴾

*(એટલામાં એ બે સ્ત્રીઓમાંથી એકને જુએ છે કે તે તેમની તરફ શરમાઈને આવી રહી છે.)*

(સૂરા કસસ, આયત-૨૫)

(૬૩૨) લજ્જા ઈમાનનો એક ભાગ છે.

(તોહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૬૩૩) લજ્જા સંપૂર્ણ નેકી છે અને તેનું પરિણામ નેકી સિવાય બીજું કશું નથી હોતું.

(ઈસ્નાઅશરીયા, સફા-૭)

(૬૩૪) લજ્જા ઈમાનનો એક ભાગ છે; જેનામાં લજ્જા નથી તેનું કોઈ ઈમાન નથી.

(મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૩૩)

(૬૩૫) દરેક દીનની એક નીતિ હોય છે અને ઈસ્લામની નીતિ લજ્જા છે.

(ઈસ્નાઅશરીયા, સફા-૧૪)

(૬૩૬) જે લજ્જાનો ત્યાગ કરે છે તેની ગીબત (કરવી) ઉચિત છે.

(તોહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૬૩૭) લજ્જાના બે પ્રકાર છે : બુધ્ધિ સાથે લજ્જા અને મૂર્ખતા સાથે લજ્જા. બુધ્ધિની લજ્જા ઈલ્મ છે અને મૂર્ખતાની શરમિંદગી અજ્ઞાનતાથી છે.

(તોહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૬૩૮) ઈમાન અને લજ્જા એક જ દોરડાથી બંધાયેલાં છે, જ્યારે આ બન્નેમાંથી એક ભ્રષ્ટ થાય છે ત્યારે બીજું પણ ભ્રષ્ટ થાય છે. (મજમુઆ વરામ, જિલ્દ-૨, સફા-૭૮)

## ૪૫ સગાંવહાલાંથી સદ્‌ભાવ (સિલે રહમી) વિષે

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَالَّذِيۡنَ يَصِلُوۡنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنۡ يُّوۡصَلَ وَيَخۡشَوۡنَ رَبَّهُمۡ وَيَخَافُوۡنَ سُوۡٓءَ الۡحِسَابِ ﴿٢١﴾

*(આ તે લોકો છે કે જેમને સંબંધો જાળવી રાખવાનો અલ્લાહે હુકમ કર્યો છે, તેને જાળવી રાખે છે, અને પોતાના પરવરદિગારથી ડરે છે, અને કયામતના દિવસના હિસાબથી ભય પામે છે.)*

(સૂરા રઅદ, આયત-૨૧)

(૬૩૯) સંબંધો જાળવી રાખો ભલેને પછી તે ફક્ત સલામ વડે પણ કેમ ન હોય.

(તોહફુલ ઉકૂલ, મવાએઝુન્નબી)

(૬૪૦) સગાઓ સાથે સદ્‌ભાવ આયુષ્યને દીર્ઘ કરે છે.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૫૮)

(૬૪૧) મારી ઉમ્મતના જે લોકો અહીં હાજર છે તે, જે ગેરહાજર છે તેમને, અને તેમને કે જેઓ હજુ જન્મ્યા નથી, અને કયામત સુધી આવનારી પેઢીઓને મારી આ વસિયત પહોંચાડે કે સગાઓ સાથે સદ્‌વર્તનને જાળવી રાખે, ભલે ને પછી તે સગાઓ સુધી પહોંચવાનું અંતર એક વર્ષનું પણ કેમ ન હોય, કારણ કે આમ કરવું દીનમાંથી જ છે. (ઉસૂલે કાફી, જિલ્દ–૨, સિલતુર્રહમ, હદીસ–૫)

(૬૪૨) સગાઓ સાથે સદ્‌વર્તાણૂંકનો સવાબ ઈબાદતના સવાબ કરતાં વધારે ઝડપથી પહોંચે છે. (ઈસ્નાઅશરીયા, સફા–૧૪)

(૬૪૩) રસૂલ (સ.)એ ફરમાવ્યું, "જ્યારે કોઈ બંદો સગાઓ સાથે સદ્‌વર્તાણૂંક કરે છે, અને તેના આયુષ્યનાં ફક્ત ત્રણ વર્ષ જ બાકી હોય ત્યારે અલ્લાહ તે વધારીને ૩૦ વર્ષ કરી નાખે છે, અને જો કોઈ બંદો જેના આયુષ્યનાં ૩૦ વર્ષ બાકી હોય, અને તે સગાઓ સાથે સંબંધો કાપી નાખે તો અલ્લાહ તેના આયુષ્યમાં ઘટાડો કરીને ત્રણ વર્ષ કરી નાખે છે. તે પછી આપ (સ.) એ આ આયત તિલાવત ફરમાવી, "ઉમ્મુલ કિતાબ તેની જ પાસે છે, કે તે જે ઈચ્છે છે તેને ભૂંસી નાખે છે, અને જે ઈચ્છે છે તેને રહેવા દે છે.

(જામેઅ અલ અખ્બાર, સફા–૧૨૫)

(૬૪૪) જે બંદો તેના કોઈ સગા પાસે જાય, અને પોતાની જાત અથવા માલથી તેની સાથે સદ્‌વર્તન કરે, તો અલ્લાહ તેને એકસો શહીદોનો સવાબ આપશે, અને તેના દરેક પગલાની સામે તેને ચાલીસ હજાર નેકીઓ આપશે, અને તેના ૪૦ હજાર ગુનાઓ માફ કરશે, અને તેના ૪૦ દરજ્જાઓ વધારશે અને તેને તે બંદા જેટલો સવાબ મળશે કે જેણે એકસો વર્ષ સુધી નિખાલસપણે અલ્લાહની ઈબાદત કરી હોય. (અમાલી અલ-સદૂક, મજલિસ–૪૪, હદીસ–૧)

(૬૪૫) સગાઓ સાથે સદ્‌વર્તાણૂંક કયામતના દિવસે થનારા હિસાબને આસાન કરે છે અને ખરાબ મોતથી બચાવે છે.

(સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૫૧૬)

(૬૪૬) સગાઓ સાથે સદ્‌વર્તાણૂંક જાળવી રાખો, ભલે ને પછી પાણીના એક ઘૂંટથી પણ કેમ ન હોય, અને સૌથી ઉત્તમ સિલે રહમી તે છે કે પોતાના સગાસંબંધીઓની તકલીફો દૂર કરો.

(સફીનતુલ બિહાર, જિલ્દ–૧, સફા–૫૧૬)

(૬૪૭) કેટલીક વખતે લોકો બદચલન અને ગુનેગાર હોય છે અને નેક હોતા નથી, પરંતુ તેમની ધનદોલત વધે છે, અને તેમના આયુષ્યમાં વધારો થાય છે. આનું કારણ એ છે કે તેઓ સગાઓ સાથે સદ્‌વર્તાણૂંક કરતા રહે છે.

જો આ લોકો નેક હોત, અને સગાઓ સાથે સદ્વર્તાણૂંક કરતા હોત તો કેટલું સારું થાત ! (ઉસૂલે કાફી, જિલ્દ–૨, બાબ સિલતુર્રેહમ, હદીસ–૨૧)

(૬૪૮) જે તમારાથી કપાઈ ગયો હોય તો તેની સાથે સદ્વર્તન કરો અને જે તમારી સાથે ખરાબ વર્તાણૂક રાખે તેની સાથે સદ્વર્તન કરો.

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૭, સફા–૧૭૧)

(૬૪૯) જ્યારે મને આકાશોની મુસાફરી કરાવવામાં આવી તો મેં સિલે રહમીને અર્શ પર જોઈ અને તેને અલ્લાહથી ફરિયાદ કરતી જોઈ. મેં તેનાથી પૂછ્યું, "તારા અને જેની તું ફરિયાદ કરે છે, તેના વચ્ચે કેટલું અંતર છે ?" તેણે જવાબ આપ્યો, "અમે બન્ને ચાલીસમી પેઢી ઉપર મળીએ છીએ."

(ખિસાલ સદૂક, બાબ–૪૦, હદીસ–૧૧)


મીકદાદઅલી
MO 99257 47592
(જેઠીપુરાવાળા)

મંઝર ચશ્માઘર

Manzar Optical

• નંબરના ચશ્મા • બેલ્ટ
• ફેન્સી ગોગલ્સ • પર્સ
• સનગ્લાસના ચશ્મા • સ્પ્રે-અત્તર

L-5, આકાશગંગા કોમ્પલેક્ષ,
નિરાલી બસ સ્ટેન્ડ રોડ, હિંમતનગર.





દુકાન ટે. નં. ૦૭૩૫૯૫ ૭૦૫૩૦
બાકરઅલી મો. ૦૯૭૨૬૦ ૬૮૬૮૩
શબ્બીરઅલી મો. ૦૯૮૨૦૮ ૬૫૪૨૯

મારવેલ જ્વેલર્સ
હોલમાર્ક

સોના ચાંદી તેમજ ઓરીજનલ હીરાના ફેન્સી દાગીના
બનાવનાર તેમજ વેચનાર

આપણા માટે સોના-ચાંદી ના દાગીના ખરીદવાનું
ભરોસા પાત્ર સ્થળ એટલે મારવેલ જ્વેલર્સ

દુકાન નં. ૭, પહેલો માળ ચમન કોમ્પલેક્ષ, ક્રોસરોડ હોટલ ની પાછળ,
કાકોશી ચાર રસ્તા, સિધ્ધપુર -૩૮૪૧૫૧
ડીવાઈન ગ્રેસ ના સૌજન્યથી .

હાર્ટીમાર્ટ આપને જણાવતા આનંદ અનુભવે છે કે
આપના પ્રોત્સાહન અને માર્ગદર્શન થી દર વર્ષે ની જેમ આ વર્ષે પણ
શેફ કા કમાલ - કુકીંગ કોમ્પીટીશન III

Chef ka Kamaal 2015
Swad ka RangManch

નું આયોજન કરી રહ્યા છીએ. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદેશ આપના શેફના ઉત્સાહમાં વધારો કરવો, તેમને અવનવી ફુડ ટેકનીક વિશે માહીતગાર કરવા તેમજ આપણા સંબંધોને વધુ બહેતરીન બનાવવા તથા ફુડ એક્સપર્ટ અને નિષ્ણાંતોના માર્ગદર્શન દ્વારા આપણા ધંધાને વધુ માં વધુ વિકસીત કેવી રીતે કરી શકાય તેવો છે.

**VENUE :** Club O7, Bopal, Ahmedabad.
**TIME :** Chefs Entry First Round @ 1:30 p.m.
Owner and Manager Entry @ 5:30 p.m.

**For Registration**
9712981429

હાર્ટી માર્ટ

**For Pass Inquiry**
9998168132

# રહમતુલ્લિલ આલમીન

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

આપણા વહાલા પયગમ્બર (સ.)ની પ્રશંસામાં કુરઆને પાક ફરમાવે છે કે આપ (અ.)ને આલમીન માટે રહમત બનાવીને મોકલવામાં આવ્યા છે.

(સૂરા અંબિયા, આયત–૧૦૭)

وَمَآ أَرْسَلْنَٰكَ إِلَّا رَحْمَةً لِّلْعَٰلَمِينَ ﴿١٠٧﴾

આનાથી એ બાબત સ્પષ્ટ થઈ જાય છે કે અલ્લાહની રહમત ફક્ત ત્યારે જ વરસે છે કે જ્યારે રસૂલલ્લાહ (સ.) ઈચ્છે છે. દરેક ઈસ્લામી ફિરકો એવું માને છે કે આપ (અ.)ની રહમત ભરેલી શફાઅત દ્વારા જ કોઈ પણ માણસ આખેરતમાં નજાત મેળવશે. પોતાના સૌથી વધારે માનવંતા સર્જનને જમીન ઉપર મોકલ્યા પછી અને તેમને બન્ને આલમો માટે રહમત બનાવ્યા પછી અલ્લાહ (સુ.વ.ત.)એ પોતાની મખ્લૂકને સજા કરવા માટે જહન્નમને શા માટે બનાવી ? આની સંભવિત સમજૂતી એ છે કે **કોઈ એવો ગુનો હોવો જ જોઈએ કે જેને જો આચરવામાં આવે તો કોઈને તે અલ્લાહની રહમતના દાયરાની બહાર લઈ જશે અને તેને જહન્નમની આગમાં નાખી દેશે.**

મારા ઉપરના મુદ્દાને વધારે સારી રીતે સમજાવવાના હેતુથી મને એક ઉદાહરણની મદદ લેવા દો. બે મિત્રો છે, ધારી લો કે એકનું નામ A છે અને બીજાનું B છે. **<u>A કોઈ કિંમતી વસ્તુ B ને ભેટ તરીકે આપે છે,</u>** પરંતુ B ન તો Aની ભેટનું સન્માન કરે છે કે ન તેની લાગણીનું. A શું વિચારશે B વિષે ? તે કદાચ એવું વિચારશે કે **<u>B કોઈ પણ જાતની મહેરબાની કરવા માટે નાશુક્રો અને અયોગ્ય માણસ છે.</u>**

➞ આ લેખ દ્વારા **<u>ઈલાહી નેઅમતો અને અલ્લાહ (સુ.વ.ત.)એ આપણને આપેલી બક્ષિસોને</u>** શોધવા માટે ચાલો, આપણે સફર કરીએ. આ બધી બક્ષિસોનું સન્માન જાળવીને આપણે આપણી જાતને પયગમ્બરે પાક (સ.)ની દયાપૂર્ણ શફાઅત માટે અને આખેરતમાં નજાત મેળવવા માટે લાયક બનાવીશું. અને આ બધાની અવગણના કરીને, અને તેમનું સન્માન ન કરીને, આપણે આપણી જાતને નાશુક્રી બનાવીશું, અને જહન્નમની આગ તરફ દોરી જઈશું. તેથી આપણે આ સફરની શરૂઆત કરીએ.

આપણા વહાલા પયગમ્બર (સ.) જ એક માત્ર પયગમ્બર હતા કે જેમને 'મેઅરાજ'નું – ક્ષિતિજના સૌથી ઊંચેરા ભાગ સુધી ઊંચે જવાનું – સન્માન પ્રાપ્ત થયું હતું, કે જ્યાં ન તો કોઈ પયગમ્બર કે ન તો કોઈ ફરિશ્તો કદી પહોંચ્યો હતો. આ બાબત અલ્લાહ (સુ.વ.ત.) સાથેની આપ (સ.)ની કુર્બત (નિકટતા) બતાવે છે અને તેથી જ તો આપ (સ.) ને 'હબીબે ખુદા' તરીકે સંબોધવામાં આવ્યા છે. મેઅરાજ દરમિયાન સૌથી ઊંચી ક્ષિતિજ તરફની આપ (સ.)ની મુસાફરીનું વર્ણન કરતી સૂરા નજમની થોડીક આયતો આપણે જોઈશું :

- "અને તે હાલતમાં કે **તે ઉફકે આલા પર છે.**

પછી નજીક થઈ અને આગળ વધ્યા. પછી બે કમાનો જેટલું અંતર રહી ગયું બલ્કે, એનાથી પણ નજીક હતા. અલ્લાહે પોતાના બંદા **તરફ જે વહી મોકલી તે મોકલી.**''

(સૂરા નજમ, આયત–૭ થી ૧૦)

જ્યારે પયગમ્બરે પાક (સ.) ક્ષિતિજના સૌથી ઊંચા ભાગમાં પહોંચ્યા ત્યારે તો કોઈ પણ ન હતું કે જે આપ (સ.)નો સંગાથ કરે. **જિબ્રઈલ (અ.) જેવા મહાન ફરિશ્તા પણ** પોતાની મર્યાદાઓને સમજી જઈને **સિદ્રતુલ મુન્તહાથી આગળ વધી ન શકયા.** ફરીથી દોહરાવવાની જરૂર નથી કે કુરઆનની આયતો જિબ્રઈલ (અ.) દ્વારા પયગમ્બરે પાક (સ.) ઉપર નાઝિલ થઈ હતી, અને કુરઆને પણ સૂરા શૂરા (આયત–૧૯૨ થી ૧૯૫)માં આનું સમર્થન આપ્યું છે, પરંતુ ઉપર જણાવેલી આયતોમાંથી આયત નં.૧૦ એવો ઉલ્લેખ કરે છે કે **અલ્લાહ (સુ.વ.ત.) એ પયગમ્બર (સ.) તરફ વહી મોકલી તે મોકલી,** આ એ બાબત બતાવે છે કે **અલ્લાહ (સુ.વ.ત.)એ કેટલીક વહીઓ રસૂલલ્લાહ (સ.)ને સૌથી ઊંચેરી ક્ષિતિજ પર જિબ્રઈલ (અ.)ની ગેરહાજરીમાં કરી હતી.**

ફૈઝુલ કાશાની, પોતાની પ્રખ્યાત કિતાબ, કશફુલ ઘૂમ્મામાં હઝરત ઉમર તરફથી એક રિવાયત બયાન કરે છે કે જ્યારે પયગમ્બર (સ.)ને એવું પૂછવામાં આવ્યું કે મેઅરાજ દરમિયાન અલ્લાહ (સુ.વ.ત.)એ કોના સ્વરમાં આપની સાથે વાતો કરી? તો નબીજીએ ફરમાવ્યું,

''**મારા રબે મારી સાથે અલી ઈબ્ને અબીતાલિબના સ્વરમાં વાતો કરી** અને ફરમાવ્યું, ''અય અહમદ ! હું એવો છું કે જે બીજા કોઈના જેવો નથી. મને કોઈની પણ સાથે સરખાવી શકાતો નથી અને હું તારા દિલનાં બધાં જ રહસ્યોને જાણું છું. **અલી ઈબ્ને અબીતાલિબના અપવાદ સિવાય, તારો કોઈ નજીકનો દોસ્ત નથી.** તેથી, **હું તારી સાથે અલી ઈબ્ને અબીતાલિબના સ્વરમાં વાતો કરું છું. જેથી તારું દિલ રાહત અનુભવશે.**''

**આ રીતે પયગમ્બર (સ.)એ મેઅરાજમાં જે રાઝની વાતો જાણી તે બધી મૌલા અલી (અ.)ના લહેઝામાં હતી.**

મેઅરાજ પયગમ્બરે પાક (સ.)નો સૌથી મહત્ત્વનો બનાવ અને પયગમ્બરીનું સર્વોચ્ચ બિંદુ હતું, તેથી જે કંઈ **અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)ની સમક્ષ મેઅરાજ વખતે પ્રગટ કર્યું, તે તેમની પયગમ્બરી (નબુવ્વત)નું સૌથી અગત્યનું રહસ્ય હોવું જ જોઈએ.**

ઉપરની સમજૂતીને તર્ક દ્વારા વધારે મજબૂત બનાવવા માટે, ચાલો આપણે સૂરા માએદાની નીચેની આયતો તરફ નજર કરીએ :

● ''અય રસૂલ ! **જે હુકમ તમારા પરવરદિગાર તરફથી તમારા ઉપર નાઝિલ કરવામાં આવ્યો છે તેને પહોંચાડી દો** અને જો તમે એવું ન કર્યું તો સમજી લેજો કે **તમે તેનો કોઈ પયગામ પહોંચાડ્યો જ નથી** અને તમે ડરો નહીં, અલ્લાહ તમને લોકોના શરથી સુરક્ષિત રાખશે અને અલ્લાહ હરગિઝ કાફિરોની કોમને મંઝિલે મકસૂદ (નિર્ધારિત સ્થળ) સુધી નથી પહોંચાડતો. (સૂરા માએદા, આયત–૬૭)

આ આયત ગદીરે ખુમમાં નાઝિલ થઈ હતી જ્યારે કે રસૂલે પાક (સ.) પોતાની છેલ્લી હજથી પાછા ફરી રહ્યા હતા.

(સંદર્ભ : તફસીરે કબીર અઝ ફખ્રુદ્દીન મોહંમદ

બિન ઉમર અર્રઝી (૧૩૫૭/૧૯૩૮) ઉમ્દતુલ કારી ફી શેર્હ સહીહ બુખારી–અઝ અલ ઐની, તફસીરુલ નિસાબુરી, જિલ્દ–૬, પેજ–૧૯૪)

આ આયત પયગમ્બરે પાક (સ.)ને એ બાબત પહોંચાડવાનો હુકમ કરે છે કે **<u>જે અલ્લાહે તેમને જણાવી દીધી હતી</u>. આખાય કુરઆનમાં આના જેવી આયત ભાગ્યે જ છે કે જેમાં હુકમ સાથેનો કોઈ પયગામ આવેલો ન હોય.**

ઉદાહરણ તરીકે, જો આપણે સૂરાએ શૂરાની આયત જોઈએ કે જે કહે છે, **"કહી દો : હું મારા કરાબતદારોની મોહબ્બત સિવાય તમારી પાસે બીજો કોઈ બદલો માગતો નથી,"** આમાં બે ભાગ છે, "કહી દો..." તે કહી દેવાનો હુકમ છે અને "હું મારા...' તેની સાથે જોડાયેલો પયગામ છે.

આવી જ રીતે સૂરા રઅદની આયત કહે છે, **"કહી દો : મારા અને તમારા વચ્ચે તેના સાક્ષી તરીકે અલ્લાહ કાફી છે, અને જે કોઈની પાસે કિતાબનું ઈલ્મ હોય."** અહીં ફરીથી "કહી દો..." હુકમ છે કહી દેવાનો. અને બાકીનો છે એ પયગામ કે જે પહોંચાડવાનો છે.

જ્યારે ઉપર જણાવેલી સૂરા માએદાની આયત જુદા પ્રકારની છે. કદાચ આપણને એવું વિચારવાનું અને મનનમંથન કરવાનું ગમે કે સૂરા માએદાની આયત શા માટે ઉપરની આયતોની માફક સ્પષ્ટ પયગામની સાથે જોડાયેલી નાઝિલ થઈ નથી ? ઉદાહરણ તરીકે, આવા સ્વરૂપમાં : **<u>"કહી દો : હું જેનો મૌલા છું તેના આ અલી મૌલા છે."</u>**

આના માટેનું એક માત્ર સ્પષ્ટીકરણ એ છે કે **આ પયગામ પયગમ્બરે પાક (સ.)ને અગાઉથી જ આપી દેવામાં આવ્યો હતો.** અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા આ પયગામને રસૂલે પાક (સ.)ને કયારે પહોંચાડવામાં આવ્યો હતો ?

સૂરા નજમની આયતો તેમજ આપણે જે સંદર્ભ જોયો તેણે સ્પષ્ટ કરી દીધું છે કે અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.) સાથે સીધે સીધી વાત મેઅરાજ દરમિયાન જિબ્રઈલ (અ.)ની ગેરહાજરીમાં કરી દીધી હતી. તેથી એ બાબતનું અનુમાન કરવું તર્કબધ્ધ લાગે છે કે **<u>'મન કુન્તો મૌલાહો ફ હાઝા અલીય્યુન મૌલા'નો પયગામ અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા રસૂલે પાક (સ.)ને પહોંચાડી દેવામાં આવ્યો હતો મેઅરાજ વખતે કે જ્યારે તેમના બન્નેની વચ્ચે કોઈ ન હતું, જિબ્રઈલ (અ.) પણ નહીં. તેથી જિબ્રઈલ (અ.)એ આવા સ્વરૂપમાં પયગામ નાઝિલ કર્યો.</u>**

આ મુદ્દાને વધુમાં બે પ્રસંગોની સરખામણી દ્વારા સમજાવી શકાય તેમ છે. **મેઅરાજ** આપણા વહાલા પયગમ્બર (સ.)ની **નબુવ્વતનો સૌથી અગત્યનો બનાવ હતો,** જ્યારે આ પયગામ નાઝિલ થવાની ક્રિયા સૌથી અગત્યની હતી, જેમકે આ આયત સમર્થન આપે છે કે **<u>જો આ પયગામને પહોંચાડવામાં ન આવ્યો હોત તો પછી તે જાણે એવો હતો કે અલ્લાહ (સુ.વ.ત.)નો કોઈ પયગામ રસૂલે પાક (સ.) દ્વારા પહોંચાડવામાં આવ્યો જ નથી.</u>** તેથી આ **<u>સૌથી અગત્યનો પયગામ</u>** હોઈને **<u>અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.)ને વ્યક્તિગત રીતે મળવા માટે મેઅરાજના સૌથી અગત્યના પ્રસંગને પસંદ કર્યો.</u>**

અને જ્યારે પયગમ્બરે પાક (સ.)એ ગદીરે ખુમમાં અલ્લાહના હુકમ મુજબ **"<u>મન કુન્તો મૌલાહો</u> ફહાઝા અલીય્યુન મૌલા"**નો પયગામ

પહોંચાડી દીધો ત્યારે નીચેની આયતને નાઝિલ કરવામાં આવી :

● **"આજે મેં તમારા દીનને સંપૂર્ણ કરી દીધો** અને તમારા ઉપર **મારી નેઅમતોને પૂરી કરી દીધી** અને તમારા આ દીને ઈસ્લામને પસંદ કર્યો.

(સૂરા માએદા, આયત–૩)

આ આયત નાઝિલ થઈ તેના ઉપર તફસીર કરતાં મોટા ભાગના તફસીરકારોએ એકમતે કહ્યું છે કે તે આયત રસૂલે પાક (સ.)એ **'મન કુન્તો મૌલાહો...'**ની જાહેરાત હઝરત અલી (અ.)નો હાથ પકડીને, અને ગદીરે ખુમમાં ભેગા થયેલા લોકો તરફ ઈશારો કરીને ત્યાર પછી નાઝિલ કરવામાં આવી.

(સંદર્ભ : દુર્રે મન્સૂર, જલાલુદ્દીન સુયુતિ, જિલ્દ–૩, પેજ–૧૯, ખતિબ અલ બગદાદીની તારીખ, જિલ્દ–૮, પેજ–૨૯૦, ૫૯૬, યનાબેઉલ મોવદ્દત, અબૂ હુરૈરા દ્વારા અલ કંદૂઝી અલ હનફી)

પયગમ્બરે પાક (સ.)એ વધુમાં નીચેની હદીસમાં ફરમાવ્યું છે કે :

● "અલ્લાહ મહાન છે દીનની સંપૂર્ણતા ઉપર, **નેઅમતોની સંપૂર્ણતા ઉપર, અને મારી નબુવ્વતથી અને અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ની મારા પછી મૌલા હોવાની બાબત પર અલ્લાહને થયેલા સંતોષ પર."**

(સંદર્ભ : તિરમીઝી, નિસાઈ, હાકિમ નેશાપુરી, અહમદે હમ્બલ, તબરી)

આ રીતે મન કુન્તો મૌલાહો...નો પયગામ પહોંચાડતાંની સાથે જ **અલ્લાહ (સુ.વ.ત.)ની બધી જ નેઅમતો અને બક્ષિસો આપણા ઉપર પૂરી થઈ ગઈ.**

**પયગમ્બરે પાક (સ.) આલમીનના માટે રહેમત (રહમતુલ્લિલ આલમીન) છે.** મૌલા અલી (અ.)ની ઈમામ તરીકે નિમણૂંક થતાં જ અલ્લાહ (સુ.વ.ત.) ની બધી જ નેઅમતો આપણા ઉપર પૂરી થઈ ગઈ. તેથી આપણે કહી શકીએ કે **મૌલા અલી (અ.) અને પયગમ્બરે પાક (સ.)ના વંશમાંથી ઉતરી આવેલા બાકીના ૧૧ ઈમામો અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા આપણને આપવામાં આવેલી સંપૂર્ણ નેઅમતો છે.**

જ્યારે જ્યારે આપણે કોઈકને કોઈ ભેટ આપવાનું નક્કી કરીએ છીએ ત્યારે આપણે ખાત્રી કરીએ છીએ કે તે કોઈ પણ પ્રકારની ખામી વગરની હોય શકય રીતે સર્વોત્તમ હોય. જ્યારે આપણે કોઈને આપણી ભલાઈઓ પહોંચાડવાની ઈચ્છા કરીએ છીએ ત્યારે તે સૌથી સારી હોય તેની કાળજી રાખીએ છીએ, અને આપણા પ્રયત્નોમાં આપણે પ્રમાણિક હોઈએ છીએ. એવી જ રીતે **અલ્લાહ (સુ.વ.ત.) કે જેણે પયગમ્બર (સ.)ની આલને આપણા ઉપરની સંપૂર્ણ નેઅમત તરીકે સર્જન કર્યું** તો તેણે ખાતરી કરી લીધી હતી કે આ નેઅમત કોઈ જાતની ખામી વગરની અને તેનાં સંપૂર્ણ સર્જનોમાંથી હોય. અને નીચેની આયતમાં તે તેનું સમર્થન કરે છે :

● "**અય પયગમ્બરના અહલેબૈત !** અલ્લાહ તો બસ એ જ ઈચ્છે છે કે **તમને દરેક પ્રકારની બૂરાઈથી દૂર રાખે** અને એટલાં **પાક રાખે કે જેટલો પાક રાખવાનો હક છે.**" (સૂરા અહઝાબ, આયત–૩૩)

આ રીતે એ તો **અલ્લાહની જ ઈચ્છા છે કે અહલેબૈત** દરેક પ્રકારની ગંદકીથી **પાકોપાકીઝા રહે** અને તેથી જ તો **તે બધા ઉપરની આયત મુજબ માઅસૂમ છે.**

(સંદર્ભ : તફસીરે દુર્રે મન્સૂર, મુલ્લા જલાલુદ્દીન સુયુતિ, જિલ્દ–૫, પેજ–૧૯૮–૧૯૯)

→ અલ્લાહ (સુ.વ.ત.)એ પયગમ્બરે પાક (સ.) ને આલમીન માટે રહમત તરીકે પેદા કર્યા છે. તેણે ગુનેગારોને સજા કરવા માટે જહન્નમને પેદા કરી છે, પરંતુ આ સંપૂર્ણ નેઅમતને – પયગમ્બરે પાક (સ.) ની અહલેબૈતને પેદા કરીને – તેણે આપણા માટે નજાતના દરવાજા ખોલી નાખ્યા છે. પયગમ્બર (સ.) ની દયાપૂર્ણ શફાઅત માટે લાયક બનવા **આપણને જરૂર છે અલ્લાહની આ નેઅમતોનું સન્માન કરવાની અને તેમની સાથે મોહબ્બત કરવાની.**

આપણે આ લેખની શરૂઆતના વિભાગમાં A અને B નામના મિત્રોના ઉદાહરણથી શરૂઆત કરી હતી. અનુમાન કરીને આપણે એવી પણ ચર્ચા કરી હતી કે જો A દ્વારા આપવામાં આવેલ ભેટનો B અસ્વીકાર કરે તો A ને કદાચ આ વર્તન માફ કરી ન શકાય તેવું લાગે અને કદાચ તેની સાથેના બધા સંબંધો કાપી નાખે. આ ઉદાહરણની રોશનીમાં ચાલો આપણે એની ચર્ચા કરીએ કે કોઈ માણસ, સર્વશકિતમાન અલ્લાહ દ્વારા આપણને આપવામાં આવેલ નેઅમતોનું અપમાન કરે તો શું થાય ? શું કુરઆનમાં આપણને આવા કોઈ પ્રસંગનો ઉલ્લેખ મેળવી શકીએ તેમ છીએ ?

નીચે આપેલ છે સૂરા મેઅરાજની આયતો :

● **"એક માગવાવાળાએ કાફિરો માટે થઈને રહેવાવાળા અઝાબની માગણી કરી કે જેને કોઈ ટાળી શકતું નથી કે જે દરજ્જાવાળા અલ્લાહ તરફથી (થવાવાળો) હતો."**

(સૂરા મેઅરાજ, આયત–૧ થી ૩)

ઉપરની આ આયત નાઝિલ થવાની બાબતમાં તફસીર કરતાં સઅ્લા'બી પોતાની તફસીરમાં લખે છે કે ઈલાહી આજ્ઞા અનુસાર પયગમ્બરે પાક (સ.) દ્વારા મૌલા અલી (અ.)ની મૌલા અને વલી તરીકે નિમણૂંક થઈ તેના સમાચાર દરેક જગ્યાએ ફેલાઈ ગયા.

**હારિસ બિન નોઅમાન ફેહરી** નામનો એક માણસ રસૂલે પાક (સ.)ની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "તમે અમને બે ગવાહીઓ (અલ્લાહ એક હોવાની અને નબુવ્વતની) આપવાનું કહ્યું, તો અમે ગવાહીઓ આપી. તમોએ નમાઝ, ઝકાત અને હજ અમારા ઉપર વાજિબ કરી, તો અમે તેનો સ્વીકાર કરી દીધો. **હવે તમે તમારા પિત્રાઈ ભાઈ (અલી)ને મૌલા તરીકે** એવી જાહેરાત કરીને કે **"જેનો હું મૌલા છું તેના આ અલી મૌલા છે"** નિમણૂંક કરવાનો ઈરાદો ધરાવો છો. શું આ જાહેરાત તમારા તરફથી છે કે પછી ઈલાહી આજ્ઞા છે ?" રસૂલલ્લાહ (સ.) એ જવાબમાં ફરમાવ્યું,

**"હું એ અલ્લાહના સોગંદ ખાઈને કહું છું કે જેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, આ આજ્ઞા બેશક અલ્લાહ તરફથી છે."**

આ સાંભળીને, હારિસ ઊભો થઈ ગયો અને પોતાના ઊંટ તરફ જતાં જતાં બબડવા લાગ્યો, **"યા અલ્લાહ ! જો આ હુકમ તારા તરફથી હોય તો મારા ઉપર પથ્થરનો વરસાદ વરસાવીને મને સજા કર."** તેણે ભાગ્યે જ આ વાકય પૂરું કર્યું હશે **તેવામાં એક પથ્થર આકાશમાંથી તેના ઉપર પડ્યો અને તેને ચગદીને મારી નાખ્યો**. આવા અદ્લ ઉપર કુરઆનની આયત નાઝિલ થઈ : **"એક માગનારાએ**

**તેના ઉપર અઝાબ થાય તેવી માગણી કરી."**

(સંદર્ભ : તફસીરિ સલા'બી)

**હારિસે ઉધ્ધતાઈપૂર્વક ઈલાહી આજ્ઞાની સામે પ્રશ્ન ઉઠાવ્યો,** અને અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા **તેને આપવામાં આવેલ નેઅમતનો – મૌલા અલી (અ.) નો – રસૂલ (સ.)ના જાનશીન અને "વસી" તેમજ તેમના પછી પહેલા ઈમામ તરીકે હોવાનો ઈન્કાર કરીને, પ્રશ્ન ઉઠાવ્યો.** આ રીતે અલ્લાહ (સુ.વ.ત.) એ તેને પોતાની રહમતથી વંચિત કરી દીધો અને 'આલમીન માટે રહમત' એવા રસૂલે પાક (સ.)ની હાજરીમાં જ તેને સજા કરી દીધી.

**<u>આ રીતે સ્પષ્ટ કરી દીધું કે રસૂલે પાક (સ.) ની રહમત ભરેલી શફાઅત એમના માટે નથી કે જેઓ અલ્લાહની નેઅમતનો – રસૂલલ્લાહ (સ.) ની આલનો અને તેમના પછી થનારા ઈમામોનો – ઈન્કાર કરે છે.</u>**

હારિસ ઈબ્ને નોઅમાન ફેહરીને અલ્લાહની નેઅમતોનો ઈન્કાર કરવા બદલ સજા કરવામાં આવી. ચાલો, હવે આપણે એ જોઈએ કે અલ્લાહ દ્વારા આપવામાં આવેલ નેઅમતોનો સ્વીકાર કરી લેવાથી કોની સજા રદ થઈ જાય છે ?

● "પછી આદમે પોતાના પરવરદિગાર પાસેથી **<u>(મઝેરાતના કેટલાક શબ્દો શીખ્યા)</u>** તેથી અલ્લાહે તે શબ્દોની બરકતથી આદમની **<u>તોબા કબૂલ કરી દીધી</u>**, બેશક તે મોટો માફ કરવાવાળો મહેરબાન છે." (સૂરા બકરા, આયત–૩૭)

તફસીરકારો અને ઈસ્લામી આલિમો એ બાબત પર સહમત છે કે **(ઉપરની આયતમાં દર્શાવેલા) મુબારક શબ્દો** કે જેમના દ્વારા આદમ (અ.)ને માફ કરી દેવાયા હતા તે **<u>પંજેતન પાક (અ.) નાં નામ હતાં</u>** એટલે કે **<u>મોહંમદ (સ.), અલી (અ.), ફાતેમા (અ.), હસન (અ.) અને હુસૈન (અ.)</u>**.

(સંદર્ભ : દુર્રે મન્સૂર, સુયુતિ, જિલ્દ–૧, પેજ–૧૬)

અલ્લાહ (સુ.વ.ત.)એ આદમ (અ.)ને ત્યારે જ માફ કરી દીધા કે જ્યારે તેમણે પંજેતન પાક (અ.)ના વાસ્તાથી તેની આગળ દુઆ માગી હતી. આ રીતે આદમ (અ.)એ કરેલા પંજેતન પાક (અ.) ની અઝમતના સ્વીકારના લીધે જ અલ્લાહના તેમના પ્રત્યેના વલણમાં ફેરફાર થયો હતો અને જેમ કે આયત સમર્થન આપે છે – **<u>"અલ્લાહે રહમતની નજરે આદમ (અ.) તરફ જોયું."</u>**

આ લેખથી એવું તારણ કાઢી શકાય કે **<u>આપણા વહાલા પયગમ્બર (સ.)ની રહમતસભર શફાઅત માત્ર એવા લોકોને જ ફાયદો પહોંચાડશે કે જેમણે તેમની આલ સાથે મોહબ્બત રાખી હોય અને તેમનું સન્માન કર્યું હોય.</u>** આ નિચોડને ટેકો આપે છે રસૂલે પાક (સ.)ની નીચેની હદીસ :

**"મારી શફાઅત મારી ઉમ્મતના એવા લોકોને જ ફાયદો પહોંચાડશે કે જેઓ મારા અહલેબૈત સાથે મોહબ્બત ધરાવતા હોય." – પયગમ્બર મોહંમદ (સ.)**

(સંદર્ભ : કન્ઝુલ અમ્માલ, હદીસ નં. ૩૯૦૫૭)

→ તેથી ચાલો આપણે કે જેઓ આખેરતમાં પયગમ્બરે પાક (સ.)ની શફાઅતના તલબગાર છીએ અને નજાતની ઝંખના રાખનારા છીએ તેઓ સૂરાએ શૂરા (૪૨:૨૩)ની નીચેની આયતને યાદ રાખીએ અને ભેગા થઈને તેની તિલાવત કરીએ :

قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى

# અચૂક કબૂલ થતી દુઆઓ

સંકલન : જનાબ સૈયદ ઓવેસએહમદ જાફરી સાહેબ

હમ્દ અલ્લાહ માટે છે, જેણે રાત્રિને પોષાક અને આરામ ખાતર નિદ્રા લેવાના સમય તરીકે બનાવી અને દિવસને તેણે જાગતા રહેવા માટે બનાવ્યો.

અય અલ્લાહ ! હમ્દ તારા માટે છે, કારણ કે તેં મને ઊંઘમાંથી જગાડ્યો છે, અને જો તેં એવું ઈચ્છ્યું હોત તો તેં તેને કાયમી બનાવી હોત.

અય અલ્લાહ ! હમ્દ તારા માટે છે, કારણ કે તેં ખલકત કરી છે, વ્યવસ્થા કરી છે, મોત આપ્યું છે, અને જીવન પ્રદાન કર્યું છે, તથા માંદગી અને તંદુરસ્તી આપી છે.

હું તારાથી દુઆ માગું છું. આ એવા વ્યકિતની દુઆ છે કે જેનો વસીલો નબળો છે, જેની તારી રહેમત માટેની મોહતાજી અત્યંત પ્રબળ છે, બેદરકારી માટે જેનો પશ્ચાતાપ અધિક છે, જેની અજાણતામાં કરેલી ભૂલો અધિક છે, અને જે નિખાલસતાથી તારા તરફ પ્રાયશ્ચિત કરે છે.

તેથી મોહંમદ (સ.) અને તેમની પાક આલ પર દુરૂદ મોકલ અને મને મોહંમદ (સ.)ની શફાઅતમાં જગ્યા આપ અને તેમનાથી મને દૂર ન કર. તું જ સઘળા દયાળુઓમાં સૌથી વધારે દયાળુ છે.

અય અલ્લાહ ! બુધવારના દિવસે મને ચાર બાબતો એનાયત કર : મને તારી ફરમાબરદારી માટે તાકાત આપ, તારી ઈબાદતોમાં મને આનંદિત રહેવાની તોફીક આપ, તારા તરફના બદલાની મારામાં પ્રબળ ઈચ્છા પેદા કર અને એવા કામોથી મને સુરક્ષિત રાખજે કે જેના કરવાથી દર્દનાક સજા મારા માટે આવશ્યક બની જાય.

ઉપરોક્ત ફકરાઓ ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની બુધવારની દુઆમાંથી લેવામાં આવ્યા છે. આ દુઆમાં અલ્લાહ પાસેથી ઈમાનની મજબૂતી કેવી રીતે માગવી તે બાબતની હિદાયત સમાયેલી છે.

અલ્લાહ કુરઆનમાં કહે છે,

اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّ خُفْيَةً ط اِنَّهٗ لَا يُحِبُّ
الْمُعْتَدِيْنَ ﴿٥٥﴾

"તમારા માલિક પાસે આજીજીપૂર્વક અને છૂપી રીતે દુઆઓ માગો. અને તે હદ વટાવનારને પસંદ કરતો નથી." (સૂરા એઅ્રાફ, આયત–૮૫)

وَاِذَا سَاَلَكَ عِبَادِیْ عَنِّیْ فَاِنِّیْ قَرِيْبٌ ط اُجِيْبُ
دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ... ﴿١٨٦﴾

"જ્યારે મારા બંદાઓ તમને મારા વિષે પૂછે, (ત્યારે તેમને કહો) હું ખરેખર તેમની અત્યંત નજીક છું. જ્યારે દુઆ માગનાર મને પોકારે છે ત્યારે હું તેની દુઆ કબૂલ કરુ છું..."

(સૂરા બકરા, આયત–૧૮૬)

રસૂલલ્લાહ (સ.)એ કહ્યું છે :

"દુઆ મોમિનનું હથિયાર છે, અને દીનનું કેન્દ્રબિંદુ છે, અને આસમાનો અને જમીનનું નૂર છે."

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ આ હદીસને અક્ષરસ: સાર્થક સાબિત કરી છે. તેમણે મોમિનોને ઈમાન વડે દુ:ખો અને તકલીફો સામે કેવી રીતે અડગ રહેવું તેનું શિક્ષણ આપ્યું છે, અને નૂરના

દરવાજા તેમના માટે ખોલી નાખ્યા છે.

જ્યારે ઈમામ અલી (અ.)ને પૂછવામાં આવ્યું કે અલ્લાહને કયા શબ્દો સૌથી વધારે ગમે છે ? ત્યારે તેમણે જવાબમાં કહ્યું,

"પુષ્કળ પ્રમાણમાં ઝિક્ર (અલ્લાહની હમ્દ) અને દુઆ."

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ આ કથનને અમલમાં મૂકીને ન ફક્ત પોતાના સમયના, બલ્કે તેમના પછી આવનાર પેઢીઓના લોકોને પણ સાચા ઝિક્રનું મહત્ત્વ સમજાવ્યું છે.

ઈમામ હુસૈન (અ.)એ બયાન કર્યું છે,

"રસૂલલ્લાહ (સ.) દુઆઓ અને અલ્લાહને આજીજી કરતી વખતે અલ્લાહની સમક્ષ એવી રીતે હાથ ફેલાવતા જાણે કે એક દુ:ખી માણસ ખાવાનું માગવા માટે હાથ ફેલાવે છે."

ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)એ આ હેતુ માટે યોગ્ય શબ્દો એનાયત કર્યા છે. આ જ કારણે ઈમામે સૂચવેલી દુઆઓની કિતાબ 'સહીફ એ કામેલા' વિશ્વભરમાં પ્રખ્યાત છે, અને દુનિયાની મુખ્ય ભાષાઓમાં તેનો અનુવાદ થયેલો છે.

ઉપરોક્ત હકીકતોથી આપણને જોવા મળે છે કે અલ્લાહ તરફથી નિમાયેલા રસૂલ (સ.)ના બરહક વારસદારો એટલે કે માઅસૂમ ઈમામો પાસેથી જ દીનની સાચી હિદાયત મળે છે. રસૂલ (સ.)ની આધારભૂત હદીસ છે,

"મારી અહલેબૈત નૂહની કશ્તી સમાન છે જે આ કશ્તીમાં સવાર થયો તે પાર ઉતરશે અને જે આ કશ્તિને તરછોડશે તે ડૂબશે."

માટે નજાત માટે અહલેબૈત, કે જેમની શાનમાં તત્હીર (સૂરા અહઝાબ, આયત–૩૩)

إِنَّمَا يُرِيدُ ٱللَّهُ لِيُذْهِبَ عَنكُمُ ٱلرِّجْسَ أَهْلَ ٱلْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيرًا ﴿٣٣﴾

*(અય અહલેબૈત ! સિવાય તેના કાંઈ જ નથી કે અલ્લાહ ચાહે છે કે તમારાથી દરેક પ્રકારની અપવિત્રતા દૂર કરી દે અને તમને સંપૂર્ણ રીતે પાક પવિત્ર કરી દે.)* ની આયત નાઝિલ થયેલ છે, તેમની અવગણના કરવી આપણા હિતમાં નથી.

### ગડમથલ નં.૨૬૭નો ઉકેલ

**આડી ચાવીઓ :** (૧) મોતબર (૩) વહ્શત (૬) રકીમ (૮) મત (૯) સિલક (૧૧) કરમ (૧૩) નઅત (૧૪) દુમ (૧૬) મુરઝાના (૧૮) તીર (૧૯) ઈતરત (૨૧) નસબ (૨૩) ગહ્ના (૨૫) બીદ્અત (૨૬) અસા (૨૮) હરામ (૩૦) તદ્બીર (૩૧) ઝાડૂ (૩૨) સદા (૩૪) ગીલા (૩૫) યાર (૩૬) સફર **ઊભી ચાવીઓ:** (૧) મોહસિન (૨) બરકત (૪) હરમ (૫) તમન્ના (૭) મકદુર (૧૦) લઅનત (૧૨) રમઝાન (૧૫) હરકત (૧૬) મુતહ્હર (૧૭) નાસબી (૧૯) ઈતાઅત (૨૦) રગ (૨૨) બદ્દુ (૨૭) સાદગી (૨૯) મઝાર (૩૨) સફ (૩૩) દાર


આબિદઅલી મુખી ૯૯૭૯૦૮૮૦૧૮
દુકાન ૯૦૩૩૧૨૭૪૦

**યાદગાર હોઝીયરી**

નાઈટી, ટી–શર્ટ, કેપરી, હાથ રૂમાલ, બનીયાન, અંડરવેર, ગમછા, સોલાપુરી ચાદર, લુંગી, પગમોજા હોલસેલ ભાવે મળશે.

**જુમ્આ મસ્જિદની સામે, બગડીયા માર્કેટ, પહેલા માળે, સન્માન હોટલની બાજુમાં, ગાંધી રોડ (ફુવારા), અમદાવાદ–૩૮૦૦૦૧**

# કરબલા - માનવજાત માટે એક સબક

"The tyrant dies and his rule ends, the martyr dies and his rule begins."

*(જાલિમ મૃત્યુ પામે છે તેની સાથે જ તેનું શાસન સમાપ્ત થઈ જાય છે, શહીદ મૃત્યુ પામે છે તેની સાથે જ તેના શાસનની શરૂઆત થઈ જાય છે.)*

- સોરેન કિર્કગાર્ડ

સિરાતે મુસ્તકીમ અથવા તો સત્યનો માર્ગ મુસાફર માટે હંમેશાં સૌથી મુશ્કેલ માર્ગ હોય છે, પરંતુ એ માર્ગ એવો હોય છે કે જે સૌથી વધારે વળતર આપતો હોય છે. તેથી જ તો જ્યારે આપણે નાના હતા ત્યારે આવું કહેવામાં આવ્યું છે. ભલાઈ અને બૂરાઈ વિરૂધ્ધની લડાઈ તો વર્ષો જૂની અસાધારણ ઘટના છે. દરેક ધર્મની પાસે ખોટા રસ્તામાંથી સાચો રસ્તો આપણને બતાવવાની કોઈને કોઈ બાબત હોય છે. હિન્દુ ધર્મ ભગવાન કૃષ્ણની નરકાસુર રાક્ષસ ઉપરના વિજયને દિવાળી તરીકે ઉજવે છે. ખ્રિસ્તી લોકો જિસસ ક્રાઈસ્ટને શૂળી પર ચઢાવવાના કાર્યને ભગવાનને સર્વોચ્ચ બલિદાન આપવાની એક રીત તરીકે યાદ કરે છે, અને એવી જ રીતે મુસલમાનો મોહર્રમમાં (કે જે મહિનામાં કરબલાનો હત્યાકાંડ બન્યો હતો) નબી (સ.)ના નવાસા ઈમામ હુસૈનની સર્વોચ્ચ કુરબાનીની યાદ મનાવે છે.

وَلَا تَحْسَبَنَّ الَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ اللَّهِ أَمْوَاتًا ۚ بَلْ أَحْيَاءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُونَ ﴿١٦٩﴾

*"જે લોકો અલ્લાહની રાહમાં શહીદ થયા છે તેમને મરેલા ન સમજતા, તેઓ તો જીવતા છે અને તેમના પરવરદિગાર પાસેથી રોઝી મેળવે છે."*

(સૂરા આલે ઈમરાન, આયત-૧૬૯)

કરબલાનો હત્યાકાંડ મોહંમદ પયગમ્બર (સ.)ની વફાતના આશરે ૫૦ વર્ષ પછી હિ.સ.-૬૧ (ઈ.સ. ૬૮૦)માં બન્યો હતો.

**કરબલા તરફ દોરી જતા બનાવો :**

મુસ્લિમ ખિલાફત (નબી (સ.)ના મોટા નવાસા) ઈમામ હસન (અ.) પાસે (પયગમ્બર (સ.)ના જમાઈ) અલી બિન અબી તાલિબ (અ.)ની શહાદત પછી ટૂંક સમયમાં જ આવી ગઈ. મુસ્લિમ સામ્રાજ્યમાં સંભવિત ભાગલા થઈ જવાની ગંધ આવતાંની સાથે જ હસન (અ.)એ અબૂ સુફિયાનના દીકરા અને યઝીદના બાપ અમીર મુઆવિયા સાથે સુલેહનામુ કરી લીધું.

"હસન (અ.)એ બધી સત્તા મુઆવિયાને આપી દેવા માટે એવા બદલામાં સહમત થયા કે એવો કરાર કરવામાં આવે કે અલી (અ.)ના સમર્થકોમાંથી કોઈને પણ નુકસાન કરવામાં નહીં આવે અને શાસન અલ્લાહની કિતાબ અને પયગમ્બર (સ.)ની સુન્નત પ્રમાણે ચલાવવામાં આવે. આવું તે પત્ર (લખાણ) અને શબ્દો દ્વારા કરશે, કૂફાની મસ્જિદમાં ભેગા થયેલા લોકોની મજલિસને એવું સમજાવીને કે તેમણે પોતાની ખિલાફતનો અધિકાર ઉમ્મતની ભલાઈ ખાતર અને ખૂનામરકી ન થાય તે ખાતર જતો કર્યો છે. મુઆવિયા કબૂલ થયો કે તેના પછી ખિલાફત હસન (અ.)ની છે (જો કે, આ બાબત તરત જ ભૂલી જવામાં આવી) અને ભવિષ્યની અથડામણને ટાળવા માટે આગામી ખલીફાને શુરા

દ્વારા નક્કી કરવામાં આવતો હતો.

- The Heirs of the Prophet Muhammad and the roots of the Sunni - Shia Schism, Barnaby Rogerson.

પ્રથમ ચાર ખલીફાઓને મદીનાના લોકોએ વધાવી લીધા હતા, પરંતુ આ હક અને ફરજને દમાસ્કસના દરબારીઓની તરફેણમાં બાજુએ મૂકી દેવામાં આવી. શુરાની વિધિપૂર્વકની બૈઅતનો ભંગ કરવામાં આવ્યો. અગાઉના કોઈ પણ ખલીફાએ પોતાના દીકરાઓને ઉમ્મત પર ઠોકી બેસાડ્યા ન હતા અને કુટુંબની સાંકડી વફાદારીઓની આગળ જઈને તેમના ધર્મબંધુઓ તરફ નજર કરી ન હતી. જ્યારે મુઆવિયા મરણ પામ્યો તો ખલીફા તરીકે યઝીદને દાવેદાર બનાવી દેવાયો. સરમુખત્યારશાહી અલ્લાહના દીન ઉપર ગાલિબ આવી ગઈ.

જે ક્ષણે યઝીદ સત્તા પર આવ્યો કે તરત જ તેણે ગેરવાજબી રીતો અપનાવીને દરેક જણ પાસેથી બૈઅતની માગણી કરવાનું શરૂ કરી દીધું. બૈઅત કરવી તે એક જૂની અરબ પ્રણાલિકા હતી કે જેને બાદશાહી કે સત્તા જેવી બાબતોમાં અપનાવવામાં આવતી હતી. જેમના ઉપર શાસન કરવામાં આવે, અને ખાસ કરીને તેમનામાંના પ્રખ્યાત લોકો, બૈઅત કરવા માટે કરારબધ્ધ થવા માટે અને તેમના બાદશાહના કે કોઈ સત્તાધારીના આજ્ઞાપાલન માટે પોતાનો હાથ આપતા અને આ રીતે તેઓ સંપૂર્ણ હ્દયથી તેનાં કાર્યોમાં કોઈ પણ જાતના વિરોધ વગર સમર્થન આપતા. યઝીદનો અભિગમ એ બાબતની સાબિતી હતી કે તે કેવા પ્રકારનો મુસલમાન હતો. તે ઈસ્લામના સિધ્ધાંતો પ્રત્યે સંપૂર્ણ અનાદર દર્શાવતો હતો.

ઈબ્ને અસીરે (અલ્લામા અલા બિન અબિલ કરમ નામના એક પ્રખ્યાત ઈતિહાસકાર કે જેઓ ઈબ્ને અસીર જઝારી તરીકે વધારે પ્રખ્યાત છે) પોતાની કિતાબ તારીખે કામિલમાં યઝીદ વિષે આવું કહ્યું છે;

"યઝીદ બદનામ હતો અને અસંખ્ય સંગીતનાં સાધનો માટે, શિકાર કરવાના, અને યુવાન છોકરાઓ, કૂતરાઓ, માંકડાં, વગેરે સાથે રમવાના મોહને ચાહવા માટે જાણીતો હતો. દરરોજ સવારે તે નશાની હાલતમાં જ ઉઠતો. તેનાં માંકડાં અને યુવાન છોકરાઓ સોનાની ટોપીઓ પહેરતા. જો કોઈ માંકડુ મરી જતું તો તે ઘણો બધો સમય તેના ઉપર વિલાપ કરવામાં પસાર કરતો."

"હદીસો આપણને દર્શાવે છે કે યઝીદ દુન્યવી દુર્ગુણોને ચાહતો હતો, શરાબ પીતો હતો, સંગીત સાંભળતો, લબરમૂછિયા છોકરાઓની સોબતમાં રહેતો, ઢોલ વગાડતો, કૂતરાં પાળતો, દેડકાં, રીંછ અને માંકડાં લડાવતો. દરરોજ સવારે તે શરાબના નશામાં રહેતો, અને ઘોડાના જીન સાથે માંકડાને બાંધી દેતો અને પછી ઘોડાને દોડાવતો."

- Al Bidayah Wal Nihayah, Ibn Kathir

યઝીદનો પયગામ ઈમામ હુસૈન (અ.)ને પણ પહોંચાડવામાં આવ્યો, પરંતુ આપે તેને ઘસીને ના પાડી દીધી. નબી (સ.)ના નવાસા દ્વારા યઝીદની સત્તાનો સ્વીકાર આ તબક્કે કરવો તેનો અર્થ થાય તેનાં દુષ્કૃત્યોને અને તેની ખિલાફતને મંજૂર રાખવાં. યઝીદ માટે, હુસૈન (અ.)ની સહમતીની મહોર અત્યંત જરૂરી હતી.

અબુલ હસન અલી બિન હુસૈન મસઊદીએ પોતાની કિતાબ મુરૂજુઝ ઝહબ વ મા'દિનુલ

જવાહિરમાં અહેવાલ આપ્યો છે, "જે કોઈ યઝીદના હાથ પર વફાદારીની બૈઅત કરીને તેની ગુલામીનો સ્વીકાર કરી લેતો હતો તેને છોડી દેવામાં આવતો હતો, નહીંતર તેના ઉપર દમન કરવામાં આવતું હતું. આ રીતે યઝીદની બૈઅત કરવાનો અર્થ તેનો નવા ખલીફા તરીકે સ્વીકાર કરવો એટલું જ નહીં, પરંતુ એક જાલિમને તેની ગુલામીમાં દીન અને ઈમાનને વેચી દેવા જેવો અર્થ થતો હતો."

કૂફાના લોકોએ મદીનામાં રહેલા હુસૈન (અ.) ને ઉત્તર દિશામાં સવારી કરીને આવવાનો અને યઝીદ દ્વારા થઈ રહેલી ઈસ્લામી દુનિયા પરની જબરદસ્તીની સામે આગેવાની લેવાનો અને મુસ્લિમ ઉમ્મતના પેશવા તરીકેના પોતાના કાયદેસરના સ્થાનની ફરીથી દાવેદારી કરવાનો આગ્રહ કર્યો. મદીનાના સરદારો દ્વારા પ્રોત્સાહિત થઈને હુસૈન (અ.)એ તેવું કરવાનું અને ઈસ્લામના સાચા સૈન્યની આગેવાની લેવા માટે અરબદ્વીપમાંથી બહાર જતા રહેવાનું નક્કી કર્યું. પરંતુ શહેરની કિલ્લેબંદીમાંથી બહાર નીકળીને આપની સાથે જોડાઈ જવા એક પણ માણસ નીકળ્યો નહીં. કૂફાના લોકોએ પણ આપને દગો દીધો. જ્યારે હુસૈન (અ.) પાણી અને વનસ્પતિ વગરની 'કરબલા' નામની જમીન પર ઉતર્યા ત્યારે આપની પાસે તેમના માત્ર ૭૨ વફાદાર સૈનિકો જ બાકી રહ્યા.

**હક માટેની લડાઈ :**

કરબલાની લડાઈ બદ્રની–ઈસ્લામની પ્રથમ લડાઈ સાથે ઘણું સામ્ય ધરાવે છે. બદ્રમાં પયગમ્બરે પાક (સ.) હતા કે જેઓ મરી ફીટે તેવા ૩૧૩ સમર્થકો સહિત ૧૦૦૦ માણસોના પ્રચંડ લશ્કરની સામે લડ્યા હતા. એ દિવસે ઘણી બધી આફતોની સામે એક નાનકડા જૂથે નિર્ણાયક જીત મેળવી હતી અને એક ભાવી મુસ્લિમ સામ્રાજ્ય માટેનો માર્ગ મોકળો કરી દીધો હતો. તેના ૫૬ વર્ષ પછી તેમના જ નવાસાઓ માત્ર ૭૨ વફાદાર માણસો સાથે કે જેઓ જુલ્મના પંજામાંથી ઈસ્લામને બચાવવા ખાતર હજારો સામેના અશક્ય વિરોધીદળ સામે લડ્યા હતા.

કરબલા, હકની સામે બાતિલની, માનવતાની સામે નીચતાની, સચ્ચાઈની સામે દુષ્ટતાની, ન્યાયની સામે ભ્રષ્ટાચારની લડાઈ હતી. પયગમ્બર (સ.)ના ખૂબ જ પ્યારા નવાસા કરબલાની બળબળતી ગરમીમાં, પાણીથી વંચિત, પરંતુ અડગ નિશ્ચયી એવા તેમના સાથીદારો સાથે ઊભા રહ્યા. તેમનાં વહાલાં સંતાનો કે જેમાં છ મહિનાના એક દીકરાનો સમાવેશ થતો હતો, એક પછી એક શહીદ થતા ગયા. આવું હોવા છતાંય તેમણે સામેના પક્ષને સચ્ચાઈ તરફ આવવાની દા'વત આપી અને દુષ્ટતા અને અનૈતિકતા આચરવાની મનાઈ કરી, પરંતુ એ બધા શબ્દો બહેરા કાનો પર પડ્યા. જ્યારે એકલા જ આગળ વધવાનો સમય આવ્યો તો તેમણે તે કાર્ય એવી રીતે કર્યું કે જે તેમના નામાંકિત પિતા અલી (અ.)નું સૂચક હતું.

જે લોકો કરબલામાં તેમની સામે લડ્યા હતા તેમાંનો એક જણ કહે છે,

"મેં તેમના કરતાં વધારે, દીકરાઓથી વંચિત થયેલો કોઈને જોયો નથી, તેમના કરતાં વધારે જિગર ધરાવનારા સાથીદારો અને માણસોને જોયા નથી. જ્યારે વરૂ તેમના પર આક્રમણ કરે ત્યારે પાયદળના સૈનિકો તેમની જમણી અને ડાબી બાજુએ ઘેટાંની માફક વેરવિખેર પડી રહ્યા હતા." – ઈબ્ને અસીર

૧૦મી મોહર્રમ, હિ. સ. – ૬૧ના એ ગોઝારા શુક્રવારે હુસૈન (અ.) કરબલાના રણમાં પડી રહ્યા. હજુ તો વધારે ખરાબ બનવાનું હતું. ઈમામ હુસૈન સહિતની શહીદોની લાશોને દફ્ન કરવાની તો બાજુએ રહી, તેમની લાશોને ઘોડાની ખરીઓ નીચે કચડી નાખવામાં આવી અને પક્ષીઓ માટે છોડી દીધી. કૂફાના લશ્કરે હુસૈન (અ.)ની માલમતા લૂંટી લીધી. ઈમામના અહલેહરમને કે જેમાં બીબીઓનો અને નાજુક બાળકોનો સમાવેશ થતો હતો, તેમને બેઈઝ્ઝત કરવામાં આવ્યાં. અને તંબુઓને આગ લગાડ્યા પછી કેદી બનાવવામાં આવ્યાં. બીબીઓને ઊઘાડા માથે દરબદર ફેરવવામાં આવી. શું આ ઈસ્લામ હતો !

"જો હુસૈન (અ.) પોતાની દુન્યવી ખ્વાહિશોને સંતોષવા ખાતર લડવા ગયા હોય, તો પછી મને સમજાતું નથી કે તેમની બહેનો, પત્નીઓ અને બાળકો તેમની સાથે શા માટે ગયાં ? તેથી આ બાબત જ એની દલીલ છે કે તેમણે ઈસ્લામ ખાતર જ પવિત્ર કુરબાની આપી હતી." – ચાર્લ્સ ડિકન્સ

ઈમામ હુસૈન (અ.)ના સર મુબારક સહિત શહીદોનાં કપાયેલાં સર નેઝાઓ ઉપર બુલંદ કરવામાં આવ્યાં હતાં. યઝીદ હુસૈન (અ.)ના સર મુબારક સાથે કેવી રમત રમ્યો અને ઈમામના અહલેહરમની લાગણીઓ દુભાઈ એ તો દસ્તાવેજી હકીકત છે. ઈસ્લામના સાચા સિધ્ધાંતોને સમર્થન આપવા માટે આજે પણ કરબલા અજોડ હિંમત અને બહાદુરીની દિલને હચમચાવી નાખે તેવી કથા બની રહી છે.

"દૂર સુદૂરના યુગમાં અને પર્યાવરણમાં હુસૈન (અ.)ના મોતનું કરૂણ દૃશ્ય ઠંડા મગજના વાંચકની લાગણીને જાગૃત કરવા કાફી છે." – એડવર્ડ ગિબન

કુરઆનના પ્રખ્યાત અંગ્રેજી ભાષાંતરકાર, અબ્દુલ્લાહ યૂસુફઅલીએ આ લડાઈના મહાકાવ્યના સમગ્ર તાત્પર્યનું સુંદર રીતે સમાપન કર્યું છે.

અલબત્ત, શહાદતમાં શારીરિક યાતનાઓ છે અને બધાં સંકટો અને વેદનાઓ આપણી હમદર્દીનો દાવો કરે છે કે જેથી આપણે સૌથી વહાલી, સૌથી વધારે પાક અને સૌથી વધારે ઉભરાઈ જતી હમદર્દી આપી શકીએ, પરંતુ શારીરિક વેદના કરતાં ય વધારે વેદના રહેલી છે. એવું ત્યારે બને છે કે જ્યારે કોઈ વીર પુરુષ દુનિયાની સામે ઊભો થઈ જાય છે. જ્યારે કે સૌથી ઉમદા હેતુઓની નિંદા કરવામાં આવે છે અને ઠેકડી ઉડાડવામાં આવે છે, જ્યારે સત્યને ગ્રહણ લાગતું જોવા મળે છે.

**કરબલામાંથી મળતા સબક :**

કરબલા હિંમત, આત્મબલિદાન, ઈમાનદારી, પ્રમાણિકતા, દૃષ્ટિબિંદુ અને બહાદુરીને શબ્દોમાં વર્ણન ન થઈ શકે તેવું પ્રતીક છે. જે કંઈ પાક અને સાચું છે તેનું તે પ્રતીક છે. કરબલા આપણને શીખવે છે કે હકીકી લડાઈઓ તો મગજમાં લડાય છે, જમીન ઉપર નહીં. યઝીદ શક્તિશાળી હતો તેમ છતાં તે હક માટેની લડાઈ હારી ગયો.

મહાત્મા ગાંધી કહે છે, "હુસૈન (અ.) પાસેથી હું એ શીખ્યો છું કે અન્યાયનો ભોગ બન્યા છતાંય કેવી રીતે વિજેતા બનાય."

વળી, બહુમતીમાં હોવાની બાબત તમને આવશ્યકરીતે સાચા બનાવી દે તે જરૂરી નથી.

"સૌથી સારો સબક કે જે આપણે કરબલાના હત્યાંકાંડમાંથી મેળવી શકીએ છીએ તે એ છે કે હુસૈન (અ.) અને તેમના સાથીઓ અલ્લાહમાં પ્રખર ઈમાન ધરાવનારા હતા. તેમણે ઉદાહરણ

સહિત બતાવી દીધું કે જ્યારે હક અને બાતિલની વાત આવે ત્યારે સંખ્યાની વિપુલતા ગણતરીમાં લેવાતી નથી. અલ્પ સંખ્યામાં હોવા છતાં ય હુસૈન (અ.)નો વિજય મને આશ્ચર્ય પમાડે છે.'' –થૉમસ કાર્લઈલ

જૂની કહેવત છે તેમ, ''કોઈ પણ વસ્તુ કાયમ ટકતી નથી.'' હુસૈન (અ.) અને તેમના અનુયાયીઓએ એ બાબતને ચોક્કસ બનાવી દીધી કે તેમની શહાદતે યઝીદના અત્યાચારી શાસન ઉપર પ્રાણઘાતક પ્રહાર લગાવ્યો છે. કરબલાનો બનાવ બે વર્ષ પછી થનારા યઝીદના અંતિમ મોત સુધી તેને ત્રાસ આપતો રહ્યો.

''ઈમામ હુસૈન (અ.)એ કયામત સુધી હંમેશને માટે આપખુદી શાસનનાં મૂળિયાં ઉખેડી નાખ્યાં. તેમણે આઝાદીના સૂકા ભઠ્ઠ બગીચાને પોતાના લોહીનાં લહેરાતાં મોજાંથી સિંચન કર્યું અને ખરેખર તેમણે નિદ્રામાં પોઢેલી મુસ્લિમ ઉમ્મતને જગાડી દીધી. હકની ખાતર હુસૈન (અ.) લોહી અને ધૂળમાં આળોટ્યા. ખરેખર તેઓ મુસલમાનોના કલેમા – લા ઈલાહ ઈલ્લલ્લાહની બુનિયાદ બની ગયા.''

–સર મોહંમદ ઈકબાલ

વળી, કરબલા આપણને સબ્ર ધારણ કરવાનું અને કોઈ પણ પ્રકારના અન્યાયી વ્યવહાર સામે ખડા થઈ જવાનું શીખવે છે. આપણે યઝીદ અને તેના લશ્કર ઉપર માણસો ઉપરના તેમના અમાનવીય વ્યવહાર માટે લા'નત કરીએ છીએ, તેમ છતાં ય કહેવાતા જેહાદીઓ દ્વારા બંધકો ઉપર થતા નિર્દય વ્યવહારનો જરા પણ વિરોધ કરતા નથી. મુસલમાનોએ બધા જ સમયે આવા નિષ્ઠુર, અમાનવીય વ્યવહારની સામે વિરોધનો અવાજ ઉઠાવવો જ જોઈએ પછી તે આવું કાર્ય ગમે તે કરતો હોય અને ગમે ત્યાં બનતું હોય.

''જો કોઈ માણસ કોઈ ઈમાનદાર માણસને ઈરાદાપૂર્વક કતલ કરે તો તેનો બદલો જહન્નમ છે, તે (હંમેશને માટે) તેમાં રહેશે. અને અલ્લાહનો ગઝબ અને લા'નત તેના ઉપર છે અને તેના માટે ભયંકર અઝાબ તૈયાર કરવામાં આવ્યો છે.''

(સૂરા નિસા, સૂરા–૪, આયત–૯૩)

આ મહાન હત્યાકાંડને જો આપણે શ્રધ્ધાંજલિ આપી શકતા હોઈએ તો તે છે પોતાનું આત્મનિરીક્ષણ કરવાની. શું આપણને પયગમ્બર (સ.)ના અનુયાયી કહેવડાવવાનો અધિકાર છે ખરો? શું આપણે ઈમામ હુસૈન (અ.)ના પયગામને ખરેખર સમજ્યા છીએ ખરા? લોકોને વધારે રડાવવાના હેતુસર કેટલાક મૌલાનાઓ દ્વારા


પીરો મુરશિદની દુઆથી અને મોમિન ભાઈ બહેનોના સહકારથી ૧૫ વર્ષથી ટૂર્સનું આયોજન ચાલુ છે.

**અમીન ટૂર્સ**

**હજ - ઉમરા - ઝિયારત**

**આયોજક**

હાજી ગુલામમોહંમદ રસૂલભાઈ ધરખડ (બાદરપુર)

**હજ માટે તેના સમય પ્રમાણે**

ઓફિસ - ૦૨૭૬૧ ૨૯૨૨૪૭

મો - ૯૯૭૯૦ ૨૮૫૩૦

મો - ૯૭૨૪૧ ૨૯૬૯૪

ફેબ્રુ - ૨૦૧૪, માર્ચ - ૨૦૧૪,
મે - ૨૦૧૪, જૂન - ૨૦૧૪

કરવામાં આવતાં કરબલાનાં ખોટાં વર્ણનોની સામે અડીખમ ઊભા રહીશું ખરા ? શું આપણે મોહર્રમ દરમિયાન થતી ધાર્મિક ચર્ચાઓ દરમિયાન એકબીજાના દૃષ્ટિબિંદુઓનું સન્માન કરવા આપણા મતભેદોને એકબાજુએ મૂકી દેવા તૈયાર છીએ ખરા?

અને જ્યારે છેવટે આ બધાના જવાબો આપણી પાસે હોય તો જ આપણે કરબલાના સાચા પયગામને સમજીશું.

**શાહ અસ્ત હુસૈન, બાદશાહ અસ્ત હુસૈન,**
**દીં અસ્ત હુસૈન, દીં પનાહ અસ્ત હુસૈન.**
**સર દાદ ન દાદ દસ્ત, દર દસ્તે યઝીદ,**
**હક્કા કે બિનાએ લા ઈલાહ અસ્ત હુસૈન.**

(સંદર્ભ : નફસુલ મહમૂમ, હાજ શેખ અબ્બાસ કુમ્મી)


VU
LUXURY IN TECHNOLOGY



દરેક સાઈઝની LED અવેલેબલ છે.
ઈમદાદઅલી (ઈલોલ તલાવ)
8733088449
9429477227
dantreliyaali@gmail.com



**મહેર સ્ટીલ**
**ક્વોલીટી કીચનવેર**

**એક વાર પધારી અવશ્ય ખાત્રી કરો.**

આપને અમારે ત્યાં નીચે મુજબની દરેક વસ્તુઓ હોલસેલ અને રીટેલમાં વ્યાજબી ભાવે મળશે.

- કુકર - ગેસ ચૂલા
- મીક્ષર ગ્રાઈન્ડર - બ્લેન્ડર
- નાના - મોટા ટીફીનો
- થાળી - વાટકા - કટોરા
- નાની - મોટી બરણીઓ
- નોન સ્ટીક આઈટમો
- એલ્યુ. ટોપ - ડબ્બા
- સ્ટીલ પવાલી - બાલ્ટી
- સ્ટીલ ટોપ - ડબ્બા
- સ્ટીલ નાન - મોટા ઘમેલા
- સ્ટીલ ચમચા - ચમચીઓ
- સ્ટીલના ડીનર તથા લેમન સેટ
- કીચન સ્ટેન્ડ નાની - મોટી સાઈઝ
- બોન ચાઈના ચા - કોફીના સેટ
- એક્રેલીકની નાની - મોટી પ્લેટો
- એક્રેલીકના નાના - મોટા સબજી બાઉલ
- એક્રેલીકની નાની - મોટી વાટકીઓ
- સ્ટીલની નાની - મોટી પ્લેટો
- સ્ટીલની નાની - મોટી ચમચીઓ
- સ્ટીલના નાના - મોટા બાઉલ
- સ્ટીલની ગુજરાતી થાળીઓ
- સ્ટીલની ભાજીપાઉ પ્લેટ
- સ્ટીલના ગ્લાસ
- છાસ લસ્સી માટે નાના - મોટા ગ્લાસો
- લોટ બાંધવા માટેના નાના - મોટા મશીન
- ગ્રેવી મશીન નાની - મોટી સાઈઝના
- એલ્યુમિનીયમના તપેલા
- હોટલને લાગતો સામાન મળી રહેશે.
- કટલરી વસ્તુઓ મળશે.

જમાઅતમાં વપરાતા વાસણો જેવા કે દેઘ, સ્ટીલના થાળ, સ્ટીલના વાટકા, દાળ માટેના ડોયા, ભાતીયા, સ્ટીલની બાલ્ટી, એલ્યુ. તથા સ્ટીલની કીટલીઓ દરેક સાઈઝમાં મળી રહેશે.

મહેર કોમ્પલેક્ષ, પટેલ હોટલની બાજુમાં, આરામ ગેસ્ટ હાઉસની પાછળ, અમદાવાદ-આબુ રોડ હાઈવે, SH-41, હાઈવે છાપી. Ph. 02739 - 270785

**શબ્બીરઅલી ચૌધરી** +91 9998482250 / **અબ્બાસભાઈ શેલીયા** +91 9727308673

# ઇબાદાત

## માહે સફર

### માહે સફરના આમાલ

આ મહિનો પોતાની નહૂસત (અપશુકન)ની સાથે મશહૂર છે, તેથી આ નહૂસતને દૂર કરવા સદકો આપવો, દુઆઓ માગવી, અને ખુદાથી પનાહ માગવી જોઈએ. તેમજ બલાઓથી મહેફૂઝ રહેવા નીચે આપેલી દુઆ દરરોજ દસ વખત પઢવી જોઈએ :

يَا شَدِيْدَ الْقُوٰى وَيَا شَدِيْدَ الْمِحَالِ يَا عَزِيْزُ يَا عَزِيْزُ ذَلَّتْ بِعَظَمَتِكَ جَمِيْعُ خَلْقِكَ فَاكْفِنِىْ شَرَّ خَلْقِكَ يَا مُحْسِنُ يَا مُجْمِلُ يَا مُنْعِمُ يَا مُفْضِلُ يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحَانَكَ اِنِّىْ كُنْتُ مِنَ الظَّالِمِيْنَ فَاسْتَجَبْنَا لَهٗ وَنَجَّيْنَاهُ مِنَ الْغَمِّ وَكَذٰلِكَ نُنْجِى الْمُؤْمِنِيْنَ وَصَلَّى اللّٰهُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ

**ત્રીજી સફરના આમાલ :**

આ દિવસે બે રકાત નમાઝ અદા કરવી મુસ્તહબ છે :

- પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈન્ના ફત્હ પઢવો,
- બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા ઈખ્લાસ (કુલ્હોવલ્લાહનો સૂરો) પઢવો.
- નમાઝ પૂરી કરી સલામ પછી એકસો વખત સલવાત પઢે અને ૧૦૦ વખત પઢે.

اَللّٰهُمَّ الْعَنْ اٰلَ اَبِىْ سُفْيَانَ

*(અય અલ્લાહ અબૂ સુફિયાનની આલ ઉપર લા'નત મોકલ.)*

- તેના પછી ૧૦૦ વખત ઈસ્તિગ્ફાર કરે એટલે કે,

اَسْتَغْفِرُ اللّٰهَ رَبِّىْ وَاَتُوْبُ اِلَيْهِ

પઢે અને પોતાની હાજત માગે.

**વીસમી સફર (ચહેલુમ)ના આમાલ :**

ઈમામ જાફર સાદિક (અ.)એ ઝિયારતે અર્બઈન (ચહેલુમની ઝિયારત)ના બારામાં ફરમાવ્યું કે જ્યારે સૂર્ય ઊંચે ચઢે ત્યારે ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત કરો અને આ પ્રમાણે પઢો :

اَلسَّلَامُ عَلٰى وَلِيِّ اللّٰهِ وَحَبِيْبِهٖ، اَلسَّلَامُ عَلٰى خَلِيْلِ اللّٰهِ وَنَجِيْبِهٖ، اَلسَّلَامُ عَلٰى صَفِيِّ اللّٰهِ وَابْنِ صَفِيِّهٖ، اَلسَّلَامُ عَلَى الْحُسَيْنِ الْمَظْلُوْمِ الشَّهِيْدِ، اَلسَّلَامُ عَلٰٓى اَسِيْرِ الْكُرُبَاتِ وَقَتِيْلِ الْعَبَرَاتِ، اَللّٰهُمَّ اِنِّىٓ اَشْهَدُ اَنَّهٗ وَلِيُّكَ وَابْنُ وَلِيِّكَ وَصَفِيُّكَ وَابْنُ صَفِيِّكَ الْفَآئِزُ بِكَرَامَتِكَ، اَكْرَمْتَهٗ بِالشَّهَادَةِ وَحَبَوْتَهٗ بِالسَّعَادَةِ، وَاجْتَبَيْتَهٗ بِطِيْبِ الْوِلَادَةِ، وَجَعَلْتَهٗ سَيِّدًا مِّنَ السَّادَةِ، وَقَآئِدًا مِّنَ الْقَادَةِ، وَذَآئِدًا مِّنَ الذَّادَةِ، وَاَعْطَيْتَهٗ مَوَارِيْثَ الْاَنْبِيَآءِ، وَجَعَلْتَهٗ حُجَّةً عَلٰى خَلْقِكَ

مِنَ الْاَوْصِيَاۤءِ، فَاَعْذَرَ فِي الدُّعَاۤءِ وَمَنَحَ النُّصْحَ، وَبَذَلَ مُهْجَتَهُ فِيْكَ لِيَسْتَنْقِذَ عِبَادَكَ مِنَ
الْجَهَالَةِ وَحَيْرَةِ الضَّلَالَةِ، وَقَدْ تَوَازَرَ عَلَيْهِ مَنْ غَرَّتْهُ الدُّنْيَا، وَبَاعَ حَظَّهُ بِالْاَرْذَلِ الْاَدْنٰى، وَشَرٰى
اٰخِرَتَهُ بِالثَّمَنِ الْاَوْكَسِ، وَتَغَطْرَسَ وَتَرَدّٰى فِيْ هَوَاهُ، وَاَسْخَطَكَ وَاَسْخَطَ نَبِيَّكَ، وَاَطَاعَ مِنْ عِبَادِكَ اَهْلَ
الشِّقَاقِ وَالنِّفَاقِ وَحَمَلَةَ الْاَوْزَارِ الْمُسْتَوْجِبِيْنَ النَّارَ، فَجَاهَدَهُمْ فِيْكَ صَابِرًا مُّحْتَسِبًا حَتّٰى سُفِكَ
فِيْ طَاعَتِكَ دَمُهُ وَاسْتُبِيْحَ حَرِيْمُهُ، اَللّٰهُمَّ فَالْعَنْهُمْ لَعْنًا وَّبِيْلًا وَّعَذِّبْهُمْ عَذَابًا اَلِيْمًا، اَلسَّلَامُ
عَلَيْكَ يَا بْنَ رَسُوْلِ اللهِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا بْنَ سَيِّدِ الْاَوْصِيَاۤءِ، اَشْهَدُ اَنَّكَ اَمِيْنُ اللهِ وَابْنُ اَمِيْنِهِ،
عِشْتَ سَعِيْدًا وَّمَضَيْتَ حَمِيْدًا وَّمُتَّ فَقِيْدًا مَّظْلُوْمًا شَهِيْدًا، وَاَشْهَدُ اَنَّ اللهَ مُنْجِزٌ مَّا وَعَدَكَ،
وَمُهْلِكٌ مَّنْ خَذَلَكَ، وَمُعَذِّبٌ مَّنْ قَتَلَكَ، وَاَشْهَدُ اَنَّكَ وَفَيْتَ بِعَهْدِ اللهِ وَجَاهَدْتَ فِيْ سَبِيْلِهِ حَتّٰى
اَتٰىكَ الْيَقِيْنُ، فَلَعَنَ اللهُ مَنْ قَتَلَكَ، وَلَعَنَ اللهُ مَنْ ظَلَمَكَ، وَلَعَنَ اللهُ اُمَّةً سَمِعَتْ بِذٰلِكَ فَرَضِيَتْ
بِهِ، اَللّٰهُمَّ اِنِّيْ اُشْهِدُكَ اَنِّيْ وَلِيٌّ لِّمَنْ وَالَاهُ وَعَدُوٌّ لِّمَنْ عَادَاهُ بِاَبِيْ اَنْتَ وَاُمِّيْ يَا بْنَ رَسُوْلِ اللهِ، اَشْهَدُ اَنَّكَ
كُنْتَ نُوْرًا فِي الْاَصْلَابِ الشَّامِخَةِ وَالْاَرْحَامِ الْمُطَهَّرَةِ، لَمْ تُنَجِّسْكَ الْجَاهِلِيَّةُ بِاَنْجَاسِهَا وَلَمْ تُلْبِسْكَ
الْمُدْلَهِمَّاتُ مِنْ ثِيَابِهَا، وَاَشْهَدُ اَنَّكَ مِنْ دَعَاۤئِمِ الدِّيْنِ وَاَرْكَانِ الْمُسْلِمِيْنَ وَمَعْقِلِ الْمُؤْمِنِيْنَ،
وَاَشْهَدُ اَنَّكَ الْاِمَامُ الْبَرُّ التَّقِيُّ الرَّضِيُّ الزَّكِيُّ الْهَادِي الْمَهْدِيُّ، وَاَشْهَدُ اَنَّ الْاَئِمَّةَ مِنْ وُّلْدِكَ كَلِمَةُ
التَّقْوٰى وَاَعْلَامُ الْهُدٰى وَالْعُرْوَةُ الْوُثْقٰى، وَالْحُجَّةُ عَلٰى اَهْلِ الدُّنْيَا، وَاَشْهَدُ اَنِّيْ بِكُمْ مُؤْمِنٌ وَّبِاِيَابِكُمْ
مُوْقِنٌ بِشَرَاۤئِعِ دِيْنِيْ وَخَوَاتِيْمِ عَمَلِيْ، وَقَلْبِيْ لِقَلْبِكُمْ سِلْمٌ وَّاَمْرِيْ لِاَمْرِكُمْ مُتَّبِعٌ وَّنُصْرَتِيْ لَكُمْ
مُعَدَّةٌ حَتّٰى يَاْذَنَ اللهُ لَكُمْ، فَمَعَكُمْ مَعَكُمْ لَا مَعَ عَدُوِّكُمْ صَلَوَاتُ اللهِ عَلَيْكُمْ وَعَلٰى اَرْوَاحِكُمْ
وَاَجْسَادِكُمْ وَشَاهِدِكُمْ وَغَاۤئِبِكُمْ وَظَاهِرِكُمْ وَبَاطِنِكُمْ اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ ثُمَّ تُصَلِّيْ رَكْعَتَيْنِ وَتَدْعُوْ
بِمَا اَحْبَبْتَ وَتَرْجِعُ

પછી બે રકાત નમાઝ અદા કરે, અને જે ચાહે દુઆ માગે અને પાછા ફરે.

## માહે રબીઉલ અવ્વલના આમાલ

**માહે રબીઉલ અવ્વલની સત્તરમીના આમાલ :**

- ગુસ્લ કરવું.
- રોઝો રાખવો.
- રસૂલલ્લાહ (સ.)ની ઝિયારત પઢવી.
- આ દિવસે સૂરજ જ્યારે ઊંચે ચઢે ત્યારે બે રકાત નમાઝ પઢવી, જેની બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા કદ્ર અને દસ વખત સૂરા તૌહીદ પઢવો.
- આ દિવસે સદકો આપવો, મોમિનોની ખુશીથી મુલાકાત કરવી, માઅસૂમીન (અ.)ના રોઝા મુબારકની ઝિયારત કરવી.

હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) કૃત...

# મશાયખવાણી



## મક્તૂલનામા

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

### બયાન નં.૩૬

ભાષા : રૂબાઈ

**ઈમામ હુસેન જબ જનમીએ, ખુશી હુઈ મુબારક જાત રે,**
**લે ગોદ ગલેકુ બોસે, નબીજીને સહી એ બાત રે.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.) જન્મ્યા તો નબીજીની મુબારક જાતને ખુશી થઈ. નબીજીએ તેમને ગોદમાં લઈને ગળા ઉપર બોસા આપ્યા.)

**મુબારકબાદી ભેજી રબને, નામુસ લે આએ વે જાત રે,**
**તાઝીઅત કેલાઈ ભી રબને, દોનું બાત સાથથી માન રે.**

(અલ્લાહ તઆલાએ નબીજી ઉપર મુબારકબાદી મોકલી અને તેને લઈને નામૂસ લકબવાળા જિબ્રઈલ ફરિશ્તા આવ્યા. વળી અલ્લાહે તાઝીઅત પણ કહેવડાવી. આ બન્ને એક સાથે મોકલાવી.)

**મુબારકબાદ દીતી નામુસને, ખુશી હુએ નબી સુનો બાત રે,**
**તાઝીઅત સુનતે ચંતા હુઈ, ખાતમ નબીકી ઝાત રે.**

(મુબારકબાદી સાંભળીને નબીજી ખુશ થઈ ગયા, પરંતુ તાઝીઅત સાંભળીને ખાતમ નબીની જાતને ચિંતા થઈ.)

**નામુસ ખુશી કેરા દન હે, તાઝીઅત કેરી કેસી બાત રે,**
**કહ્યા જિસ ઠામ નબી ઉનકું, બોસે હો દેતે કર પીત રે.**

(નબીજીએ પોતાના નવાસાને પ્રેમથી બોસા આપતી વખતે કહ્યું કે અય જિબ્રઈલ ! આજે તો ખુશીનો દિવસ છે. વળી આ તાઝીઅતની વાત કેવી છે ? કહ્યું કે અય નબી ! તમે જે જગ્યાએ મોહબ્બતથી બોસા આપો છો.)

**ઉસ ઠાંમ તલવાર ફરશે, કરબલા રણકે ઠામ રે,**
**તમારે ફોત હુએ બાજએ, શહીદ હોવે ભી અલી નામ રે.**

(જિબ્રઈલે કહ્યું કે તમારી વફાત પછી અને અલી (અ.)ની શહાદત પછી (જે જગ્યાએ આપ બોસા આપો છો) તે જગ્યાએ કરબલાના રણમાં તલવાર ફરશે.)

**ફોત હોવે બડા ભાઈ ઉનકા, રહેવે બીબી ફાતેમા ભી નાંહી રે,**
**તબ એ ઝુબ્હ કીએ જાએંગે, કરબલા જંગલકે માંહી રે.**

(તેમના મોટા ભાઈ (હસન (અ.)) ફોત થઈ જશે અને બીબી ફાતેમા (અ.) પણ નહીં હોય ત્યારે કરબલાના જંગલમાં તેમને ઝુબ્હ કરવામાં આવશે.)

**યતીમ યું કરે રબ ઉનકું, ધરેગા મઝલુમ નામ રે,**
**અનુ પર તલવાર ફરશે, હોવે શહીદ કરબલા ઠામ રે.**

(આવી રીતે તેમને યતીમ કરશે અને અલ્લાહ તઆલા તેમનું નામ 'મઝલૂમ' ધરશે. તેમના ઉપર તલવાર ફરશે અને કરબલા નામની જગ્યાએ તેઓ શહીદ થશે.)

**સુનતે રોએ નબી અપને, નેનું ભરભર નીર રે,**
**યતીમ હોવે ફરઝંદ મેરડા, દુઃખ બોત પાવેગા શરીર રે.**

(આ સાંભળીને નબીજી પોતાની આંખોમાં પાણી ભરીને રડવા લાગ્યા કે મારો ફરઝંદ યતીમ બની જશે અને તેના શરીરને ખૂબ દુઃખ પહોંચશે.)

**મુબારક તન દુઃખ લાગીયા, રોએ નબી નેનું અપાર રે,**
**રોએ રોએ નબી નેનું ભરભર, દલ નાં પકડે કરાર રે.**

(નબીજીના મુબારક શરીરને દુઃખ લાગ્યું અને આપ આંખોથી ખૂબ રડવા લાગ્યા. નબીજી આંખોમાં આંસુ ભરી ભરીને રડવા લાગ્યા. તેમના દિલને કરાર (શાંતિ) થતી ન હતી.)

## બયાન નં. ૩૭

**જબ તાઝીઅત નામુસે, નબીજીસુ કીતી,**
**તબ નબીજીને પુછા, એસી બાત રે સુણીતી.**

(હઝરત પીર મશાયખ બાવા (રહેમતુલ્લાહ અલૈહ) ફરમાવે છે કે મને એવું સાંભળવા મળ્યું છે કે જ્યારે જિબ્રઈલ (અ.)એ નબીજીને તાઝીઅત કહી તો નબીજીએ તેમને પૂછ્યું.)

**કે નામુસ આજ હે, ખુશાલી દંના,**
**એ તાઝીઅત કેરા, સોચ કેસા કીયા મંના.**

(નબીજીએ પૂછ્યું કે અય જિબ્રઈલ ! આજે તો ખુશાલીનો દિવસ છે તો પછી તાઝીઅતનો વિચાર મનમાં શા માટે કર્યો ?)

**નબી ફોત હોવો તમંના, જબ નામુસે આખા,**
**અલી શહીદ ભી હોવે, યું ફીર કર દાખા.**

(જિબ્રઈલે કહ્યું કે અય નબી અલ્લાહ ! આપની વફાત થઈ જશે અને ત્યાર પછી અલી (અ.) પણ શહીદ થઈ જશે.)

**અને ભાઈ ભી અનુકે, જબ પાવેંગે વફાતા,**
**અને ફોત ભી હોવેંગે, જબ અનુકી માતા.**

(ત્યાર પછી તેમના ભાઈની પણ વફાત થઈ જશે અને એમની માતાની પણ વફાત થઈ જશે.)

**તબ કરબલા માંહે, એ મારે રે કેલાવે,**
**અને યતીમ ને મઝલુમ, એ રે કેલાવે.**

(ત્યારે કરબલામાં તેઓ માર્યા જશે અને તેમને યતીમ અને મઝલૂમ કહેવાશે.)

**જ્યાં ગલેકુ હો બોસા, નબી દેતે તમંના,**
**સહી ઉસ ઠાંમ તલવાર, ચલે અનુકે તંના.**

(અય નબીજી ! જે ગળા ઉપર આપ બોસા આપતા હતા તે જગ્યાએ તેમના શરીર ઉપર તલવાર ચાલશે.)

**એ ઝુબ્હે રે કીએ, ઉસ રન માંહે જાવે,**
**સહી મઝલુમ યતીમ, એ રે કેલાવે.**

(કરબલાના એ રણમાં તેમને ઝુબ્હ કરવામાં આવશે અને તેમને મઝલૂમ અને યતીમ કહેવામાં આવશે.)

**હે તલવાર ચલેગી, અનુ બકરેકી રીતા,**
**સો કરબલા માંહે, યું હુકમ રે મીતા.**

(તેમના (ગળા) ઉપર બકરાની માફક તલવાર ચાલશે. અને આ બનાવ કરબલામાં બનશે એવો અલ્લાહનો હુકમ છે.)

**એ સુનતે નબીજી, ગમ માંહે આએ,**
**અને રોએ રોએ નેનું, આંસુ રે ચલાએ.**

(જિબ્રઈલના મોઢેથી આવી વિગતો સાંભળીને નબીજી ગમની અવસ્થામાં આવી ગયા અને એટલું બધું રડવા લાગ્યા કે આપની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં.)

**નીર ભર ભર રોએ, મુબારક નેનાં,**
**બાત નામુસ હો કેરી, સુનતે મેના.**

(નબીજી જિબ્રઈલ (અ.)ની આવી વાતો સાંભળતાંની સાથે પોતાની મુબારક આંખોમાં આંસુ ભરી ભરીને રડવા લાગ્યા.)

**સુનો લા ઓબાલી દરગાહ, હે રબ હો કેરી,**
**એ સુન સુન મનમાં, નત દીજીયો સવેરી.**

**–: રે તુહી :–**

(હઝરત પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે કે તમે સાંભળો કે અલ્લાહ તઆલાની દરગાહ લાઉબાલી છે, બેપરવા છે. આવું બધું સાંભળીને મનમાં હંમેશાં આ બાબત રાખો કે અલ્લાહની ઝાત બાકી રહેવાવાળી છે (બીજું બધું ફના થવાવાળું છે).)

**રબ ચાવે સોહી કરે,**
**એસા સુરીજનહાર રે, એસા સુરીજનહાર;**
**હે આકેબત નેક સંવારતા,**
**હે કરતા જીસકુ પ્યાર રે, હે કરતા જીસકુ પ્યાર.**

(અલ્લાહ તઆલા પોતે જેવું ઈચ્છે છે તેવું કરે છે. સુરીજનહાર અલ્લાહ આવો છે કે જેની સાથે તે પ્યાર કરે છે તેની આકેબતને, આખેરતની જિંદગીને શણગારી દે છે.)


આપ સૌના સાથ અને સહકારની અપેક્ષા સાથે ઈડર શહેરમાં
બેગનો અદ્યતન શો-રૂમ અને રીપેરીંગ સેન્ટર
**પ્યૂપિલ બેગ ઝોન**
હર સફરમે આપ કે સાથ...
બેગની વિશાળ શ્રેણી...
PUPIL BAG ZONE
લગ્ન માટેની ફેન્સી બેગ મળશે.


બેગની અવનવી વેરાયટીનો ખજાનો...
સ્કૂલ બેગ | ઓફીસ બેગ
કોલેજ બેગ | લેડીઝ પર્સ
ટ્રાવેલીંગ બેગ | વોલેટ
તેમજ બધી જાતની બેગો મળશે.
દરેક પ્રકારની બેગો ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
**પ્યૂપિલ બેગ ઝોન**
જહાનવી ટાવર્સ, નાઈસ ફૂટવેરની નીચે, બસ સ્ટેન્ડ સામે,
**ઈડર.** મો.૯૨૨૮૩ ૨૬૪૨૯



મો. સાદિકઅલી આર. ભોરણીયા (રસુલપુર ખે.) મો. 99244 18243 | બાલીસણા ઝાકીરહુસૈન જી. (રસુલપુર ખે.)મો.94295 29410 | મો.આબિદઅલી ડી. સુથાર (શેખપુર ખે.)મો.9898435809

L.E.D. સ્પેશ્યાલીસ્ટ
**ન્યુ ચિરાગ L.E.D. હાઉસ**
અમારે ત્યાં
હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે L.E.D. સીરીઝ, L.E.D. પટ્ટા, L.E.D. બોર્ડ તેમજ L.E.D. ને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ ભાવે કરી આપવામાં આવશે.

**કામરાન એક્રેલીક**
**& L.E.D. સાઈન બોર્ડ**
- એક્રેલીક બોક્સ લેટર સાઈન બોર્ડ
- L.E.D. સાઈન બોર્ડ
- ઓપન L.E.D. સાઈન બોર્ડ
- ક્લીયર એક્રેલીક સાઈન બોર્ડ
- A.C.P. લેટર સાઈન બોર્ડ
- સ્ટીલ લેટર સાઈન બોર્ડ
- રેડીયમ સાઈન બોર્ડ
- વિનાઈલ & ફલેક્સ સાઈન બોર્ડ
- ચેનલ સાઈન બોર્ડ

હોટલ દુકાનને લગતા દરેક પ્રકારના સાઈન બોર્ડ અને L.E.D.નુ કામ કરી આપવામા આવશે
રીગલ શોપીંગ સેન્ટર, દેના બેન્કની બાજુમાં, બસ સ્ટેન્ડ પાસે, વડનગર
Email ; newchiragled@gmail.com

અલ્લાહ (સુ.વ.ત.)નાં અતિ સુંદર ૯૯ નામ

# અસ્માઉલ હુસ્ના اَلْاَسْمَآءُالْحُسْنٰی

11

اَلْمُتَكَبِّرُ

અલ મોતકબ્બિરો

**પ્રભાવશાળી**

જો તમે اَلْمُتَكَبِّرُનો ઝિક્ર સતત કરતા રહેશો તો અલ્લાહ તઆલા તમને સન્માન અને મોટાઈ અતા કરશે. જો તમે તેને કોઈ અઘરું કામ કરતાં પહેલાં સતત પઢતા રહેશો તો ઈન્શાઅલ્લાહ તે કામ કામયાબી સાથે પૂરું થઈ જશે.

12

اَلْخَالِقُ

અલ ખાલિકો

**પેદા કરનારો**

જો તમે اَلْخَالِقُનો ઝિક્ર સતત સાત દિવસ સુધી ૧૦૦ વખત પઢશો તો અલ્લાહ તઆલા તમને બધા જ પ્રકારની મુસીબતોથી સુરક્ષિત રાખશે. જો તમે તેને નિયમિત રીતે પઢતા રહેવાની ટેવ પાડશો તો અલ્લાહ તઆલા એક ફરિશ્તાની નિમણૂંક કરશે કે જે સતત તમારા વતીથી અલ્લાહ તઆલાની ઈબાદત કરતો રહેશે.

13

اَلْبَارِئُ

અલ બારીઓ

**સર્જનહાર**

જો કોઈ નિ:સંતાન સ્ત્રી સાત દિવસના રોઝા રાખે અને દરરોજ પાણીથી ઈફતાર કર્યા પછી يَابَارِئُ الْمُصَوِّرُ (યા બારીઉલ મુસવ્વીરો) ૨૧ વખત પઢે તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા તેને નરસંતાનો અતા કરશે.

14

اَلْمُصَوِّرُ

અલ મુસવ્વીરો

**સ્વરૂપોને ઘડનારો**

જો કોઈ નિ:સંતાન સ્ત્રી સાત દિવસના રોઝા રાખે અને દરરોજ પાણીથી ઈફતાર કર્યા પછી يَابَارِئُ الْمُصَوِّرُ (યા બારીઉલ મુસવ્વીરો) ૨૧ વખત પઢે તો ઈન્શાઅલ્લાહ અલ્લાહ તઆલા તેને નરસંતાનો અતા કરશે.

15

اَلْغَفَّارُ

અલ ગફફારો

**માફ કરનારો**

જો તમે અલ્લાહ તઆલાનું આ મુબારક નામ જુમ્આની નમાઝ પછી ૧૦૦ વખત પઢશો તો તમને તરત જ અલ્લાહ તઆલાની માફીનો એહસાસ થશે. જો તમે يَاغَفَّارُ اغْفِرْلِیْ (યા ગફફારો ઈગ્ફિરલી) દરરોજ અસ્રની નમાઝ પછી પઢશો તો અલ્લાહ તઆલા તમને ઈન્શાઅલ્લાહ એવા લોકોમાં શામેલ કરી દેશે કે જેમને તેણે માફ કરી દીધા છે. ક્રમશ:

Ref : Wayfaring (My search for Truth)

લેખન : હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)

- **Knowledge** (ઈલ્મ / જ્ઞાન)

  You know too little to claim better knowledge than others, and you know too much to shirk putting it into practice.

  તમે વધારે સારા જ્ઞાનનો દાવો કરવા માટે બીજાઓ કરતાં ખૂબ જ ઓછું જાણો છો અને તેને અમલમાં મૂકવાનું ટાળવા માટે ખૂબ જ ઓછું જાણો છો.

- **Parenthood** (માબાપનું કાર્ય)

  Become a means with which your child can find God. Never become another god for your child.

  તમે એવો ઝરીઓ બનો કે જેનાથી તમારું બાળક અલ્લાહને શોધી શકે. તમારા બાળક માટે કદાપિ બીજો બુત (ભગવાન) ન બનતા.

- **The Irony of Belief** (અકીદાની વક્રતા)

  The believers in God have become so ignorant that today the unbelievers discover the secrets of God's Nature and show them to the believers as a proof that God doesn't exist.

  અલ્લાહમાં ઈમાન ધરાવનારાઓ એટલા બધા અજ્ઞાની બની ગયા છે કે આજે તો નાસ્તિકો અલ્લાહની કુદરતનાં રહસ્યોને શોધી કાઢે છે, અને અલ્લાહ અસ્તિત્વ ધરાવતો નથી તેની સાબિતી તરીકે તે રહસ્યો ઈમાનદારોને બતાવે છે.

- **The Value of Work** (કામનું મૂલ્ય)

  A society which attaches more value to criticism than to the actual work done, will always remain dissatisfied.

  એ સમાજ(કોમ) કે જે મૂલ્યોને, જે વાસ્તવિક કામ કરવામાં આવ્યું હોય એના કરતાં તો ટીકાટિપ્પણી સાથે વધારે જોડે છે, તે હંમેશાં અસંતોષી રહે છે.

- **Ego** (અહમ્ / અહંકાર)

  If you have an inflated ego, you tend to believe that like everything else even your problems are bigger than others'. The result is that while others find the solution to their problems without complaining, you complain so

much that you are left without a solution for long long time.

જો તમે બહેકાવી દે તેવો અહમ્ ધરાવતા હો તો તમે એવું માનવાનું વલણ ધરાવો છો કે બીજી દરેક વસ્તુની માફક તમારી સમસ્યાઓ પણ બીજાઓ કરતાં વધારે મોટી છે. એનું પરિણામ એ આવે છે કે જ્યારે અન્ય લોકો કોઈ ફરિયાદ કર્યા વગર પોતાની સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢે છે ત્યારે તમે એટલી બધી ફરિયાદ કરો છો કે લાંબા સમયથી તમને ઉકેલ વગર છોડી દેવામાં આવ્યા છે.

- **Public Perception** (આમ જનતાનો ખ્યાલ)

  If you're at once kind and frank, never expect people to remember your kindness and praise you. Even the person who has benefitted from you the most will remember you for your frankness rather than your kindness and will call you ill-mannered because of it. You can never expect the one who is at fault to admit his fault unless God wills to reform him.

  જો તમે એકદમ દયાળુ અને નિખાલસ થઈ જાઓ તો કદી પણ એવું ન માનતા કે લોકો તમારા દયાભાવને યાદ કરે છે અને તમારાં વખાણ કરે છે. એ માણસ કે જેને તમે સૌથી વધારે લાભ પહોંચાડ્યો હોય તે પણ તમને તમારા દયાભાવ કરતાં તો તમારી નિખાલસતા માટે જ યાદ કરશે, અને તેના કારણે તમને ખરાબ રીતભાતવાળા કહેશે. તમે એવા માણસ પાસે કે જે દોષી હોય, એવી આશા રાખી નહીં શકો કે તે પોતાના દોષનો સ્વીકાર કરશે સિવાય કે અલ્લાહ તેને સુધારવાનું ઈચ્છે.

- **Greatness vs. Commonness** (મહાનતા વિરુધ્ધ સમાનતા)

  The difference between those who are great and the rest is that the former can discern Truth even when Truth is behind the curtain of personalities, while the latter have more sympathy for personalities than for Truth, which colours their judgement and renders their decisions ineffective.

  જે લોકો મહાન છે અને જે બાકીના છે તેમના વચ્ચેનો તફાવત એ છે કે જ્યારે હક (સત્ય) મહત્ત્વની વ્યક્તિઓના પડદાઓની પાછળ છુપાયેલું હોય ત્યારે મહાન લોકો હકને પારખી શકે છે જ્યારે બાકીના આમ લોકોને સત્ય કરતાં તો મહત્ત્વની વ્યક્તિઓ માટે વધારે હમદર્દી હોય છે કે જે તેમના ફેંસલાને રંગરોગાન ચઢાવે છે અને તેમના ફેંસલાઓને બદલામાં અસરહીન કરી દે છે.

**જાફરી આવાઝના ગ્રાહકના સરનામામાં ફેરફાર કરવાનો હોય કે અંક ન મળતો હોય તો મો.અકબરઅલી મસી (મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨)નો સંપર્ક કરવો**

# રોજીની બરકત અલ્લાહની ઇતાઅતમાં છે

**સંકલન : મોલ્વી ખાદિમહુસૈન (ભોલીપુરવાળા)**

જાહેરી રીતે માણસની નજર રોજીના ઝરીઆ જેવા કે, ફળદ્રુપ જમીન, પાણી, પશુપાલન, સારો વ્યવસાય કે નોકરી પર અટકેલી હોય છે કે આ બધું આપણી પાસે હશે તો આપણે સુખી થઈશું, અને સારી રીતે રોજીની કમાણી કરી શકીશું, અને કોઈ પરેશાનીનો સામનો કરવો નહીં પડે.

જો કે, આ ઝરીઆ અલ્લાહે બનાવેલા હોવાના કારણે તે ઓછા કિંમતી નથી, મહત્ત્વના જ છે અને તેની તરફ ધ્યાન હોવું પણ જરૂરી છે, પરંતુ તે ઝરીઆ અલ્લાહની મરજીની સાથે સંકળાયેલા છે, અને આ અટલ સત્ય છે કે તેના ઝરીએ અલ્લાહ પોતે રોજી આપે છે અને તેમાં વધારો પણ કરે છે, ન કે તે વસીલા, ઝરીઆ પોતે આપણને કાંઈ આપી શકે છે.

હઝરત અલી (અ.) ફરમાવે છે :

لَا يَمْلِكُ إِمْسَاكَ الْأَرْزَاقِ وَإِدْرَارَهَا إِلَّا الرَّزَّاقُ.

*(બધાને રોજી પૂરી પાડનાર રઝ્ઝાક સિવાય કોઈનામાં રોજી રોકવાની અથવા રોજી આપવાની શક્તિ નથી.)*

એટલે કે જો કોઈની રોજી રોકાઈ રહી હોય અથવા તો તેને મળી રહી હોય તો તે એટલા માટે કે અલ્લાહે તેનાથી રોકી રાખી છે, અથવા તે તેને આપી રહ્યો છે, અને તે જ આપણો રઝ્ઝાક (રોજી આપનાર) છે.

અને ખુદ કુરઆન પણ આપણને તેની સ્પષ્ટતા કરતાં કહે છે કે રોજીની બરકત અને તેમાં વધારો કે ઘટાડો અલ્લાહ તરફથી જ હોય છે એટલે કે અલ્લાહ પોતે જ કરે છે.

સૂરા શૂરા, સૂરા-૪૨, આયત-૧૨

لَهٗ مَقَالِيْدُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ يَبْسُطُ الرِّزْقَ لِمَنْ يَّشَآءُ وَيَقْدِرُ ۗ اِنَّهٗ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۱۲﴾

*(આકાશો અને જમીનના ખજાનાની કૂંચીઓ અલ્લાહના હાથમાં છે; તે જેના માટે ચાહે છે રોજી વિશાળ કરી દે છે, અને જેના માટે ચાહે છે સંકોચી લે છે; ખરેખર તે દરેક વસ્તુનો આલિમ (જાણનાર) છે.)*

એટલે કે જેને દુનિયામાં વધુ રોજી મળી રહી છે તે એટલા માટે મળી રહી છે કે અલ્લાહે તેને વધુ આપી છે, અને જેને ઓછી મળી છે તે પણ એટલા માટે કે અલ્લાહે તેને ઓછી આપી છે, તે ખજાનાની કૂંચીઓ અલ્લાહના હાથમાં છે.

વળી, આ રોજીનો વધારો, અને તેના ઝરીએ આસાનીથી જીવન પસાર કરવું તે હકીકતમાં અલ્લાહની તાબેદારી અને ઈતાઅત પર જ આધારિત છે. તે વિષે પણ કુરઆન આપણને ખુલાસો આપતાં કહે છે :

સૂરા માએદા, સૂરા-૫, આયત-૬૬

وَلَوْ اَنَّهُمْ اَقَامُوا التَّوْرٰىةَ وَالْاِنْجِيْلَ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ مِّنْ رَّبِّهِمْ لَاَكَلُوْا مِنْ فَوْقِهِمْ وَمِنْ تَحْتِ اَرْجُلِهِمْ ۗ مِنْهُمْ اُمَّةٌ مُّقْتَصِدَةٌ ۗ وَكَثِيْرٌ مِّنْهُمْ

سَآءَ مَا يَعۡمَلُوۡنَ ﴿٦٦﴾

*(અને જો તેઓ તોરાત તથા ઈન્જીલને, તથા જે કાંઈ તેમના પરવરદિગાર તરફથી તેમના તરફ ઉતારવામાં આવ્યું છે, તેની આજ્ઞાઓ ઉપર ચાલત તો જરૂર તેમના ઉપરથી તથા પગો નીચેથી પણ રોજી વરસી પડત, અને તેઓ સુખચેનથી ખાતા; તેઓ માંહેનું એક ટોળું મધ્યમ રીતે ચાલનારું છે; અને તેઓ માંહેના ઘણા ખરા જે કૃત્યો કરે છે, દુષ્ટ છે.)*

અલ્લાહ કહે છે કે જો તેઓ તોરાત, ઈન્જીલ અને તેમના ઉપર જે નાઝિલ કર્યું છે, તે પ્રમાણે ચાલત તો, અમે તેમના માથા અને પગોમાંથી રોજી પેદા કરી દેત, જેથી તેઓ સુખચેનથી ખાતાપીતા અને સરળતાથી જીવન પસાર કરતા એટલે કે રોજીનો દારોમદાર વરસાદ કેટલા ઈંચ આવ્યો ? જમીન ફળદ્રુપ છે કે નહીં ? આ ધંધો સારો કે પેલો ધંધો સારો ? તેના ઉપર નથી, પરંતુ આસમાનથી નાઝિલ થયેલા હુકમને અનુસરવા તરફ ઈશારો કરવામાં આવેલ છે. તેનો અર્થ એ કે આપણા માટે આસમાનથી નાઝિલ થયેલો હુકમ એટલે કુરઆન. તો તે કુરઆનના હુકમો જેટલા પણ આપણે પાળીશું, અને તેના કહેવામાં રહીશું તો અલ્લાહનો વાયદો છે કે તમારા માથા અને પગોમાંથી હું રોજી પેદા કરી દઈશ, અને તમે આરામથી જિંદગી પસાર કરશો. તમને કોઈ મુશ્કેલીઓ નહીં નડે, અને સુખેથી તમારું જીવન પસાર થઈ જશે.

આવી જ ચોખવટ હદીસમાં પણ કરવામાં આવી છે કે તમારી નિશ્ચિત રોજી તમને મળી જશે, અને તેને ખાઈ લેવા પહેલાં તમારું મૃત્યુ પણ આવશે નહીં, માટે જાઈઝ તરીકાથી રોજી મેળવવાની કોશિશ કરો, કારણ કે અલ્લાહ પાસે જે કાંઈ છે તે તેની ફરમાબરદારીથી જ મળે છે.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે :

اَلَا وَإِنَّ الرُّوۡحَ الۡاَمِيۡنَ نَفَثَ فِيۡ رُوۡعِيۡ اَنَّهٗ لَنۡ تَمُوۡتَ نَفۡسٌ حَتّٰى تَسۡتَكۡمِلَ رِزۡقَهَا، فَاتَّقُوا اللّٰهَ وَأَجۡمِلُوۡا فِي الطَّلَبِ، وَلَا يَحۡمِلۡ اَحَدَكُمۡ اِسۡتِبۡطَآءُ شَيۡءٍ مِّنَ الرِّزۡقِ اَنۡ يَّطۡلُبَهٗ بِغَيۡرِ حِلِّهٖ، فَاِنَّهٗ لَا يُدۡرَكُ مَا عِنۡدَ اللّٰهِ اِلَّا بِطَاعَتِهٖ.

*(ખરેખર રૂહુલ અમીન જિબ્રઈલે મારા મગજમાં એવી વાત ફૂંકી કે કોઈ પણ જીવ ત્યાં સુધી આ જમીન પર મૃત્યુ નહીં પામે, જ્યાં સુધી તેની રોજી પૂર્ણ ન થઈ જાય. માટે તમે અલ્લાહ તરફની તમારી ફરજથી ખબરદાર રહો, અને જાઈઝ તરીકાથી રોજી મેળવવાની કોશિશ કરો, અને તમારી રોજીમાં થતા વિલંબને તમારામાંથી કોઈ નાજાઈઝ તરીકા વડે રોજી શોધવાનું કારણ ન બનવા દો, કારણ કે અલ્લાહની પાસે જે કાંઈ છે તેને માત્ર તેની ફરમાબરદારીથી જ મેળવી શકાય છે.)*

હા, હદીસમાં તો આપણને એવું બતાવવામાં આવ્યું છે કે જો આપણે અલ્લાહના હુકમને છોડીને, એટલે કે હલાલ તરીકાને અને નીતિમત્તાને ગુમાવીને રોજી મેળવવાનો પ્રયાસ કરીશું, અને અનીતિના ઝરીએ, કે કામકાજમાં વધુ ધ્યાન આપીને, રોજીમાં વધારો કરવા ચાહીશું, તો તેવું નહીં થાય. આવી આપણી શંકાઓનું સમાધાન કરતાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે :

اِنَّ اللّٰهَ تَعَالٰى وَسَّعَ اَرۡزَاقَ الۡحُمَقٰى لِيَعۡتَبِرَ

اَلْعُقَلَاءُ وَيَعْلَمُوْا اَنَّ الدُّنْيَا لَيْسَ يُنَالُ مَا فِيْهَا بِعَمَلٍ وَلَا حِيْلَةٍ.

*(ખરેખર અલ્લાહ તઆલાએ મૂર્ખાઓ માટે વિપૂલ પ્રમાણમાં રોજી વહેંચી છે, જેથી બુધ્ધિશાળી લોકો એમાંથી સબક મેળવે, અને જાણી લે કે આ દુનિયામાં ધનદોલત કામકાજ દ્વારા કે લુચ્ચાઈ દ્વારા પ્રાપ્ત કરી શકાતી નથી.)*

અને ઊલટું તે રીતે અનીતિ વાપરવાથી તો આપણી રોજીમાં ઘટાડો થઈ જાય છે, એટલે કે રોજીમાં નાજાઇઝ તરીકો વાપરવાથી તેમાં ઘટાડો થાય છે. હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવે છે :

كَثْرَةُ السُّحْتِ يَمْحَقُ الرِّزْقَ.

*(નાજાઈઝ તરીકા વડે ધનદોલત પ્રાપ્ત કરવાથી રોજીમાં કાપ આવી જાય છે.)*

અને અલ્લાહે આપણને જે હલાલ રોજીનો વાયદો કર્યો છે, તે તેની ફરમાબરદારીથી આપણને મળવાની છે, એટલે સુધી કે જ્યાં સુધી આપણું જીવન બાકી છે, અલ્લાહની હલાલ રોજી આપણને મળીને જ રહેશે. તો પછી આપણા માટે અલ્લાહની નાફરમાની કરીને હરામ તરફ આગળ વધવાનું કારણ જ પેદા થતું નથી.

એક વાર હઝરત ઈસા (અ.) ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને એક ગોવાળ મળ્યો. તેને ઢોર ચરાવતો જોઈને આપે તેને કહ્યું, "અય ગોવાળ ! તેં તારું જીવન ઢોર ચરાવવામાં વેડફી નાખ્યું જો તેં ઈલ્મ શીખીને તેના ઉપર અમલ કર્યો હોત તો જીવનમાં તું સફળ થઈ જાત."

ઈસા પયગમ્બરની આ વાત સાંભળીને ગોવાળે અરજ કરી, "યા હઝરત ! એ વાત સાચી છે કે હું ઈલ્મ શીખ્યો નથી, પરંતુ મેં મારી જિંદગીમાં છ વાતો યાદ રાખી છે, અને તેના ઉપર અમલ કરવા માટે મહેનત પણ કરું છું." ઈસા (અ.)એ કહ્યું, "બતાવ, એ છ વાતો કઈ છે ?" આ સાંભળીને ગોવાળે પોતાના જીવનના છ સિધ્ધાંતો એક પછી એક, આ રીતે બયાન કર્યા :

1. જ્યાં સુધી હલાલનું મળે, હરામનું નહીં ખાઉં, અને અય હઝરત ! હલાલ કોઈ દિવસ ખૂટતું જ નથી, તેથી મારે હરામ ખાવાની જરૂર પડતી નથી.
2. જ્યાં સુધી સત્ય હોય ત્યાં સુધી અસત્ય નહીં બોલું અને સત્ય હંમેશાં રહેવાનું છે.
3. જ્યાં સુધી હું મારા પોતાના એબો જોવાથી ફુરસત ન મેળવી શકું ત્યાં સુધી બીજા કોઈના એબ જોવાના પ્રયત્ન નહીં કરું, અને મને એ વાતની સંપૂર્ણ ખાત્રી છે કે હું મારા એબો શોધવામાંથી કોઈ દિવસ જરા જેટલો પણ સમય મેળવી શકું નહીં.
4. જ્યાં સુધી શયતાનને મરી ગયેલો ન જોઉં, ત્યાં સુધી તેના ફરેબથી બચવા મથ્યા કરીશ, અને શયતાન હજુ સુધી જીવતો છે તેથી હું તેના ફરેબોથી બચવા માટે મહેનત કર્યા કરું છું.
5. જ્યાં સુધી અલ્લાહના ખજાનાને ખાલી થયેલો નહીં જોઉં, ત્યાં સુધી માણસો પાસે ભીખનો હાથ નહીં લંબાવું, અને અલ્લાહનો ખજાનો ક્યારેય ખાલી થાય એમ છે જ નહીં, તેથી મારા માટે પણ એવો સમય નહીં આવે કે હું માણસોના બારણે ભીખ માગતો આથડું.

6. જ્યાં સુધી જન્નતમાં કદમ નહીં રાખું, ત્યાં સુધી ખુદાની ઈતાઅતથી ગાફિલ થઈશ નહીં અને હજી સુધી મેં જન્નતમાં કદમ રાખ્યો જ નથી જેથી હું ખુદાના ઝિક્રથી અને ઈબાદતથી ગાફિલ થઈ જાઉં.

હઝરત ઈસા (અ.)એ જ્યારે અભણ દેખાતા આ ગોવાળની વાતો અને સિધ્ધાંતો સાંભળ્યા તો તેમણે કહ્યું, "અય ગોવાળ ! સુખી રહે, પહેલેથી છેલ્લે સુધીનું જ્ઞાન તારા આ છ સિધ્ધાંતોમાં સમાયેલું છે." આટલું કહીને આપ ત્યાંથી આગળ વધ્યા.

સારાંશ એ જ કે, ન તો અલ્લાહનું આપેલું હલાલ ખૂટે એમ છે, કે ન તો તેના માટે અસત્યની જરૂર છે, કે ન તો અલ્લાહના ખજાનામાં કોઈ ખોટ આવે એમ છે. તેનાથી ઊલટું, તે ખજાનાથી આપણને હંમેશાં રોજી મળી રહેવાની છે.

માટે શયતાની ફરેબથી સજાગ રહીને, સત્યને અનુસરીને, અલ્લાહની ફરમાબરદારી વડે આપણી રોજીમાં અઢળક પ્રમાણમાં આપણે વધારો કરવાનો છે કે જેથી દુનિયામાં પણ કોઈના મોહતાજ ન રહીએ, પોતાની અને પોતાના પરિવારની જરૂરિયાત પૂરી કરીએ, અને દાન, સખાવત જેવા ગુણોને આપણામાં વિકસિત કરીને છેવટે હલાલની રોજી મેળવીને, અને તે વડે નેકી કરીને, અલ્લાહ પાસેથી સવાબ મેળવીને, જન્નત કે જે આપણી આખરી મંઝિલ છે, ત્યાં સુધી આપણે પહોંચી જઈએ. અલ્લાહ તમામ મોમિનીન અને મોમિનાતને આવી નેક તોફીક અતા ફરમાવે, આમીન, યા રબ્બલ આલમીન.


## ઝહીર ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**પ્રોગ્રામ**

**મોહર્રમ આશૂરા**

ઈરાક, ઈરાન : ૨૫ દિવસ

તા.૨૪/૧૦/૨૦૧૪ ટૂરની રવાનગી

**ઉમરા હજ–ઝિયારત**

મક્કા–મદીના–ઈરાક–ઈરાન

તા.૧૦/૨/૨૦૧૫ ટૂરની રવાનગી

તા.૫/૫/૨૦૧૫ ટૂરની રવાનગી

**આયોજક**

હાજી માસૂમઅલી રસૂલભાઈ નાગલપરા

(કેસીમ્પા)

મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦, ૯૫૭૪૭ ૬૮૪૨૯

## સ્માઈલડેન્ટ

### દાંતનું દવાખાનું

**ડૉ. એહસાનઅલી વી. સુણસરા**

BDS, CERT Oral implant (AAID)

ડેન્ટલ સર્જન અને ઈમ્પ્લાન્ટોલોજીસ્ટ

Mo. 9426305440

દાંત અને પેઢાને લગતી તકલીફોની સારવાર ઉપલબ્ધ

**સમય :** સવારે ૯:૩૦ થી ૧:૦૦

સાંજે : ૪:૩૦ થી ૯:૦૦

રવિવારે : ૧૦:૦૦ થી ૧:૦૦

**'સી' ગ્રાઉન્ડ ફ્લોર, ઉષાકિરણ ફ્લેટ,**

**ખાનપુર દરવાજા સામે, ખાનપુર, અમદાવાદ.**

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા. ૧૬, માહે ડિસેમ્બર–૨૦૧૪ થી તા. ૧૫, માહે જાન્યુઆરી–૨૦૧૫ મુ.તા. ૨૩, સફર–૧૪૩૬ થી મુ.તા. ૨૩, રબી.અવ્વલ–૧૪૩૬ |
|---|---|---|---|
| ડિસે. | સફર | – | |
| 19 | ૨૬ | શુક્ર | વીંછુડો બેસે : સાંજે ૪–૫૩ |
| 20 | ૨૭ | શનિ | વફાત : પીર સૈયદ મુસ્તુફા (રહે.) * વીંછુડો |
| 21 | ૨૮ | રવિ | વીંછુડો ઉતરે : રાત્રે ૯–૦૦ |
| 22 | ૨૯ | સોમ | શહાદત : હઝરત ઈમામ અલી રઝા (અ.) |
| 23 | ૩૦ | મંગળ | **ઉર્સ–સંદલ : પીર સૈયદ મીરઅલી બાવા (રહે.) મેતા** |
| 24 | રબી.અ.-૧ | બુધ | હઝરત રસૂલે ખુદા (સ.)ની મદીના શરીફ તરફ હિજરત |
| 25 | ૨ | ગુરૂ | **વિલાદત : પીર સૈયદ હાજી મહેમૂદ સદરૂદ્દીન (રહે.) * નાતાલ** |
| 30 | ૭ | મંગળ | **વિલાદત : પીર સૈયદ એહમદ હાદી (રહે.)** |
| 31 | ૮ | બુધ | શહાદત : હઝરત ઈમામ હસન અસ્કરી (અ.) |
| જાન્યુ.-1 | ૯ | ગુરૂ | **બારમા ઈમામની વિલાદતનો પ્રથમ દિવસ** |
| 2 | ૧૦ | શુક્ર | **હઝરત રસૂલે ખુદા (સ.)ના નિકાહ જનાબે ખદીજતુલ કુબરા સાથે થયા.** |
| 4 | ૧૨ | રવિ | **ઈદે મિલાદ** |
| 6 | ૧૪ | મંગળ | **વિલાદત : જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા** |
| 7 | ૧૫ | બુધ | **વિલાદત : પીર સૈયદ રહેમતુલ્લાહ (રહે.અ.)** |
| 9 | ૧૭ | શુક્ર | **અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)ના જન્મની ઉજવણી * વિલાદત : હઝરત રસૂલે ખુદા (સ.) અને ઈમામ જાફર સાદિક (અ.)** |
| 10 | ૧૮ | શનિ | **વિલાદત : જનાબે ઉમ્મે કુલસૂમ (અ.)** |
| 14 | ૨૨ | બુધ | **વિલાદત : પીર સૈયદ ઈસ્માઈલ સાની (રહે.) * મકરસંક્રાંતિ** |
| 15 | ૨૩ | ગુરૂ | વીંછુડો બેસે : રાત્રે ૨–૪૩ |

## શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

સંપાદક : મોલ્વી કમ્બરઅલી દાવડા (કાટવાડ)

(૧) "હું એનો બેટો છું કે જેના ઉપર જિન્નાત અંધારામાં રડે છે." આ ઉદ્‌ગાર કયા ઈમામે કહ્યા છે ? (૨) "તારી ઈબાદતોમાં મને આનંદિત રહેવાની તોફીક આપ." અઠવાડિયાના કયા વારની દુઆના આ શબ્દો છે? (૩) નરસંતાનની પ્રાપ્તિ માટે અલ્લાહના કયા નામનો ઝિક્ર કરવો જોઈએ ? (૪) નાજાઈઝ તરીકા વડે ............. પ્રાપ્ત કરવાથી રોજીમાં કાપ આવી જાય છે. (૫) અલ્લાહની રહેમતની એક મંઝિલનું નામ કયું છે ? (૬) નાંદોત્રી મુકામે કયા ઈમામ (અ.)નું જુલૂસ મુબારક કાઢવામાં આવ્યું હતું ? (૭) ઈસ્લામમાં કયા મહિનાને નહૂસત (અપશુકનિયાળ) મહિનો ગણવામાં આવે છે ?

HEARTY MART

# હાર્ટીમાર્ટ સુપર માર્કેટ, છાપી

# સંસ્કાર શોપ

Tel. No. : 02739 - 270351
Customer Care No. : 9879359740

**મોમિન શબ્બીરઅલી** – 8732935046
**મોમિન હસનઅબ્બાસ** – 9879295607

અનાજ, કરિયાણું, તેલ, ઘી, કઠોળ તેમજ દરેક ગરમ મસાલા અને ડ્રાયફ્રૂટ જેવા કે... બદામ, કાજુ, પીસ્તા, અંજીર અને શરબત, બિસ્કીટ, સાબુ, શેમ્પુ તથા હેર ઓઈલ દરેક કંપનીના મળશે.

હોજીયરી, કોસ્મેટીક તથા ગીફ્ટ આર્ટીકલ, હાઉસ વેર, નોન સ્ટીક તેમજ પ્લાસ્ટીક અને કાચની દરેક વેરાયટીઝ મળશે.

મોહર્રમ માસ દરમિયાન મજલિસમાં નિયાઝ માટે બિસ્કીટ, નાનખટાઈ, કેક, ચોકલેટ તેમજ જમણવારના નિયાઝની દરેક વસ્તુઓ **વાજબી ભાવે મળશે.**

દરેક વસ્તુ ખરીદતાં પહેલાં એકવાર હાર્ટીમાર્ટ સુપર માર્કેટની અવશ્ય મુલાકાત લો.

**નોંધ : મોટા ઓર્ડર માટે અગાઉથી જાણ કરવી.**

સબસે ખાસ...
ઘર કે પાસ...

## કુરઆને મજીદના

# સૂરાઓનો પરિચય

**સૂરા નં.૮૯** **સૂરા ફજ્ર**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી ઈન્સાન કે જ્યારે તેનો પરવરદિગાર તેને અજમાવે છે, પછી તેનું સન્માન કરે છે. અને તેને નેઅમતોથી નવાજે છે, ત્યારે તો તે કહે છે કે મારા પરવરદિગારે મારું સન્માન કર્યું. (૧૫)**

**પણ જ્યારે તે (એવી રીતે) અજમાવે છે કે તેની રોજી તેના માટે તંગ કરી નાખે છે, ત્યારે તે પોકારી ઊઠે છે કે મારા પરવરદિગારે મને ઝલીલ કરી નાખ્યો. (૧૬)**

**એમ હરગિઝ નથી. વાત આ છે કે તમે યતીમનું સન્માન કરતા નથી. (૧૭)**

**અને ન મિસ્કીનોને ખવડાવવા માટે (એકબીજાને) ઉત્તેજન આપો છો. (૧૮)**

**અને વારસાનો માલ (હલાલ હરામનો તફાવત રાખ્યા વિના) આખોને આખો ગળી જાઓ છો. (૧૯)**

**અને સંપત્તિનો સંગ્રહ કરવાને અતિપ્રિય ગણો છો. (૨૦)**

ખુદાવંદે આલમ પોતાની મસ્લેહત અને હિકમતના કારણે કોઈને પુષ્કળ રોજી આપે છે, તો કોઈને ગરીબીમાં રાખે છે. તો તેનો મતલબ એ નથી કે જે ગરીબ છે તે ઝલીલ છે. આ બન્ને હાલતોમાં ઈન્સાનની કસોટી છે. કુદરત કહે છે કે મારી પાસે બેઆબરૂ એ છે કે જે ગુનેગાર છે નહીં કે ગરીબ, અને તમારા ગુના એ છે કે તમે યતીમની ઈજ્જત નથી કરતા. યતીમોની સરપરસ્તી કરવામાં આવે, અને તેમની દેખભાળ રાખવામાં આવે એ જ ખરેખરી ઈજ્જત છે. રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે યતીમની પરવરિશ કરનારની, અને જન્નતની વચ્ચે ફક્ત અંગૂઠા અને આંગળી જેટલું અંતર છે, એટલે કે તે જન્નતથી બિલકુલ નજીક છે. કુફ્ફાર યતીમોને વારસાથી વંચિત કરી દઈને તેમના માલ ખાઈ જતા હતા જેથી કુદરતે આ આયતમાં તેનું વર્ણન કર્યું છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **સાંભળી રાખો કે જ્યારે જમીન ભાંગી ફોડીને ભૂકકો કરી નાખવામાં આવશે. (૨૧)**

**અને જ્યારે હુકમ પરવરદિગારનો આવશે તથા ફરિશ્તા પણ હારબંધ આવીને હાજર થશે. (૨૨)**

**અને જે દિવસે જહન્નમમાં લાવીને હાજર કરવામાં આવશે, તે દિવસે મનુષ્ય જાણી લેશે, પરંતુ તે વેળા તેના માટે જાણી લેવું ક્યાં લાભદાયી થશે ? (૨૩)**

**તે કહેશે કે મેં આ જીવન માટે અગાઉથી કાંઈક મોકલ્યું હોત તો કેવું સારું થાત ! (૨૪)**

**પછી તે દિવસે ન તો કોઈ અલ્લાહના જેવો અઝાબ આપી શકશે. (૨૫)**

**અને ન તેના જેવું જકડવું જકડી શકશે. (૨૬)**

પછી અલ્લાહ –૨૧મી આયતમાં ફરમાવે છે કે જ્યારે જમીનને ભાંગી નાખવામાં આવશે, અને તે સપાટ થઈ જશે, અને પહાડ અને મેદાન બધા સરખા થઈ જશે, અને આ મકાનો, પહાડો અને ઝાડ, વગેરે બધાનો નાશ થઈ જશે.

وَجَآءَ رَبُّكَ (પરવરદિગારનો હુકમ આવશે) ખુદા કોઈ સ્થળ ધરાવતો નથી અને ન તો કોઈ સ્થળનો મોહતાજ છે, માત્ર તેનો એક હુકમ થશે તે તેની હુકૂમતનો દિવસ હશે, અને ફરિશ્તાઓ એક પછી એક સફમાં હશે, અને તે દિવસે જહન્નમને લાવવામાં આવશે ત્યારે તેના ભડકાઓ બુલંદ થશે, અને જહન્નમથી અવાજ પેદા થશે, અને જહન્નમ પણ ખોફે ખુદાથી ધ્રુજી ઊઠશે. તે વખતે કુદરત કહેશે કે મારે તને અઝાબ નથી કરવો પણ દુશ્મનોને તારા થકી અઝાબ થશે અને જહન્નમ અલ્લાહના સજ્દામાં ઝૂકી જશે, અને એના ઉપર દેખભાળના ફરિશ્તાઓ હશે, તે વખતે દરેક વ્યકિત 'નફસી–નફસી' પોકારતી હશે અને હુઝૂર (સ.)ની જબાન પર 'ઉમ્મતી–ઉમ્મતી' હશે.

તફસીરે બુરહાનમાં છે કે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે જ્યારે તમામ મખ્લૂકને રજૂ કરવામાં આવશે, તો જહન્નમનો અવાજ અને ભડકતી આગ જોઈને તમામ મખ્લૂક ડરી જશે, અને જો અલ્લાહનો ફેંસલો ન હોત તો તમામ મખ્લૂક તે જ વખતે ભયના લીધે મૃત્યુ પામત. જ્યારે જહન્નમના ભડકા બહાર નીકળશે તો બધા ફરિશ્તા અને અંબિયા પણ 'નફસી–નફસી'નો અવાજ બુલંદ કરશે અને રસૂલે ખુદા (સ.) 'ઉમ્મતી–ઉમ્મતી'ની સદા બુલંદ કરશે, અને પછી દોઝખ ઉપર એક પુલ બિછાવવામાં આવશે જે વાળથી પણ બારીક અને તલવારથી વધારે ધારદાર હશે, અને તેના ઉપર ત્રણ મંઝિલો હશે. પહેલી મંઝિલ પર સિલે રહમી અને અમાનત બાબતે સવાલ કરવામાં આવશે. બીજી મંઝિલ ઉપર નમાઝ બાબતે સવાલ થશે, અને ત્રીજી મંઝિલ રહેમતે પરવદિગારની મંઝિલ હશે. એ વખતે ફરિશ્તા પણ 'માફી માફી'નો અવાજ બુલંદ કરશે, અને ઈન્સાનો પતંગિયાની જેમ કપાઈ કપાઈને જહન્નમમાં પડી રહ્યા હશે,

'મીરસાદ' એ મંઝિલોમાં અલ્લાહની રહેમતની એક મંઝિલનું નામ છે. જહન્નમના પુલ ઉપર પૂછાણાનાં સાત સ્થળો હશે, પહેલા સ્થળ પર ઈન્સાનને રોકવામાં આવશે, અને તોહીદનો સવાલ થશે. બીજા સ્થળે નમાઝ બાબતે પૂછવામાં આવશે. ત્રીજા સ્થળે ઝકાતની પૂછપરછ થશે. ચોથા સ્થળે માહે રમઝાનના રોઝા બાબતે પૂછવામાં આવશે. પાંચમા સ્થળે હજ વિષે પૂછાશે. છઠ્ઠા સ્થળે વાજિબ ઉમરા વિષે પૂછાશે, અને સાતમા સ્થળે લોકોના હકકો વિષે સવાલ થશે. જે ત્યાંથી પસાર થઈ ગયો, તો સમજી લો કે તે મુકિત પામ્યો, નહીં તો હુકમ થશે કે તેના નેક આમાલને બદલામાં રાખતા જાઓ. મતલબ એ કે તેના ગુનાના મુકાબલામાં જો નેકી વધારે હશે તો તેને જન્નતમાં મોકલવામાં આવશે, નહીં તો જહન્નમમાં ધકેલી દેવામાં આવશે. સાચા અકીદા પછી બધાથી પહેલાં નમાઝનો સવાલ થશે, માટે નમાઝથી ગફલત ન કરવી જોઈએ.

તે દિવસનો અલ્લાહનો અઝાબ જોઈને કુફ્ફાર તે દિવસે તોબા કરશે પણ અલ્લાહ કહે છે કે તે દિવસની તોબા કંઈ કામ નહીં આવે, માટે ઈન્સાનને પોતાના ગુનાની તોબા પોતાની હયાતીમાં જ કરી લેવી જોઈએ.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **(ફરમાવશે**

**કે) અય શાંતિધારી નફ્સ ! (૨૭)**

**તું તારા પરવરદિગાર તરફ પાછો ફર એવી સ્થિતિમાં છે કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી (રાજી હોય). (૨૮)**

**માટે તું મારા ખાસ બંદાઓમાં દાખલ થઈ જા. (૨૯)**

**અને મારી જન્નતમાં ચાલ્યો આવ. (૩૦)**

૨૭મી આયતમાં કુદરત ફરમાવે છે કે અય શાંતિધારી નફ્સ, એટલે મોતના વખતે જેને ખુશખબરી આપવામાં આવી હોય, અથવા જેનું આમાલનામું જમણા હાથમાં આવ્યું હોય, તેને સંબોધન થશે કે અય ઈત્મિનાનવાળા નફ્સ, તારાથી ખુદા રાજી છે. તું તેના ઈનામોથી રાજી થઈને તેના રાજીપા તરફ જા અને નેક બંદાઓના ટોળામાં અલ્લાહની જન્નતમાં દાખલ થા.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી વર્ણન છે કે મોમિનની પાસે જ્યારે રૂહ કબ્ઝ કરનાર ફરિશ્તો પહોંચે છે, તો તે ગભરાઈ જાય છે, ત્યારે મલકુલ મોત કહે છે કે, અય અલ્લાહના પ્યારા ! તું ડર નહીં, ખુદાની કસમ, જેણે હઝરત મોહંમદ (સ.)ને નબીએ બરહક બનાવીને મોકલાવેલ છે, હું તારા બાપથી પણ વધારે મહેરબાન સાબિત થઈશ. તું જરા આંખ તો ઊઘાડ. તું તારી સામે પંજેતન પાક (અ.) અને બાકીના અઈમ્મએ તાહેરીન (અ.)ને જોઈશ, અને તે મોમિનને બતાવવામાં આવશે કે આ જ રસૂલે ખુદા (સ.) છે, આ જ. ફાતેમા (અ.), અમીરુલ મોમિનીન હઝરત અલી (અ.) છે અને બાકીના અઈમ્માએ તાહેરીન (અ.) છે. આ જોઈને મોમિન ખુશ થઈ જશે. એ વખતે રબ્બુલ ઈઝ્ઝત તરફથી એક મુનાદી નિદા આપશે, ''અય શાંતિધારી નફ્સ ! તું તારા રબ તરફ પાછો ફર, એવી હાલતમાં કે તું તેનાથી રાજી હોય અને તે તારાથી, અને મારા બંદાઓ મોહંમદ (સ.) અને આલે મોહંમદના ટોળામાં ભળી જા.'' તે વખતે મોમિનને રૂહ કબ્ઝ થતી વખતે જે ખુશી થશે તે બહુ જ વધારે હશે.

એક રિવાયતમાં છે કે શાંતિધારી નફ્સથી મુરાદ હઝરત અલી (અ.) છે, અને એક રિવાયતમાં એમ પણ છે કે આ સૂરો હઝરત ઈમામ હુસૈન (અ.) સાથે ખાસ સંબંધ ધરાવે છે, અને નફ્સે મુત્મઈન્નાથી મુરાદ હઝરત ઈમામ હુસૈન (અ.) છે. જે કોઈ આ સૂરાની તિલાવત કરશે તે હઝરત ઈમામ હુસૈન (અ.)ની સાથે હશે. આ આયતની તાવીલ હઝરત અમીરુલ મોમિનીન (અ.) અને અઈમ્માએ તાહેરીન (અ.)ના હકમાં છે અને તેઓ પછી તેમના પગલે ચાલનારા હઝરત મોહંમદ (સ.) અને આલે મોહંમદ (અ.)ના દોસ્તો છે કે જે કયામત સુધી આ આયતની તાવીલમાં શામેલ છે.


**રક્ષણ ફેબ્રીકેશન ગૃપ**

ગ્રીન હાઉસ, ખેતર, પ્લોટ, વાડી, વગેરેની ફેન્સીંગ જાળી અને ફેન્સીંગ તારની વાડનું કામ માલસામાન સાથે સંતોષકારક રીતે



કરી આપવામાં આવશે.



**સંપર્ક**

મોહંમદઅલી વી. ગોદડ – ૯૫૫૮૯૦૦૯૭૦

સાજિદઅલી એમ. ગોદડ – ૯૪૨૭૩૬૫૧૪૭

૯૬૬૨૦૯૫૫૮૮

**મુ.પો. હરિપુરા, પો.અરોડા, તા. ઇડર, જી.સાબરકાંઠા.**

# ધી વફાદાર ટુર

2015

2015

ઉમરાહ
ઈરાક
ઈરાન
માત્ર ૧,૨૦,૦૦૦
૪૦ દીવસ

2015

માત્ર ઉમરાહ
માત્ર ૬૦,૦૦૦
૧૪ દીવસ

2015

ઈરાન
માત્ર ૪૦,૦૦૦
૯ દીવસ

2015

ઈરાક ઈરાન
માત્ર ૮૨,૫૦૦
૨૫દીવસ

2015

ઈરાક
માત્ર ૬૦,૦૦૦
૧૭ દીવસ

:: Contect ::

Jafarali Bhatt Mo. 9998897720

Bakarali Bhatt Mo. 9998822121

**E-mail**:- vafadar_jafar@hotmail.com **Website**:- www.vafadar.in

130, 1 st Floor, Sun Complex -2 , Motipura Circle, Himmatnagar , S.K ,Pin - 383001 (Gujarat) India

મૌલાના ઓબયદુલ્લાહ અમૃતસરી દ્વારા સંપાદિત 'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

## જનાબે અમીર (અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

(ગતાંકનું ચાલુ)

**ઈન્ની કદ તરકતો ફીકોમુસ્સકલૈન હદીસનું બયાન :**

(૩) અબૂ સઈદ ખુદરી (રઝી.અ.)થી રિવાયત છે કે તેહકીકની સાથે જનાબે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે હું ગુમાન કરું છું કે મને પોકારવામાં આવશે અને હું સ્વીકૃતિ કરીને કહીશ અને હું તમારી વચ્ચે બે ભારે વસ્તુઓ મૂકી જવાનો છું. અગર તમે તેમને તમસ્સુક (પકડી) લેશો તો મારા પછી તમે કદાપિ ગુમરાહ નહીં થાઓ, એક અલ્લાહની કિતાબ છે કે જે આસમાનથી એક લાંબી રસ્સી ઉતરી છે અને બીજી મારી ખવીશ અહલેબૈત છે. મને મહેરબાનીવાળાએ, ખબર આપનારાએ ખબર આપી છે કે આ બન્ને કદાપિ એકબીજાથી જુદા નહીં થાય, જ્યાં સુધી કે હૌઝ ઉપર નહીં આવે.

(૪) જાબિર બિન અબ્દુલ્લાહ (રઝી.અ.) થી મરવી છે કે હું અરફાના દિવસે જનાબે રસૂલે ખુદા (સ.)ને અઝબા (નામની) ઊંટડી પર સવાર જોયા કે આપ (સ.) ખુત્બો ઈરશાદ ફરમાવી રહ્યા હતા, અને મેં સાંભળ્યું કે આપ (સ.) કહે છે કે મેં પોતાના પછી તમારામાં બે વસ્તુઓ મૂકી છે. અગર તમે તેને પકડી લીધી તો તમે મારા પછી કદાપિ ગુમરાહ નહીં થાઓ, તે અલ્લાહની કિતાબ અને મારી ખવીશ (ઓલાદ) અહલેબૈત છે.

(૫) ઝૈદ બિન સાબિત (રઝી.અ.)થી મન્કૂલ છે કે જનાબે રસૂલુસ્સકલૈન સલવાતુલ્લાહ વ સલામ અલૈહે ફરમાવે છે, મેં તમારામાં બે વસ્તુઓ (ખલફે) મૂકવાવાળો છું, અલ્લાહ અઝ્ઝ વ જલ્લની કિતાબ કે જે એક લાંબી રસ્સી આસમાન અને જમીનની વચ્ચે છે, અને મારા ખવીશ અહલેબૈત, અને બેશક આ બન્ને કદાપિ એકબીજાથી જુદા નહીં થાય, એટલે સુધી કે હૌઝે કૌસર પર આવે.

(૬) જનાબે અમીર (અ.)થી મરવી છે કે નબીએ કરીમ (સ.)એ ફરમાવ્યું છે કે તેહકીકની સાથે કે મેં તમારામાં બે વસ્તુઓ મૂકી છે કે અગર તમે તેને પકડી લીધી તો તમે કદાપિ ગુમરાહ નહીં થાઓ. તે એક તો અલ્લાહની કિતાબ છે કે જેનો એક છેડો ખુદાના હાથમાં છે, અને બીજો તમારા હાથોમાં છે અને તે મારા અહલેબૈત છે.

(૭) જનાબે અલી (અ.)થી રિવાયત છે કે તેહકીકપૂર્વક જનાબે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું છે કે હું તમારામાં એવી વસ્તુઓ મૂકીને જવાનો છું કે અગર તમે તેમને પકડી લીધી તો તમે કદાપિ ગુમરાહ નહીં થાઓ. તે અલ્લાહ અઝ્ઝ વ જલ્લની કિતાબ છે કે તેની એક બાજુ ખુદાની તરફ અને બીજી બાજુ તમારા હાથમાં છે અને મારા ખવીશ અહલેબૈત છે અને કદાપિ આ બન્ને અલગ નહીં થાય એટલે સુધી કે હૌઝે કૌસર પર નહીં ઉતરે.

(૮) અબૂઝર ગિફારી (રઝી.અ.)એ કા'બાના દરવાજાનું કડું પકડેલું હતું અને કહી રહ્યા હતા કે મેં જનાબે રસૂલે ખુદા (સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે હું તમારામાં બે ભારે વસ્તુઓ છોડવાવાળો છું, અલ્લાહની કિતાબ અને મારી ઈતરત. તેથી તેહકીકપૂર્વક આ બન્ને એકબીજા સાથેથી અલગ નહીં થાય, જ્યાં સુધી કે હૌઝે કૌસર પર ન આવે. તેથી જુઓ કે તમે એ બન્ને સાથે મારા પછી કેવો વર્તાવ કરો છો.

(૯) આંહઝરત (સ.)ના ગુલામ અબૂ રાફેઅ કહે છે કે જ્યારે આંહઝરત (સ.) હજ્જતુલ વિદાઅથી પાછા ફરીને ગદીરે ખુમ પર નાઝિલ થયા તો લોકોને બપોરના સમયે ખુત્બો સંભળાવવા માટે ઊભા થયા અને ફરમાવ્યું, અય લોકો ! મેં તમારામાં બે વજનદાર વસ્તુઓ મૂકી છે, એક સક્લે અકબર, એક સક્લે અસ્ગર. તેથી સક્લે અકબરનો એક છેડો ખુદાના હાથમાં છે, અને તેનો બીજો છેડો તમારા હાથમાં છે. અગર તમે તેમને પકડી રાખ્યો તો કદાપિ અબ્દ સુધી ગુમરાહ નહીં થાઓ. અને સક્લે અસ્ગર મારા ખવીશ અહલેબૈત છે. તેહકીકપૂર્વક અલ્લાહ તઆલાએ, કે જે ખબર આપવાવાળો છે, મને ખબર આપી છે કે આ બન્ને એકબીજાથી કદાપિ જુદા નહીં થાય, જ્યાં સુધી કે હૌઝ પર ન આવે.

(૧૦) અબૂ હુરૈરા (રઝી.અ.)થી મરવી છે કે જનાબે રિસાલત મઆબ (સ.)એ ઈરશાદ કર્યો કે હું તમારામાં બે વસ્તુઓ મૂકી જાઉં છું અને તમે આ બન્નેને પકડી રાખી તો અબ્દ સુધી ગુમરાહ નહીં થાઓ, તે અલ્લાહની કિતાબ અને મારો નસબ છે અને કદાપિ આ બન્ને એકબીજાથી જુદા નહીં થાય, જ્યાં સુધી હૌઝ પર ન આવે.

## ટહુકો...

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહ

બધા મોમિન બિરાદરો, મોમિના બહેનો અને મોહિબ્બાને અહલેબૈતને હું દિલી ગુઝારિશ કરું છું કે આ મારી નાનકડી તકરીરને ધ્યાનથી વાંચે, સમજે અને તેમાં કોઈ પણ પ્રકારની ભૂલચૂક હોય તો મને માફ કરે.

દરેક જમાનાના સમાજમાં દીની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવે તો એવું લાગે કે જે જમાનામાં જેની જરૂર આવી પડે છે તે પ્રમાણે અમારા પીરોએ હિદાયત કરી, આજે પણ એ સિલસિલો ચાલુ છે કે જે અમારા પીર મુજાહિદહુસૈન બાવા કરી રહ્યા છે. આજે અમારા પીર સાહેબનું સમગ્ર ધ્યાન મોહિબ્બાને અહલેબૈત અને અન્ય મુસલમાનોની નાઈત્તેફાકીને દૂર કરવાનું છે.

જ્યારે કોમ ભટકી જાય છે તો કોમના રહેનુમાઓ કોમને બચાવવા ભરપૂર હિદાયત કરે છે. કેટલાક રહેનુમાઓએ કશ્તીઓ બનાવી, ઉદાહરણ તરીકે હઝરત નૂહ (અ.)ની કશ્તી. અને આપણા નબી (સ.)એ અહલેબૈત (અ.)ને નૂહ (અ.)ની કશ્તી સમાન ગણી. જે લોકો તેમાં સવાર થાય છે, તે નજાત પામી લે છે, જે નથી સવાર થતા તે ગરક થઈ જાય છે પછી ભલે ને તે નૂહ (અ.)નો બેટો પણ કેમ ન હોય.

હું એટલા માટે તમને બધાને હાથ જોડીને દિલી ગુઝારિશ કરું છું કે બુગ્ઝ, નિફાક અને દુશ્મનીને છોડી દઈને, આજના જમાનામાં આપણા પીર સાહેબે એકતાની જે કશ્તી બનાવી છે અને દેશવિદેશ જઈને તેમાં સવાર થવા માટે પોકારી રહ્યા છે, તો આવો, આપણે બધા પીર પાર્ટી, ઈસ્નાઅશરી અથવા અન્ય ફિરકા પરસ્તીને છોડી દઈને, એક બનીને કશ્તીમાં સવાર થઈ જઈએ કે જેથી ખુદા તઆલા આપણને નજાત આપે, નહીંતર આપણે બધા લોકો નૂહ (અ.)ના બેટા અને તેમની કોમની માફક ગરક થઈ જઈશું.

- અહમદ વી. મૂસા

(૧૧) ઉમ્મે હાની બિન્તે અબૂ તાલિબ (રઝી.અ.)થી રિવાયત છે કે જ્યારે જનાબે રસૂલલ્લાહ (સ.) હજથી પાછા વળીને ગદીરે ખુમ પર પહોંચ્યા તો બે ઝાડની વચ્ચે ઝાડુ ફેરવવાનો હુકમ આપ્યો. પછી બપોરે ખુત્બો પઢવા માટે ઊભા થયા અને ફરમાવ્યું, અય લોકો હું એવું ગુમાન કરું છું કે મને બોલાવવામાં આવશે અને હું મંજૂર કરીશ, અને મેં તમારામાં બે વસ્તુઓ મૂકી છે કે જેની સાથે તમસ્સુક કરવાથી તમે અબ્દ સુધી ગુમરાહ નહીં થાઓ, તે અલ્લાહની કિતાબ છે કે જેનો એક છેડો ખુદાના હાથમાં છે અને બીજો છેડો તમારા હાથોમાં છે અને મારા ખવીશ અહલેબૈત છે. હું તમને મારા અહલેબૈતની બાબતમાં ખુદાને યાદ અપાવું છું, સાચું એ છે કે તે બન્ને એકબીજાથી કદાપિ જુદા નહીં થાય, જ્યાં સુધી કે હૌઝ પર ન આવે.

(૧૨) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા (રઝી.અ.)થી મન્કૂલ છે કે મકામે ગદીરે ખુમમાં જનાબે રસૂલલ્લાહ (સ.)એ અલીનો હાથ પકડીને એટલા બધા ઊંચા કર્યા કે અમે આપની બગલની સફેદી જોઈ, અને ફરમાવ્યું, જેનો હું મૌલા હતો તેના અલી મૌલા છે. પછી ફરમાવ્યું, અય લોકો ! હું તમારામાં બે વજનદાર વસ્તુઓ પાછળ મૂકી જનાર છું, અલ્લાહની કિતાબ અને મારી ઈતરત અને આ બન્ને કદાપિ એકબીજાથી જુદાં થનાર નથી, જ્યાં સુધી કે હૌઝે કૌસર પર ન આવે. (ક્રમશઃ)


**રેસ્ટોરન્ટનું ફર્નિચર આપવાનું છે.**

**પાર્લરનો ૧૫ ફૂટ શેડ આપવાનો છે.**

મો. નજરઅબ્બાસ – ૯૮૨૫૮ ૭૯૪૨૯

અકબરઅલી – ૯૫૫૮૯ ૩૧૨૮૦





باغِ مجتبیٰ

# Bagh - e - Mujtaba

સમગ્ર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના દરેક ભાઈઓ-બહેનોને જણાવતા આનંદ થાય છે. કે અમદાવાદ જુહાપુરા (મકરબા)માં હૈદરીબાગની લાઈનમાં ૧૩૨ ફુટ મકરબા મેઈન રોડ ઉપર "બાગે મુજતબા" નામની (અને.એ.એન.ઓ.સી., ટાઈટલ કલિયર, મ્યુનિસિપલ એપ્રુવલ પ્લાન વીથ બી.યુ. પરમિશન) સ્કીમ મુકવામાં આવી છે.જેનુ બુકીંગ તા.૨૪/૦૮/૨૦૧૪ થી શરુ થયેલ છે.અને વહેલા તે પહેલાના ધોરણે બુકીંગ લેવામાં આવે છે.

- ફાયનલ પ્લોટ ૯,૦૦૦ ચોરસ વાર
- મેઈન રોડ ની તરફ કોમર્શિયલ શોપ તેમજ તેની બિલકુલ પાછળ ઈમામવાડા માટે હોલ, અને પાછળના ના ભાગ માં રેસીડેન્સિયલ ફ્લેટ
- ઈમામવાડા માટે અંદાજીત ૧૦,૦૦૦ ચોરસ ફુટ જગ્યા નું આયોજન છે.
- ૧૧૬ ચો.વાર (2 BHK), ૧૩૭ ચો.વાર (2 BHK), ૧૭૧ ચો.વાર (3BHK),
- બોસ્તાને તિફ્લાન નું આયોજન કેરલ છે. (Pre Primary School )
- મેડિકલ કન્સલ્ટીંગ રૂમ નું પણ આયોજન કરેલ છે.
- રેસીડેન્સિયલ ફ્લેટ માટે કુલ છ બ્લોક (A,B,C,D,E,F,) રહેશે
- એક ટાવર (૧૨ ફ્લોર) માં બે બ્લોક બનશે (A+B,C+D,E+F) કુલ ત્રણ ટાવર બનશે.
- સંપૂર્ણ હવા-ઉજાસવાળું તથા સારી ગુણવત્તાવાળુ કન્સ્ટ્રકશન
- લોન ની સગવડ

| | | |
|---|---|---|
| આબિદહુસૈન પટેલ | મોહંમદઅલી લોઢા | વજીરઅલી પટેલ |
| ૯૮૨૫૧૪૮૨૦૩ | ૯૮૨૪૪૬૫૩૬૧ | ૯૪૨૮૭૫૫૨૩૪ |
| સુલેમાનભાઈ ચૌધરી | સબ્બીરભાઈ ભટ્ટા | સલમાનભાઈ વાઘ |
| ૭૩૮૩૬૭૪૧૪૩ | ૯૮૯૮૫૨૭૮૨૪ | ૯૮૨૪૬૨૮૨૮૧ |

સરનામું :

ફાઈનલ પ્લોટ નં. ૪૮/૧, અલ બુર્ઝની બાજુમાં ૧૩૨ ફુટ મકરબા રોડ,
મકરબા, અમદાવાદ - ૩૮૦૦૫૫.

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

લેખક : શેખ મુફીદ



# અલ ઈર્શાદ

## તાઈફની લડાઈ

જ્યારે હુનૈનના જંગમાં બુતપરસ્તોને પરાજય મળ્યો તો અલ્લાહ તઆલાએ તેમને વિરવિખેર કરી નાખ્યા. હવે બુતપરસ્તો બે વિભાગોમાં વહેંચાઈ ચૂક્યા હતા. બદ્દુઓની બહુમતી અને તેમના સમર્થકો ઔતાસ તરફ ચાલ્યા ગયા અને શકીફ અને તેના સમર્થકો તાઈફ તરફ ચાલ્યા ગયા. પયગમ્બરે ખુદા (સ.)એ અબૂ આમિર અશરીને ઔતાસ તરફ જવાનો હુકમ આપ્યો. તેમની સાથે ફોજની ટુકડી મોકલી કે જેમાં અબૂ મૂસા અશરી પણ શામેલ હતા. બીજી બાજુ આપ (અ.)એ અબૂ સુફિયાન, શુક્ર બિન હરબને તાઈફ જવાનો હુકમ આપ્યો.

અબૂ આમિર ઈસ્લામી નિશાન લઈને જ્યાં જવાનું હતું તે મંઝિલે પહોંચી ગયા અને જિહાદ કરતી વખતે શહીદ કરી દેવાયા. મુસલમાનોએ અબૂ મૂસાને કહ્યું,

‘‘આપ તો લશ્કરના સરદારના પિત્રાઈ ભાઈ છો અને જો કે, તેમને કતલ કરી દેવામાં આવ્યા છે તેથી આપ ઈસ્લામી નિશાન સંભાળો જેથી મુસલમાનો આપની અધ્યક્ષતામાં જિહાદ કરી શકે.’’

આ સાંભળીને અબૂ મૂસાએ નિશાન ઊંચું કર્યું અને મુસલમાનોએ જિહાદ કરી અને તેમને સફળતા મળી ગઈ.

બીજી બાજુ અબૂ સુફિયાન તાઈફ આવ્યા અને તેમનો સામનો શકીફ સાથે થયો. સકીફના ફોજીઓએ અચાનક તેમના પર (અબૂ સુફિયાન પર) હુમલો કરી દીધો, અને તેમને જંગનું મેદાન છોડીને નાસી જવા પર મજબૂર કરી દીધા. તે નાસીને પયગમ્બર (સ.)ની પાસે આવ્યા અને બોલ્યા,

‘‘આપે ફોજની સાથે મને મોકલ્યો હતો, પરંતુ તે લોકો એટલી પણ શક્તિ ધરાવતા ન હતા કે હઝીલ અને બદ્દુઓનાં વાસણો પણ ઉઠાવી શકે. તે મારા કામના ફોજી નહોતા.’’

આ સાંભળીને પયગમ્બર (સ.)એ તેમની તરફથી મોઢું ઘૂમાવી દીધું અને બીજી તરફ ચાલ્યા ગયા. પાછળથી આંહઝરત (સ.) પોતે જ મુસલમાનોને લઈને તાઈફ ગયા અને શહેરનો ઘેરો કરી લીધો. આંહઝરત (સ.)એ અમીરુલ મોમિનીન (અ.)ને મોકલ્યા. આપની સાથે કેટલાક ફોજી પણ ઘોડાઓ પર સવાર થઈને ગયા. આંહઝરત (સ.) એ અમીરુલ મોમિનીન (અ.)ને હુકમ આપ્યો કે તેમની સામે જે પણ આવે તેને બરબાદ કરી દેવામાં આવે અને જ્યાં જ્યાં બુત જોવા મળે, તેમને તોડી નાખવામાં આવે.

આપ આગળ વધી ગયા એટલે સુધી કે આપનો સામનો ખશઅમ અને તેની ફોજી ટુકડીથી થયો. તે ટુકડીનો એક માણસ શહાબ હતો. તે

ફજ્રના પહેલાં અંધારામાં આગળ આવ્યો અને બૂમ પાડીને કહ્યું,

"તમારામાં એવો કોઈ છે કે જે એકલો મારી સાથે જંગ કરે ?"

અમીરુલ મોમિનીન (અ.)એ પોતાના સાથીઓને પૂછ્યું,

"તમારામાં કોઈ એવો છે કે જે તેનો મુકાબલો કરે ?"

પરંતુ કોઈ પણ લડવાની હિંમત ન કરી શક્યો. અમીરુલ મોમિનીન (અ.) પોતે ઊભા થયા. ત્યારે અબૂલ આસ બિન રબીઅ ઊભો થયો અને બોલ્યો,

"અમીરુલ મોમિનીન ! તે આપનો મુકાબલો કરી શકતો નથી."

આપ (અ.)એ જવાબ આપ્યો,

"બેશક, પરંતુ જો હું કતલ થઈ ગયો તો ઈસ્લામી ફોજની કમાન્ડ સંભાળી લેજો."

આટલું કહીને અમીરુલ મોમિનીન (અ.) આગળ વધ્યા અને આવા રજઝ પઢ્યા,

"સરદાર પોતાની ફરજથી મજબૂર થઈને નેઝાની તરસને ખૂનથી બુઝાવે છે અથવા તો નેઝો ટૂટી જાય છે."

આપ (અ.)એ નેઝાના એક પ્રહારથી તેનું કામ તમામ કરી દીધું. ત્યાર પછી આપ પોતાના ફોજીઓની સાથે બુતશીકની કરવામાં મશગૂલ થઈ ગયા. પછી આપ પયગમ્બરે ખુદા (સ.)ની ખિદમતમાં પાછા આવ્યા. એ વખતે આંહઝરત (સ.) તાઈફના ઘેરાને તંગ કરવામાં મશગૂલ હતા.

જ્યારે પયગમ્બરે ખુદા (સ.)એ આપને જોયા તો અલ્લાહો અકબરનો નાઅરો બુલંદ કર્યો. આંહઝરત (સ.)એ આપનો હાથ પોતાના હાથમાં લીધો અને એકાંત જગ્યાએ જઈને લાંબા સમય સુધી રાઝો નિયાઝની વાતો કરતા રહ્યા.

(અબ્દુર્રહેમાન બિન સુબાબા અને અજલહ આ બન્નેનું એવું બયાન છે કે તેમણે અબૂ ઝુબૈરના હવાલાથી અને તેમણે જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીના હવાલાથી સાંભળ્યું છે કે :)

જ્યારે રસૂલે ખુદા (સ.) એકાંતમાં હઝરત અલી (અ.) સાથે તાઈફની લડાઈ દરમિયાન વાતચીતમાં મગ્ન હતા ત્યારે ઉમર બિન ખત્તાબ આવ્યા અને બોલ્યા,

"આપ તેમને અલગ લઈ જઈને વાતચીત શા માટે કરી રહ્યા છો જ્યારે કે અમે લોકો વાતચીતમાં શામેલ નથી ?"

આંહઝરત (સ.)એ જવાબ આપ્યો,

"અય ઉમર ! મેં જ તેમને પોતાના હમરાઝ નથી બનાવ્યા, પરંતુ અલ્લાહે પણ તેમને પોતાના હમરાઝ બનાવ્યા છે."

ઉમરે આંહઝરત (સ.)ને સંબોધન કરીને કહ્યું,

"આ તો બિલકુલ એવી જ બાબત છે કે જે આપે અમને હુદૈબિયાના પહેલાં બતાવી હતી કે જો અલ્લાહની મદદ મળશે તો આપણે લોકો મસ્જિદુલ હરામમાં દાખલ થઈ જઈશું, પરંતુ આપણે એમાં દાખલ ન થઈ શક્યા અને આપણે પાછા આવવું પડ્યું."

પયગમ્બર (સ.) ગરજીને બોલ્યા,

"મેં તમને એવું નહોતું કહ્યું કે તમે લોકો આ વર્ષે મસ્જિદુલ હરામમાં દાખલ થઈ જશો."

પાછળથી નાફેઅ બિન ગૈલાન બિન મઅતબ

તાઈફના કિલ્લામાંથી બહાર આવ્યા. તેની સાથે શકીફ અને તેની સાથે કેટલાક ઘોડેસવાર સિપાહીઓ પણ હતા. અમીરુલ મોમિનીન (અ.)નો તેમની સાથે મુકાબલો બતને વજમાં થયો. આપ (અ.)એ તેને કતલ કરી નાખ્યો, તેના બાકીના બુતપરસ્તો નાસી જવામાં સફળ થઈ ગયા. બુતપસ્તોમાં વહેશત ફેલાઈ ગઈ અને તે લોકોની એક જમાઅત પયગમ્બરે ખુદા (સ.)ની પાસે આવી અને તે લોકો મુસલમાન થઈ ગયા. પયગમ્બરે ઈસ્લામ (સ.) એ તાઈફનો ઘેરો લગભગ દસ દિવસ સુધી ચાલુ રાખ્યો.

આ ગઝવામાં અલ્લાહ તઆલાએ અમીરુલ મોમિનીન (અ.)ના ફઝાએલ અને સિફતોને વધારે પ્રમાણમાં વધાર્યા. આપની સિફતોનો મુકાબલો કરવાવાળો કોઈ બીજો ન હતો. આ ગઝવાના વિજયનો સેહરો આપના જ માથે બંધાયો હતો. આપના હાથે ખતઅમના બહાદુરોની કતલ થઈ. તે ઉપરાંત પણ ઘણા બધા બુતપરસ્ત આપની શમશીરથી માર્યા ગયા. આપે લાંબા સમય સુધી પયગમ્બરે ઈસ્લામની સાથે એકાંતમાં રાઝો નિયાઝની વાતો કરી. આંહઝરત (સ.)એ એ પણ કહ્યું કે રાઝો નિયાઝની વાતોમાં તેમની સાથે અલ્લાહ પણ શરીક હતો. તેમના (અમીરુલ મોમિનીનના) માટે આનાથી વધારે પ્રશંસાપાત્ર બાબત કઈ હશે કે જેણે આપની સિફતો અને ફઝાએલને બુલંદી સુધી પહોંચાડી દીધા હતા, કે આપના હમરાઝ બની ગયા (સુબ્હાનલ્લાહ) પરંતુ આ ફઝાએલથી દુશ્મનોનાં કાળજાં સળગી ગયાં. અલ્લાહ આપનો હમરાઝ બન્યો, રસૂલલ્લાહ (સ.) આપના હમરાઝ રહ્યા. આ એવી નસીહત ભરેલી વાતો છે કે જેમને સુક્ષ્મદૃષ્ટિવાળા લોકો જ સમજી શકે છે.


AN ISO 9001:2008 CERTIFIED COMPANY

Tastea Anand™ NAMKEEN

આનંદ નમકીન

કાકોશી ચાર રસ્તા,
નવજીવન હોટલની બાજુમાં,
સિધ્ધપુર-૩૮૪૧૫૧,
જી. પાટણ, (ઉ.ગુ.)

સિધ્ધપુરનું પ્રખ્યાત

100 % Veg.

નવરતન મીક્ષ
તીખું ચવાણું
રતલામી સેવ
મોળી સેવ
વટાણા
ભાખરવડી
ગાંઠીયા
પાપડી
કચોરી
દાળ મુઠ
ખાખરા
શક્કરપારા
સ્પે. ભેળ
ફુલવડી
સીંગ ભજીયા
ફરાળી ચેવડો
ચણાદાળ
મોગર દાળ
સ્પે ચવાણું
મરી ગાઠીયા
આલુ સેવ
ફ્રાઈમ્સ

મીજલીસના ન્યાજ માટે તેમજ શુભ પ્રસંગે વ્યાજવી ભાવે ફરસાણ મળશે.


www.tasteaanand.com Ph.: (02767) 225393 Mob : 9825907410

# HONEST RESIDENCY


-:બુકીંગ સંપર્ક:-


હસન અબ્બાસ જી. ડોડીયા :
Mo.-76008 01883

ઈમ્દાદ અલી સાલેહ :
Mo.-99250 71486




| SALABLE AREA TABLE | | |
|---|---|---|
| NO. | AREA IN MT. | AREA IN FEET. |
| 01 | 119.89 | 1290.01 |
| 02 | 83.81 | 901.79 |
| 03 | 83.81 | 901.79 |
| 04 | 83.81 | 901.79 |
| 05 | 83.81 | 901.79 |
| 06 | 96.28 | 1035.97 |
| 07 | 96.28 | 1035.97 |
| 08 | 83.81 | 901.79 |
| 09 | 83.81 | 901.79 |
| 10 | 83.81 | 901.79 |
| 11 | 139.18 + 111.02 (open) | 1497.57 + 1194.57 (open) |
| 12 | 154.15 + 128.77 (open) | 1658.65 + 1385.56 (open) |
| 13 | 97.52 | 1049.32 |
| 14 | 97.52 | 1049.32 |
| 15 | 97.52 | 1049.32 |
| 16 | 97.52 | 1049.32 |
| 17 | 97.52 | 1049.32 |
| 18 | 60.48 | 650.76 |
| 19 | 79.67 | 857.24 |
| 20 | 86.37 | 929.34 |
| 21 | 91.49 | 984.43 |
| 22 | 96.60 | 1039.41 |
| 23 | 108.49 + 140.93 (open) | 1167.35 + 1516.40 (open) |





# મીર અનીસના મરસિયા

**મરસિયા—૩** (ગતાંકનું ચાલુ) مرثیہ-۳

**ઇમામ હુસૈન (અ.)ની મદીનાથી સફર, કરબલામાં આગમન અને શહાદતનો પ્રસંગ**

امام حسین علیہ اسلام کا مدینے کا سفر
ورودِ کربلا و واقعاتِ شہادت

پاسِ ادب سے کہہ نہ سکے کچھ رفیق و یار — بولے یہ ہاتھ جوڑ کے عباسؑ نامدار
دل کو غلام کے نہیں آئے گا یاں قرار — سایے کی طرح ساتھ نہ چھوڑے گا جاں نثار
شاید نہ پہنچے یاں تلک آواز دُور کی
کفشیں لیے رہے گا یہ خادم حضور کی

૧૬

**પાસે અદબસે કેહ ન સકે કુછ રફીકો યાર — બોલે યે હાથ જોડ કે અબ્બાસે નામદાર**
**દિલકો ગુલામકે નહીં આએગા યાં કરાર — સાયેકી તરહ સાથ ન છોડેગા જાંનિસાર**
**શાયદ ન પહુંચે યાં તલક આવાઝ દૂર કી**
**કફશેં લિયે રહેગા યે ખાદિમ હુઝૂર કી**

(અદબ કરવાના ખયાલથી દોસ્તો અને સાથીદારો ઇમામ હુસૈન (અ.)ને કંઈ કહી શકયા નહીં. અબ્બાસ અલમદાર હાથ જોડીને કહેવા લાગ્યા, આપના આ ગુલામને આ જગ્યાએ દિલની શાંતિ નહીં મળે. આ જાંનિસાર તો પડછાયાની માફક તમારો સાથ નહીં છોડે. કદાચ આપનો દૂરનો અવાજ અહીં સુધી નહીં સંભળાય તેથી આ ખાદિમ આપનાં જૂતાં પકડીને ઊભો રહેશે.)

سمجھا کے بھائی کو گئے حاکم کے پاس شاہ — اس نے کہا معاویہ نے لی عدم کی راہ
پڑھیے خطِ یزید کو اے شاہِ دیں پناہ — پڑھ کر وہ خط امام نے کھینچی جگر سے آہ
فرمایا سر کٹے تو کٹے کچھ الم نہیں
دانستہ دیویں ہاتھ سے عزت وہ ہم نہیں

**૧૭**

**સમઝા કે ભાઈકો ગયે હાકિમ કે પાસ શાહ — ઉસને કહા મુઆવિયાને લી અદમકી રાહ**
**પઢીએ ખતે યઝીદકો અય શાહે દીં પનાહ — પઢકર વો ખત ઈમામને ખેંચી જિગરસે આહ**
**ફરમાયા સર કટે તો કટે કુછ અલમ નહીં**
**દાનિસ્તા દેવેં હાથસે ઈઝઝત વો હમ નહીં**

(ભાઈને સમજાવીને ઈમામ હુસૈન (અ.) હાકિમની પાસે ગયા. તેણે કહ્યું કે મુઆવિયાએ પરલોકનો રસ્તો લઈ લીધો છે. અય હુસૈન ! તમે યઝીદનો આ કાગળ વાંચો. તે કાગળ વાંચીને ઈમામના જિગરમાંથી એક આહ નીકળી. ઈમામે ફરમાવ્યું કે સર કપાઈ જાય તો ભલે કપાઈ જાય, કોઈ દુ:ખ નથી. જાણી જોઈને પોતાના હાથથી ઈજ્જત આપી દઈએ એવા અમે નથી.)

ہم ہیں ستونِ دین و نشانِ رہِ یقیں — خالق نے اپنے راز کا ہم کو کیا امیں
واللہ ہم ہیں وارثِ سردار مرسلیں — روشن ہمارے نورِ امامت سے ہے زمیں
گردش سے گو زمانے کی مظلوم آج ہیں
فضلِ خدا سے عرشِ معلّٰی کا تاج ہیں

**૧૮**

**હમ હૈં સુતૂને દીનો નિશાને રહે યકીં — ખાલિકને આપને રાઝકા હમકો કિયા અમીં**
**વલ્લાહ હમ હૈં વારિસે સરદારે મુર્સલીં — રોશન હમારે નૂરે ઈમામતસે હય ઝમીં**
**ગર્દિશ સે ગો ઝમાને કી મઝલૂમ આજ હૈં**
**ફઝલે ખુદાસે અર્શે મોઅલ્લા કા તાજ હૈં**

(અમે દીનના સ્તંભ છીએ અને યકીનના રસ્તાનું નિશાન છીએ. અલ્લાહે અમને પોતાની છૂપી વાતોના અમીન બનાવ્યા છે. અલ્લાહની કસમ, અમે પયગમ્બરોના સરદારના વારસદાર છીએ. અમારી ઈમામતના નૂરથી જમીન રોશન છે. જો કે, જમાનાના પરિભ્રમણને લીધે આજે અમે મઝલૂમ છીએ, ખુદાના ફઝલથી અમે અર્શે મોઅલ્લાના તાજ છીએ.)

یہ کہہ کے اٹھ کھڑے ہوئے شاہ ذوالاحترام — قبرِ رسولؐ پر اسی شب کو گئے امام
پلٹے ضریحِ پاک سے اور یہ کیے کلام — رخصت کرو حسینؑ کو یا سیدِ انام
تربت میں لے کے جلد لگا لیجے سینے سے
اعداء نکا لے دیتے ہیں مجھ کو مدینے سے

**૧૯**

**યે કેહ કે ઉઠ ખળે હુએ શાહે ઝુલએહતેરામ — કબ્રે રસૂલ પર ઈસી શબકો ગયે ઈમામ**
**પલટે ઝરીહે પાક સે ઔર યે કિયે કલામ — રુખ્સત કરો હુસૈનકો યા સૈયદે અનામ**
**તુરબતમેં લેકે જલ્દ લગા લીજે સીનેસે**
**આઅદા નિકાલે દેતે હૈં મુજકો મદીનેસે**

(આટલું કહીને ઈમામ હુસૈન (અ.) ઉઠીને ઊભા થઈ ગયા. એ જ રાત્રે ઈમામ હુસૈન (અ.) રસૂલલ્લાહ (સ.)ની કબર મુબારક પર ગયા. નાનાની પાક ઝરીહ મુબારક પરથી પાછા આવીને આ મુજબ શબ્દો કહ્યા કે, અય સૈયદે અનામ! હુસૈનને રુખ્સત કરો. મને આપની તુરબતમાં લઈને જલ્દીથી છાતી સાથે લગાવી દો. દુશ્મનો મને મદીનામાંથી બહાર કાઢી દે છે.)

حضرت کی قبر چھوٹتی ہے مجھ سے ناناجاں　　میں چھپ رہوں جہاں نہیں ایسا کوئی مکاں
آرام سے گھروں میں ہیں سب زیرِ آسماں　　فریاد ہے حسینؑ کو ملتی نہیں اماں
ناموس کو حضور کے کس جا بٹھاؤں میں
بچے ذرا ذرا سے کہاں لے کے جاؤں میں

૨૦
**હઝરતકી કબ્ર છૂટતી હય મુઝસે નાનાજાં　　મૈં છુપ રહૂં જહાં નહીં ઐસા કોઈ મકાં**
**આરામ સે ઘરોંમેં હૈં સબ ઝેરે આસમાં　　ફર્યાદ હય હુસૈનકો મિલતી નહીં અમાં**
**નામૂસ કો હુઝૂર કે કિસ જા બિઠાઉં મૈં**
**બચ્ચે ઝરા ઝરાસે કહાં લેકે જાઉં મૈં**

(અય નાનાજાન ! હઝરતની કબર મારાથી છૂટી રહી છે. હું જ્યાં સંતાઈ જાઉં એવું કોઈ સ્થળ નથી. આસમાનની નીચે બધા આરામથી પોતાના ઘરોમાં છે. મારી એ ફરિયાદ છે કે હુસૈનને અમાન મળતું નથી. હુઝૂર (સ.)ના ઘરવાળાઓને હું કઈ જગ્યાએ બેસાડું ? નાનાં નાનાં બાળકોને લઈને હું ક્યાં જાઉં ?)


અકબરઅલી
ફોન : ૦૨૭૭૨ - ૨૪૮૩૯૭
મો. : ૯૪૨૮૬ ૪૬૪૨૯

Bhagyoday DAIRY

દુધ ◦ દહીં ◦ ઘી ◦ છાશ ◦ પનીર ◦ લસ્સી
પેડા ◦ હલવો ◦ બાસુંદી ◦ શ્રીખંડ ◦ કેરીનો રસ (મેન્ગો મિલ્ક શેક)

ભાગ્યોદય ડેરી, બગીચા વિસ્તારના નાકે,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર.


smart- ATOM
smart- PASSION
smart- STUDIO
smart- FUEL
smart- DYNAMITE
smart- WILDFIRE
smart- POSH
smart- IHANDLE
smart- POSH
smart
future and beyond
The Fastest Growing Gadget Brand
Products Available In All Leading Gadget Stores
@E
ARTELLECT
step to next level
For Distribution Enquiries
sales@artellect.in +91 81403 45440
We Are Always On The Look For Dynamic Professionals Of Our Futuristic Company.
For Careers, Contact at operations@smartinfocomm.com
www.smartinfocomm.com


કમ્પ્યુટરની અડચણોના કારણે વ્યાપારમાં સમજોતા ના થાય,
બનાવો એડ્રોઈટને તમારો સાથી.
કમ્પ્યુટર સેલ્સ, સર્વિસ અને રીપેરીંગ | નેટ્વર્કિંગ સોલ્યુશન | સોફ્ટવેર સપોર્ટ
દરેક પ્રકારના બિલીંગ મશીન, પ્રિન્ટરસ્ તેમજ પેપર રોલ
Adroit
technologies
મોહંમદ અલી સુણસરા (દશાવાડા): + 91 96625 42969
E-mail: adroit440@gmail.com

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy

# એપિટમિ એગ્રીકલ્ચરલ રિસર્ચ & ડેરી એજ્યુકેશન પ્રોગ્રામ

પ્રસ્તુતકર્તા : એપિટમિ ડેરી ફાર્મ (મક્તબા જાફરીયા), ડૉ. નજરઅલી એચ. માંકણોજીયા (કાકોશી)

ડેરી ઉદ્યોગનો (પશુપાલનનો) ધંધો એ ભારતમાં ખેતી પછી સૌથી મોટો ધંધો છે, જેમાં વાર્ષિક વૃધ્ધિદર ૪ થી ૫ % છે. દેશમાં દૂધનું ઉત્પાદન જરૂરિયાતના પ્રમાણમાં ૨ કરોડ ટન ઓછું છે. ઈ.સ. ૨૦૧૦ના વર્ષમાં દેશનું દૂધ ઉત્પાદન ૧૪ કરોડ ટન હતું જ્યારે વપરાશ કરનાર માટેની જરૂરિયાત ૧૬ કરોડ ટનની હતી. આ માટે જરૂરિયાત અને ઉત્પાદન વચ્ચે ૨ કરોડ ટનનો તફાવત હતો. વર્ષ ૨૦૨૦ની સાલ સુધીમાં આપણને ઘરવપરાશના દૂધની જરૂરિયાતને પહોંચી વળવા માટે ૧૮ કરોડ ટન દૂધ ઉત્પાદન કરવાની જરૂર પડશે. આ લક્ષ્યાંકને પૂરો કરવા માટે ડેરી ઉદ્યોગનો વાર્ષિક વૃધ્ધિ દર ૬% હોવો જોઈએ કે જે હાલમાં ૪ થી ૫ % છે.

ભારતમાં અને એમાંય ગુજરાતમાં દૂધનો ધંધો સૌથી વધારે ખાત્રીવાળો (Promissing Business) ધંધો છે, જેમાં ખેડૂતને દૂધના પૈસા દર દસ દિવસે અથવા તો વધારેમાં વધારે ૩૦ દિવસે પરત મળે છે. પશુપાલન (દૂધના ધંધા) જેવી બીજા કોઈ ધંધામાં ગેરંટી નથી. પશુપાલનના ધંધામાં નફાની વાત કરીએ તો વાર્ષિક કુલ ખર્ચના ઓછામાં ઓછો ૩૦ થી ૩૫ % નફો મેળવી શકાય છે. એમાં પણ જો દૂધની અલગ અલગ બનાવટો બનાવવામાં આવે તો વધું નફો મેળવી શકાય છે. સામાન્ય ગણતરી જોઈએ તો, મહિનામાં ત્રણ પગાર મળે, અને વર્ષમાં બે વાર વધારો મળે.

| | | | |
|---|---|---|---|
| ૧૦ દિવસ (દર ૧૦ દિવસે દૂધ મંડળીમાં પગાર મળે છે.) | પગાર | બે પગાર ખર્ચ થાય એમ ગણતરીમાં લઈએ. | ૬૬ % ખર્ચ થાય. |
| ૧૦ દિવસ (દર ૧૦ દિવસે દૂધ મંડળીમાં પગાર મળે છે.) | પગાર | | |
| ૧૦ દિવસ (દર ૧૦ દિવસે દૂધ મંડળીમાં પગાર મળે છે.) | પગાર | એક પગાર બચત ગણીએ. | ૩૩ % બચત થાય. |

વર્ષમાં બે વાર વધારો (નફો) મળે છે.

| | | |
|---|---|---|
| દૂધ મંડળીનો વધારો | અંદાજે ૮ % મળતો હોય છે. | કુલ ૧૭ % વધારો મળે |
| દૂધ જિલ્લા સંઘનો (દા.ત., દૂધસાગર ડેરી) વધારો | અંદાજે ૯ % મળતો હોય છે. | |

કુલ બચત ગણીએ તો ૩૩% પગારની બચત અને ૧૭% વધારો કુલ મળી ૫૦% બચત છે. બજારમાં છે કોઈ આવો વ્યવસાય છે કે જેમાં ૫૦% નફો મળતો હોય ?

આજના આધુનિક અને હરિફાઈના જમાનામાં દરેકના ઘેરથી ગાય-ભેંસનો ધંધો વિદાય લઈ રહ્યો છે ત્યારે આ પશુપાલનનો ધંધો કેમ અને શા માટે અપનાવવો ? અને બીજા ધંધાની સરખામણીમાં દુધનો ધંધો કઈ રીતે ફાયદાકારક છે, તે જાણવું જરૂરી છે. કોઈ પણ વ્યવસાય સારો હોય કે ખરાબ તે જાણવા નીચેના મુદ્દા ધ્યાનમાં લેવા જોઈએ :

(૧) જે ધંધો કે વ્યવસાય કરવો હોય તેનું બજાર.

(૨) જે તે વસ્તુની બજાર કિંમત અને તેની તત્કાલીન બજાર કિંમતમાં સ્થિરતા.

(૩) ધંધા કે વ્યવસાયમાં નફાની ટકાવારી.

(૪) ધંધો કે વ્યવસાય કેટલો સમય ચાલશે ?

**(૧) જે વ્યવસાય કરવો હોય તેનું બજાર :** અત્યારે રોજિંદા જીવનમાં દૂધ, ઘી, માખણ, આઈસ્ક્રીમ, માવો, પનીર, ચીઝ, બધી જ વસ્તુઓ વપરાય છે, જેમ કે સવારે ચા, બપોરે જમતી વખતે છાશ, હોટલમાં પનીર કે ચીઝ વગર ચાલવાનું નથી.

અર્થશાસ્ત્રનો નિયમ છે કે જે વસ્તુની દરરોજ જરૂર પડતી હોય, અને તે ઝડપથી બગડી જતી હોય તેવા વ્યવસાયમાં કદી પણ મંદી આવી શકતી નથી. વળી સ્વાભાવિક રીતે દૂધ અને દૂધની બનાવટોની દરરોજ જરૂર પડે છે. તે જલ્દી બગડી જતું હોય છે, અને જરૂરિયાત પણ વધતી રહે છે, એટલે જ આ ધંધામાં મંદી આવવાની શક્યતાઓ બહુ જ ઓછી છે.

**(૨) જે તે વસ્તુની બજાર કિંમત અને તેની તત્કાલીન બજાર કિંમતમાં સ્થિરતા :** આ મુદ્દો દૂધના ધંધામાં સૌથી મહત્ત્વનો છે, કારણ કે જેમ ખેત પેદાશોની કિંમતમાં મોટા પાયે વધ-ઘટ જોવા મળે છે તેમ દૂધના ધંધામાં વધ-ઘટ થતી નથી. વાર્ષિક સારો અને સ્થિર ભાવ મળે છે.

**(૪) વ્યવસાય કેટલો સમય ચાલશે ? :** પશુપાલનનો વ્યવસાય વર્ષોથી ચાલતો આવ્યો છે, અને વર્ષો સુધી ચાલશે, કારણ કે દૂધ, ઘી, માખણ, માવો, પનીર, ચીઝ, દહીં તેમજ બાળકોને ચોકલેટ અને આઈસ્ક્રીમ વગર ચાલવાનું નથી. ખેતીની જેમ પશુપાલનના ધંધામાં વચેટિયો માણસ દૂધની કિંમત પર અંકુશ રાખી શકતો નથી, અને આખા વર્ષ દરમિયાન દૂધની કિંમત એક સરખી રહે છે.

**(૩) વ્યવસાયમાં નફાની ટકાવારી :** પશુપાલનના ધંધામાં નફાની વાત કરીએ તો વાર્ષિક કુલ ખર્ચના ૩૦ થી ૩૫ % નફો મેળવી શકાય છે. એમાં પણ જો દૂધની અલગ અલગ બનાવટો બનાવવામાં આવે તો વધુ નફો મેળવી શકાય છે. તે ઉપરાંત દૂધની આડપેદાશ એટલે કે ખાતર અને છાણમાંથી બાયોગેસ અને વર્મીકમ્પોસ્ટ બનાવીને વધુ કમાણી કરી શકાય છે.

દૂધનો ધંધો આપણે બાપ-દાદાના જમાનાથી કરતા આવ્યા છીએ. કાં તો ખેતીના પૂરક ધંધા (ખેતી માટે ખાતર લેવા માટે) તરીકે, કાં તો નાના પાયા પર વગર પધ્ધતિસરનું કે વગર વૈજ્ઞાનિક ઢબે કરીએ છીએ. આજ દિન સુધી આપણે આ ધંધાને કોઈ પણ અભણ માણસ કરી શકે તેમ માનતા હોઈએ છીએ,

પણ જો આ ધંધાને વિકસિત જોવો હોય તો ખેડૂતોને વૈજ્ઞાનિક અને વ્યવસાયિક ટ્રેઈનીંગની જરૂરિયાત છે, જેથી કરીને ખેડૂતને વધારેમાં વધારે વળતર મળે અને તે આર્થિક રીતે સધ્ધર થાય.

અત્યારના વૈશ્વિક મંદી અને મોંઘવારીના જમાનામાં પશુપાલન પોસાય તેમ નથી. માટે સમય આવી ગયો છે કે આપણે રૂઢિચુસ્ત પશુપાલન છોડીને આધુનિક, વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કરવું પડશે. પશુપાલનને ખેતીના પૂરક વ્યવસાય તરીકે ન લેતાં તેને વ્યાપારિક ધોરણે સ્વતંત્ર ધંધા તરીકે અપનાવવો પડશે. આજના મોંઘવારીના જમાનામાં પશુપાલનને ઉત્તમ નફાકારક બનાવવા માટે પશુપાલન યોગ્ય રીતે, આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે અપનાવીને ઓછાં જાનવરે વધુ દૂધ ઉત્પાદન મેળવવું પડશે, જેના માટે સારી ઓલાદની ગાય, ભેંસની પસંદગી, તેનું સંવર્ધન, ખોરાકનું યોગ્ય વ્યવસ્થાપન, આરામદાયક રહેઠાણ, સારસંભાળ અને સ્વાસ્થ્ય સુધારણા કરવી પડશે. આજે શહેરોનો વિકાસ થતો જાય છે. ગામડાના પૈસા શહરોમાં ચાલ્યા જાય છે. જો શહેરના પૈસા ગામડાઓમાં આવે તો ગામડાઓનો વિકાસ થાય અને એ માટે પશુપાલન અને ડેરી ઉદ્યોગ એ સારો વ્યવસાય છે જેમાં દૂધ વેચી પૈસા ગામડામાં લાવી શકાય અને સાથે સાથે રોજગારી વધારી શકાય. ગ્રામ્ય કક્ષાએ પશુપાલન ગામડામાં વસતા નાના કે મોટા ખેડૂતો માટે ઘરઆંગણે સારી આજીવિકા પૂરી પાડી શકે તેવો ધંધો છે. પણ જો તેને વૈજ્ઞાનિક ઢબે અપનાવવામાં આવે તો સારો એવો નફો મેળવી શકીએ છીએ.


FURAT GLASS

**ફુરાત ગલાસ**

- ડીઝાઈનીંગ ગલાસ
- ટફન ગલાસ
- કિલચર ગલાસ
- મીરર ગલાસ
- વનવે ગલાસ

દરેક પ્રકારના ગલાસ મળશે.

કાચ ના વેપારી.....

**સીરાજઅહેમદ આગલોડીયા**

મો. ૯૯૨૫૭૭૭૯૮૭

Order taken From All over Gujarat

: શુભ સ્થળ :

હિંમતનગર –ઈડર રોડ, હાથમતી પુલ પાસે,

હોટલ પેરેમાઉન્ટની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.

# જ્ઞાનગોષ્ઠિ

**સંપાદક : મોમિન રત્ન**

## વસિયત વિષે

**માબાપ માટે મીરાસ :**

હસન બિન મહબૂબે અલી બિન રતાબથી, તેમણે ઝરારાથી, તેમણે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે એક માણસ મરી ગયો અને તે પોતાનાં બન્ને માબાપ છોડી ગયો. આપ (અ.)એ ફરમાવ્યું કે માનો ૧/૩ (એક તૃત્યાંશ) અને બાપનો ૨/૩ (બે તૃત્યાંશ) છે. (૫૬૧૧)

**પતિ અને પત્ની માટે મીરાસ :**

મુઆવિયા બિન હકીમે અલી બિન હસન બિન ઝૈદથી, તેમણે મશમઅલથી, તેમણે અબૂ બસીરથી રિવાયત કરી છે, અને તેમનું બયાન છે કે એક વખત મેં આંજનાબ (અ.)ને એક સ્ત્રી વિષે પૂછ્યું કે જે મરી ગઈ અને પોતાના શોહરને છોડી ગઈ અને તેના સિવાય તેનો કોઈ વારિસ નથી. આપ (અ.)એ ફરમાવ્યું, અગર તેનો કોઈ બીજો વારિસ નથી તો બધો માલ શોહરના માટે છે, અને અગર શોહર મરી જાય અને તેની પત્ની સિવાય બીજો કોઈ વારિસ ન હોય, તો તે સ્ત્રીના માટે એક રૈઅ (ચોથો ભાગ) છે અને જે બાકી રહે તે ઈમામના માટે છે. (૫૬૧૨)

સંપાદક કહે છે કે આ હુકમ ઈમામ (અ.)ના ઝુહૂરના સમયનો છે, પરંતુ ગૈબતના જમાનામાં અગર શોહર મરી જાય અને પોતાની પત્નીને છોડી જાય અને તેના સિવાય તેનો કોઈ વારિસ ન હોય તો બધો માલ તેની પત્ની માટે છે અને તેનું સમર્થન નીચેની હદીસથી થાય છે.

જેની રિવાયત કરી છે, મોહંમદ બિન અબી ઉમૈરે આબાન બિન ઉસ્માનથી, તેમણે અબી બસીરથી, તેમણે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી એક સ્ત્રીની બાબતમાં કે જે મરી ગઈ અને તે પોતાના શોહરને છોડીને ગઈ. આપ (અ.) એ ફરમાવ્યું, બધો માલ તેના શોહરના માટે છે. મેં અરજ કરી, અને અગર પુરુષ મરી જાય અને પોતાની પત્નીને છોડી જાય છે. આપ (અ.)એ ફરમાવ્યું કે બધો માલ તેની પત્ની માટે છે. (૫૬૧૩)

**પોતાની સુલ્બી ઓલાદ (એક જ પિતાનાં સંતાનો) અને માબાપ માટે :**

મોહંમદ બિન અબી ઉમૈર અમ્ર બિન અઝીનાથી, તેમણે મોહંમદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ તેમને એ સહીફુલ ફરાઈઝ વંચાવવામાં આવ્યો કે જેને રસૂલલ્લાહ (સ.) બોલતા ગયા અને હઝરત અલી (અ.) પોતાના હાથથી લખતા ગયા હતા. તેમાં મેં લખેલું જોયું કે એક માણસ પોતાની એક છોકરી છોડી ગયો અને પોતાની માને છોડી (તો છોકરીના માટે અડધો છે અને માના માટે છઠ્ઠો ભાગ છે. પછી બાકીના માલના ચાર ભાગ પડશે. ત્રણ ભાગ છોકરીને મળશે અને એક ભાગ માને મળશે.

અને તેમાં મેં એવું પણ લખેલું જોયું કે એક માણસે પોતાની એક છોકરી છોડી અને માબાપ છોડયાં તો છોકરીને અડધો અને માબાપમાંથી

દરેકના માટે છઠ્ઠો ભાગ, અને બાકીના માલના પાંચ ભાગ પડશે. ત્રણ ભાગ છોકરીના અને બે ભાગ માબાપ માટે છે.

રાવીનું બયાન છે કે તેમાં મેં એવું પણ વાંચ્યું કે એક માણસે પોતાની એક છોકરી છોડી અને પોતાના બાપને છોડી ગયો તો છોકરીના માટે અડધો હશે અને એક ભાગ બાપના માટે. હવે બાકીનો માલ ચાર ભાગમાં વહેંચાશે. ત્રણ ભાગ છોકરીના માટે એક ભાગ બાપના માટે છે.

અને અગર કોઈ માણસ માબાપને અને એક છોકરો અને એક છોકરી અથવા કેટલાક છોકરા અને કેટલીક છોકરીઓ છોડી ગયો તો માબાપ બન્ને માટે એક એક સદસ (એટલે કે બે સદસ (સદસ એટલે છઠ્ઠો ભાગ)) અને જે બાકી રહી જાય તે છોકરાઓ અને છોકરીઓનો છે. પુરુષને બે અને સ્ત્રીને એકના હિસાબથી.

અને અગર કોઈ માણસ એક છોકરો અને માબાપને છોડી જાય તો બન્ને માબાપ માટે સદસ, સદસ (બે સદસ) અને જે બાકી રહી જાય તે છોકરાના માટે છે.

અને અગર કોઈ માણસ માને છોડી જાય અને એક છોકરાને છોડી જાય તો માના માટે એક સદસ અને જે બાકી છે તે બધું છોકરાના માટે અને અગર કોઈ માણસ બાપને છોડે અને એક છોકરાને છોડે તો બાપના માટે એક સદસ અને જે બાકી રહી જાય તે છોકરાના માટે. અને અગર કોઈ માણસ માને છોડી જાય અને કેટલાક છોકરાઓ અને કેટલીક છોકરીઓને છોડે તો માના માટે એક સદસ અને બાકીનું છોકરાઓ અને છોકરીઓ માટે છે. પુરુષના માટે બે અને સ્ત્રીના માટે એકના હિસાબથી.

અને જો કોઈ માણસ બાપને છોડે અને કેટલાક છોકરા અને કેટલીક છોકરીઓ છોડે તો બાપના માટે એક સદસ અને જે બાકી રહી જાય તે છોકરાઓ અને છોકરીઓ માટે, પુરુષ માટે બે ભાગ અને સ્ત્રીના માટે એક હિસ્સાના હિસાબથી. (૫૬૧૪)

**શોહરના માટે મીરાસ ઓલાદની સાથે :**

અને અગર કોઈ સ્ત્રી મરી જાય અને એક છોકરો અને શોહરને છોડે, તો શોહરના માટે એક રૈઅ (ચોથાઈ) અને જે કંઈ બચે તે બધું છોકરાના માટે છે અને એવી જ રીતે અગર બે છોકરા હોય અથવા દસ કરતાં વધારે તો શોહરના માટે રૈઅ (ચોથાઈ) છે અને જે બાકી રહ્યું હોય તે બધું છોકરાઓ માટે બરાબર છે અને શોહર દરેક પરિસ્થિતિમાં રૈઅથી ઓછું અને અડધાથી વધારે નહીં મેળવે. અને પત્ની આઠમો ભાગથી ઓછું અને રૈઅથી વધારે નહીં મેળવે. અને કોઈ પણ પરિસ્થિતિમાં પણ પત્ની અને શોહર મીરાસથી સાકિત નહીં કરવામાં આવે.

અને અગર મરનાર સ્ત્રીએ એક છોકરીને અને શોહરને છોડ્યો તો શોહરના માટે રૈઅ છે અને જે બાકી રહે તે બધું છોકરીનું છે. એટલા માટે કે અલ્લાહ તઆલાએ માબાપની હયાતીની સાથે છોકરીના માટે અડધો રાખેલ છે.

અને અગર તેણે શોહર અને બે છોકરીઓ અથવા તો તેનાથી વધારે છોકરીઓને છોડી તો શોહરના માટે એક રૈઅ અને જે બાકી છે તેમાં બધી જ છોકરીઓને બરાબર મળશે.

અને અગર તેણે શોહર અને એક છોકરો અને એક છોકરી અથવા કેટલાક છોકરા અને કેટલીય છોકરીઓ છોડી તો શોહરના માટે એક રૈઅ અને જે બાકી છે તેમાં છોકરાઓ અને છોકરીઓને પુરુષ

માટે બે અને સ્ત્રી માટે એકના હિસાબથી મળશે.

**છોકરાની સાથે પત્નીના માટે મીરાસ :**

અને જ્યારે પુરુષ મરી જાય અને પત્ની અને એક છોકરાને છોડે તો પત્નીના માટે સમન (આઠમો ભાગ) અને જે બાકી છે તે બધું છોકરાના માટે છે. અને એવી જ રીતે અગર પત્ની અને છોકરી છોડે તો પત્નીના માટે સમન (આઠમો ભાગ) અને જે બાકી છે તે બધું છોકરી માટે છે અને તે પત્ની અને એક છોકરો અને એક છોકરી અથવા કેટલીય છોકરીઓને છોડે તો પત્ની માટે સમન અને જે બાકી છે તેમાં તમામ છોકરાઓ અને તમામ છોકરીઓને મળશે પુરુષના માટે બે અને સ્ત્રીના માટે એકના હિસાબથી.

**શોહરની સાથે છોકરાઓ અને માબાપ માટે મીરાસ:**

મોહંમદ બિન અબી ઉમૈરે રિવાયત કરી છે કે ઈબ્ને અઝનિયાએ બયાન કર્યું છે કે મેં ઝરારાને કહ્યું કે મેં સાંભળ્યું છે કે મોહંમદ બિન મુસ્લિમ અને બકરી રિવાયત કરે છે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) થી કે શોહર અને માબાપ અને છોકરીની બાબતમાં કે શોહરની એક રૈઅ અર્થાત્ બાર ભાગમાંથી ત્રણ ભાગ (૩/૧૨) અને માબાપને એક એક સદસ અર્થાત્ બાર ભાગોમાંથી ચાર ભાગ ૪/૧૨ અને હવે રહી ગયા પાંચ ભાગ તો એ છોકરીના માટે છે એટલા માટે કે અગર તે છોકરો હોત તો એ વખતે પણ તેને એટલો જ મળત, એનાથી વધારે નહીં મળત. અને અગર તે છોકરીઓ હોત તો એ વખતે પણ તે બન્નેને એ પાંચ ભાગ સિવાય કંઈ ન મળત.

ઝરારાએ કહ્યું, આ જ હક છે અગર તમે ઊલ (જામીનગીરી)નો ઈરાદો રાખતા હો તો એ કરો, ફરીઝો ઊલ નથી હોતો અને નુકસાન એ લોકો

## શબ્દ પરિચય

### બલા

**બલા :** (ﺑﻼ) બલા અરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ આ પ્રમાણે છે : (૧) આપત્તિ, વિપત્તિ, મુસીબત (૨) કુદરતી આપત્તિ, કુદરતી મુસીબત (૩) પ્રેતબાધા (૪) હાનિ (૫) ભય (૬) દુષ્ટ વ્યક્તિ, ખવીસ. આના પરથી બનતા શબ્દો : **બલાએ અઝીમ -** મોટી આફત, મોટી આપત્તિ **બલાએ આસ્માની -** કુદરતી આપત્તિ, અલ્લાહનો ગઝબ **બલાએ જાં -** જાનની જંજાળ **બલાએ નાગહાની -** આકસ્મિક આપત્તિ, અચાનક આવેલી મુસીબત **બલાએ મુજસ્સમ -** (૧) સાકાર વિપત્તિ (૨) દુઃખી વ્યક્તિ **બલાકશ -** વિપત્તિઓ સહન કરનાર **બલાકા -** (૧) ગજબનું (૨) ચાલાક, ચતુર (૩) કઠણ, સખત **બલાકી -** બલાની માફક પાછળ પડવું, દરેક વખતે સાથે રહેવું, પીછો ન છોડવો **બલાઝદા -** મુસીબતથી ઘેરાયેલું, વિપત્તિગ્રસ્ત **બલાનસીબ -** અભાગી, જેના ભાગ્યમાં આપત્તિઓ હોય **બલાનોશ -** વધારે પી જનાર, શરાબી **બલાનોશી -** વધારે શરાબ પી જવાની ક્રિયા **બલામેં પડ જાના -** મુસીબતમાં પડી જવું, દુઃખમાં ફસાઈ જવું **બલાસે -** કંઈ જ ચિંતા વગર.

નાંદોત્રી મુકામે કાઢવામાં આવેલ **હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)**ની શહાદતના જુલૂસની ડી.વી.ડી.નું વેચાણ ચાલુ છે. જેમને પણ આ જુલૂસની ડી.વી.ડી. મેળવવી હોય તો મક્તબા જાફરીયા ખાતે મળી રહેશે.

અલ્તાફહુસૈન પટેલ - ૯૯૦૪૭૮૭૪૪૦

શાહિદઅલી પટેલ - ૯૭૨૫૧૭૭૪૨૯

મહેસાણા – રાધનપુર ચાર રસ્તા

**હોટલ ભાગ્યોદય**

કોન્ટ્રાક્ટ બેજ ભાડેથી ચલાવવા આપવાની છે.

9825247440 / 9426346076

માટે છે કે જેમના માટે વધારે છે જેમ કે છોકરો અને મા બાપ, ભાઈ (હકીકી) અને માદરી ભાઈ (ઓરમાન) તો જે તેમના માટે હિસ્સો નિશ્ચિત છે તેમાં કમી નહીં થાય અગર કોઈ સ્ત્રી પોતાના શોહરને, પોતાના માબાપને અને એક ઓલાદ અથવા બે ઓલાદો અથવા એના કરતાં વધારે ઓલાદને છોડીને જાય તો શોહરના માટે એક રૈઅ, માબાપના માટે એક એક સદસ (અર્થાત્ બે સદસ) અને જે બાકી રહી જાય તે બધું છોકરાઓ અને છોકરીઓ માટે છે, પુરુષ માટે બે અને સ્ત્રીના માટે એકના હિસાબથી. (૫૬૧૫)

## ડાયાબીટીઝની દુઆ

સવાર સાંજ બે ટાઈમ ફરજિયાત અઢી મહિના સુધી નીચેની આયત પઢી, ત્રણ વાર દુરૂદ શરીફ પઢવું.

(પારા-૧૫, સૂરા-૧૭, સૂરા બની ઈસરાઈલ, આયત-૮૦)

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
وَ قُلْ رَّبِّ اَدْخِلْنِیْ مُدْخَلَ صِدْقٍ وَّ
اَخْرِجْنِیْ مُخْرَجَ صِدْقٍ وَّ اجْعَلْ لِّیْ مِنْ
لَّدُنْكَ سُلْطٰنًا نَّصِيْرًا ﴿۸۰﴾

*અને આ અરજ કર્યા કર કે, અય મારા પરવરદિગાર ! મને જ્યાં પણ લઈ જા સત્ય સાથે લઈ જા અને બહાર લઈ આવ અને મારા માટે તારા તરફથી મદદ કરનારી શક્તિ આપ.*

શરૂઆતમાં અને પછી ત્રણ ત્રણ વખત દુરૂદ પઢવું. આ આયતની તિલાવત સવાર-સાંજ ઓછામાં ઓછા અઢી મહિના સુધી કરવી. ઈન્શાઅલ્લાહ શિફા કામિલ થશે.


# ફાતેમા ટૂર્સ

- હૈદરાબાદ ત્રણ દિવસ સાથેનો પ્રવાસ
- ટુ બાય ટુ પુશ બેક સીટોવાળી લક્ઝરી બસ
- પ્રવાસના દિવસો ૧૦ થી ૧૧
- ટૂર ઉપડવાની તા. ૧૫–૧–૨૦૧૫ (ઈન્શાઅલ્લાહ)
- પેકેજમાં ચા–નાસ્તો, બે ટાઈમ જમવાનું, રહેવાની હોટલમાં કપલ રૂમની વ્યવસ્થા, લક્ઝરી બસનું ભાડુ
- જોવાલાયક સ્થળોની ટીકીટ અને જ્યાં બસ ન જતી હોય ત્યાં પોતાના સ્વખર્ચે જવાનું રહેશે.
- પ્રવાસના સ્થળો : સાપુતારા, ઓરંગાબાદ, દોલતાબાદ, સિકંદરાબાદ, ઈલોરા, હૈદરાબાદ, શિવપુરા, મહાબળેશ્વર અને મુંબઈ (એસલવર્ડ)

**:::: વધુ વિગત માટે સંપર્ક કરો ::::**

આબિદહુસૈન વાય. મસી (કિશોરગઢવાળા)
મો.૯૪૨૮૬ ૪૩૯૫૨
ગાલિબઅલી એચ. ખાણશિયા (કિશોરગઢવાળા)
મો.૮૧૨૮૩ ૬૨૨૮૦

**શાળા, કોલેજ તથા ગ્રુપ ટૂરનું આયોજન કરી આપીશું.**

ખુશખબર.... ખુશખબર.... ખુશખબર....

**અમેરિકા, લંડન, યુરોપ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, જાપાન અને આફ્રિકા દેશના વિઝા માટે સંપર્ક કરો.**

**મો. અકબરભાઈ એ. શેલીયા (ખડીયાસણા)**
૯૯૨૫૨ ૩૩૪૨૯

**મો. અકબરહુસૈન જી. રાજપુરા (કેશરપુરા)**
૯૯૭૪૯ ૭૬૦૨૯

સંજરી ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, આસ્ટોડીયા ચકલા, આસ્ટોડીયા, અમદાવાદ

# આપણા ઘરની વાતો

● **સેદ્રાણા ખાતે હાજરપીરની પધરામણી :**

અલ્લાહ તઆલાના ફઝલો કરમ અને મોહંમદ વ આલે મોહંમદ (અ.)ની ભલી દુઆઓથી શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત સેદ્રાણાના આમંત્રણને સ્વીકારીને હાજર પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)એ પરિવાર સાથે તા.૨૪-૧૦-૨૦૧૪ થી તા. ૯-૧૧-૨૦૧૪ સુધી પધરામણી કરેલ.

પ્રથમ દિવસથી જ રૂહાની રહેબરના આગમનની સાથે વાતાવરણમાં એવી રૂહાનિયત છવાઈ ગઈ જાણે કે સમગ્ર જમાઅત સત્યના આવરણમાં સમાઈ ગઈ. આવા રૂહાનિયતભર્યા વાતાવરણમાં નામદારના હિદાયતસભર શબ્દો થકી મોહર્રમમાં હુસૈનિયતનો સાચો અર્થ મહેસૂસ થવા લાગ્યો.

ગામમાં જમાઅતના ઘરોમાં હાજરપીરે બિછાણાં કરીને ઝિક્રે ઈલાહી અને દુઆઓ રૂપી અણમોલ નજરાણું પેશ કર્યું હતું. આપ નામદારના બિછાણાની સાથે સાથે માહે મોહર્રમમાં અઝાદારી તેમજ હિદાયતનો અવિસ્મરણીય મોકો પણ જમાઅતને પ્રાપ્ત થયો હતો.

આપ નામદારની પધરામણીના સમયગાળા દરમિયાન મજલિસો, બિછાણાં, ઈલ્મી મહેફિલ તથા અઝાદારી અને મોહર્રમનાં જુલૂસનું આયોજન હાજરપીરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

મોહર્રમની મજલિસોમાં મિર્ઝા દબીર સાહેબ અને મીર અનીસ સાહેબ દ્વારા રચિત હઝરત ઈમામ હુસૈન (અ.) અને તેમના જાંનિસારોના દર્દનાક મરસિયા હાજરપીર તથા મોલ્વી સાહેબના મુખેથી સાંભળીને કરબલાનો બનાવ સૌની નજરોમાં તરોતાઝા થઈ ગયો હતો. ઉપરાંત આપ નામદારની હાજરીમાં જ સાતમી મોહર્રમ, નવમી મોહર્રમ અને દસમી મોહર્રમે આશૂરાનાં જુલૂસ કાઢવામાં આવ્યાં હતાં. આ જુલૂસ દરમિયાન અઝાદારીની સાથે હુસૈનિયતનો મકસદ ઉજાગર થયો હતો. કરબલાના એ શહીદોની યાદમાં સબીલે હુસૈનનું આયોજન નામદારની હિદાયત મુજબ કરવામાં આવ્યું હતું જ્યાં સખાવત તેમજ ઈલ્મરૂપી સાહિત્ય ઉપલબ્ધ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે હઝરત ઈમામ હુસૈન (અ.)ના નવીન તાજિયા મુબારકનું ગામમાં પ્રથમ વાર જુલૂસ કાઢવામાં આવ્યું હતું.

આપ નામદારના રોકાણ દરમિયાન ઈલ્મી મહેફિલ થકી મોમિનોને હિદાયતનો અનોખો અવસર મળ્યો હતો જેમાં નવયુવાનો દ્વારા વિષય મુજબ પૂછાતા પ્રશ્નોના હાજરપીરે કુરઆન અને હદીસની રોશનીમાં વિસ્તૃત છણાવટ કરી જવાબો આપીને માઅરેફતમાં વધારો કરે તેવી હિદાયત કરી હતી.

જમાઅતની બહેનોએ પણ અમ્માજી સાહેબાના સાનિધ્યમાં મજલિસ તેમજ નૌહાખ્વાની દ્વારા હિદાયતનો લાભ મળ્યો હતો. તેમજ વલીઅહદ પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન બાવા સાહેબ (મદ્દે.) તથા જનાબ સૈયદ આદિલહૈદરઅબ્બાસ સાહેબે મજલિસ તેમજ જુલૂસમાં નૌહા પઢીને અઝાદારીમાં શિર્કત કરીને અઝાદારોના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

આમ રૂહાનિયતભર્યા સમગ્ર કાર્યક્રમમાં અંતે વિદાય વખતે નામદાર બાવા સાહેબે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સેદ્રાણા ખાતે વડીલો અને નવયુવાનો વચ્ચેની પરસ્પર કોમ્યુનિકેશન ગેપ જોવા ન મળી અને હિદાયત કરવાનો સુંદર અવસર મળ્યો. છેલ્લા દિવસે પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.) સેદ્રાણા જમાઅતના મહેમાન બન્યા ત્યારે રૂહાની માહોલ જોઈને અણમોલ દુઆઓ આપી હતી.

અંતમાં, આપણે સૌ અલ્લાહ તઆલાથી દુઆ ગુઝારીએ કે અલ્લાહ તઆલા સમગ્ર મોમિન જમાઅતને પીરો મુરશિદની હિદાયતના ઝરીએ હુસૈનિયતના સાચા મકસદને સમજવાની નેક તોફીક અતા ફરમાવે, આમીન.

અમારા આ પ્રસંગમાં મદદરૂપ થનાર તમામનો સેદ્રાણા શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત આભાર વ્યક્ત કરે છે.

● **નાંદોત્રીમાં નામદારની હાજરીમાં ઇમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)ની શહાદતનું અભૂતપૂર્વ જુલૂસ અને મિની મક્તબાનો કાર્યક્રમ યોજાયો :**

શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતનાં ફક્ત અઢાર ઘર ધરાવતા સિધ્ધપુર તાલુકાના નાંદોત્રી ગામમાં અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ (મદ્દે.)ની પધરામણી દરમિયાન તા. ૧૭/૧૧/૨૦૧૪ થી ૨૧/૧૧/૨૦૧૪ સુધી મિની મક્તબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં નામદાર દ્વારા મોલ્વી સાહેબોને ટ્રેનિંગ આપવામાં આવતી હતી.

તા.૨૫મી મોહર્રમ હિજરી સન–૧૪૩૬ના રોજ હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.) ની શહાદતના દિવસે જુલૂસનો શાનદાર અને અભૂતપૂર્વ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુશાહિદ યંગ કમિટી-કાકોશી, ઝાકિરાને આલે રસૂલ, મક્તબા જાફરીયા માસ મીડિયા, હલ્કા ઈર્ફાને અહલેબૈત તેમજ સેવાલણી, વાધણા, રસૂલપુર (મે.) જેવા ગામડાઓના તથા અન્ય મોમિનોના સહકારથી નાંદોત્રી ગામમાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી બાવા સાહેબ (મદ્દે.)ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલા આ કાર્યક્રમની શરૂઆત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ની હયાતે મુબારકા અને શહાદત ઉપર આધારિત મજલિસથી કરવામાં આવી હતી, મજલિસ મક્તબા જાફરીયાના હાલમાં ટ્રેઈનીંગ લઈ રહેલ મોલ્વી સાહેબ જનાબ વસીમએહમદે પઢી હતી. એટલી મોટી સંખ્યામાં માનવમેદની ઉમટી પડી હતી કે મંડપમાં તેમજ આજુબાજુમાં ઊભા રહેવાની પણ જગ્યા ન હતી. મજલિસ બાદ તરત જ ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)ના નિશાન મુબારક ઉપર બાવા સાહેબ દ્વારા ફૂલહાર ચઢાવ્યા પછી જુલૂસની શરૂઆત કરવામાં આવી હતી.

જુલૂસ દરમિયાન ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)ના જીવનની યાદને ઉજાગર કરતા પ્રસંગો પર આધારિત બેનર્સ અને ઠેર ઠેર મૂકેલા ટી.વી. સ્ક્રીન ઉપરથી પણ આપના વિષેની માહિતીને સતત પ્રસારિત કરવામાં આવતી હતી. નાંદોત્રી જેવા નાનકડા ગામમાં આવડી મોટી સંખ્યામાં અઝાદારોનો જમાવડો ખરેખર એક ઐતિહાસિક ઘટના હતી. સબીલે હુસૈન પરથી કરબલાના શહીદોની યાદમાં ચા, પાણી, શરબત, ફ્રૂટ, હલીમ, જ્યૂસ જેવા વિવિધ નિયાઝની પણ સતત વહેંચણી થઈ રહી હતી. મંડપમાંથી


બહાર નીકળ્યા પછી જુલૂસે માતમી શકલ ધારણ કરી હતી. મંડપથી ઈમામવાડા સુધી જતાં લગભગ ત્રણેક કલાકનો સમય લાગ્યો હતો. માતમી લિબાસ ધારણ કરેલા અઝાદારોથી નાંદોત્રી ગામની શેરીઓ ઊભરાતી હતી. ઈમામ (અ.)ના નિશાન મુબારકને ઈમામવાડામાં લઈ ગયા પછી જુલૂસ પૂરું થયું હતું. થોડીક વારમાં જ whatsApp ઉપર જમાઅતના ગામડાઓમાં અને શહેરોમાં તેમજ વિદેશમાં જુલૂસની તસ્વીરો પહોંચી ગઈ હતી. વાહનોથી પાર્કિંગની જગ્યા ઊભરાતી હતી અને ટ્રાફિક જામ થઈ ગયો હતો.

નાંદોત્રીમાં પાંચ દિવસ દરમિયાન E-SABEELના નવીન કોન્સેપ્ટ દ્વારા હઝરત ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.)ની સીરતે મુબારકાને મોટા વિશાળ LED સ્ક્રીન પર લોકોને બતાવવામાં આવી હતી. આ દિવસોમાં મોમિનોના ઘેર બાવા સાહેબે બિછાણાં કરી ઝિક્રે ઈલાહી કરી, દુઆઓ અને બરકતો પણ આપી હતી. નામદારની હિદાયતની વર્ષા થતી રહી હોવાથી નૂરાનિયત અને રૂહાનિયતનો માહોલ સર્જાયો હતો. મોમિનોની જબાન પર એક જ વાત હતી કે જેવી રીતે ''તેજપુરામાં તેજ આવ્યું'' તેવી રીતે ''નાંદોત્રીમાં નૂર આવ્યું,'' જેના કારણે એવું લાગતું હતું કે નાંદોત્રીની કાયાપલટ થઈ હોય. નાનકડું ગામ હોવા છતાં તેમની મહેમાનનવાઝી કાબિલે તારીફ હતી. ગામની શીઆ જમાઅત, સુન્ની જમાઅત અને હિન્દુ જમાઅતની એકતા તમામના દિલોને સ્પર્શી ગઈ હતી. છેલ્લા દિવસે નામદાર બાવા સાહેબ અને મક્તબાના મોલ્વી સાહેબો વિદાય થતાં જમાઅતના બધા જ લોકો ભાવવિભોર બની ગયા હતા.

**● મહેર હાઈસ્કૂલ બાદરપુરનું ગૌરવ :**

બાદરપુર ગામમાં તા. ૧૪, ૧૫, ૧૬ (ઓક્ટોબર) આ ત્રણ દિવસ માટે સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મહેર હાઈસ્કૂલના તમામ વિદ્યાર્થીઓએ મહેર હાઈસ્કૂલનું મકાન, વિઝડમ સ્કૂલ, પ્રાથમિક સ્કૂલ, પંચાયત ઓફિસ, ડેરી તથા ગામના તમામ જાહેર માર્ગોની સફાઈ કરી. પ્રથમ દિવસે ગામના સરપંચ ગુલામહૈદર તરફથી ચા-નાસ્તો, બીજા દિવસે અબ્બાસભાઈ હીરા તરફથી નાસ્તો અને છેલ્લા દિવસે શાળાના ઉપપ્રમુખશ્રી હસનભાઈ હીરા તરફથી શાળાના તમામ બાળકોને જમાડવામાં આવ્યા હતા. આ સમગ્ર સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે મંડળના પ્રમુખશ્રી ઈસ્માઈલભાઈ હીરા, શાળાના પ્રિન્સિપાલ છોટુભાઈ સિંધી, મંડળના હોદ્દેદારો, સરપંચશ્રી ગામના આગેવાનો તથા શિક્ષક મિત્રોએ ખૂબ જ મહેનત કરીને સમગ્ર અભિયાનને સફળ બનાવ્યું હતું.

**● ઇન્નાલિલ્લાહે..:**



ઝહીરપુરા કંપા (દેશોત્તર) નિવાસી **મર્હૂમ મો. મુખી હાસમભાઈ વઝીરભાઈ** મુ.તા. ૧ મોહર્રમ, ૧૪૩૬, તા. ૨૬/૧૦/૨૦૧૪ ને રવિવારના રોજ ૬૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમે ગામના મુખી તરીકે ૨૬ વર્ષ સુધી ફરજ બજાવી હતી. ⟶



⟵ બાદરપુર નિવાસી **મર્હૂમ મો. જીવાભાઈ સાવદીભાઈ મસી** મુ.તા. ૧૭ મોહર્રમ, ૧૪૩૬, તા. ૧૧/૧૧/૨૦૧૪ મંગળવારના રોજ ૭૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, દયાળુ અને મિલનસાર હતા. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા.




સુરપુર નિવાસી **મર્હૂમા મો. જીવીબેન નશીરભાઈ પરબડીયા** મુ.તા. ૧૭, મોહર્રમ, ૧૪૩૬, તા. ૧૧/૧૧/૨૦૧૪ મંગળવારના રોજ ૮૬ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા માયાળુ, ઈમાનદાર, રહેમદિલ તથા આશિકે હુસૈન (અ.)અને મોહંમદ વ આલે મોહંમદનાં ચાહક હતાં. ⟶




⟵મેતા નિવાસી **મર્હૂમ મો. એહમદઅબ્બાસ મોહંમદઅલી સુણસરા** મુ.તા. ૧૯, માહે મોહર્રમ, ૧૪૩૬, તા. ૧૩/૧૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ ટૂંકી માંદગી બાદ ૧૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત માયાળુ અને નિખાલસ હતા. તથા આશિકે હુસૈન (અ.) અને મોહંમદ વ આલે મોહંમદના ચાહક હતા.



મેતા નિવાસી **મર્હૂમ મો. હાજી શરીફભાઈ વલી આંબલીયાસણા** ૭૦ વર્ષની ઉંમરે ૭/૧૧/૨૦૧૪ મુ.તા. ૧૩, મોહર્રમ, ૧૪૩૬ના રોજ સવારે ૬:૩૦ કલાકે અલ્લાહની રહેમતે પહોંચેલ છે. મર્હૂમ પીરો મુરશિદ અને ચૌદ માઅસૂમીન (અ.)ના ચાહક હતા અને અલ્લાહ તઆલા તેમને જન્નતનશીન કરે એવી નેક દુઆ. ⟶



⟵ઈલોલ (પ.) નિવાસી **મર્હૂમ મો. અલીમોહંમદ નશીરભાઈ ભોવણીયા** મુ.તા. ૧૩, મોહર્રમ ૧૪૩૬, તા. ૭/૧૧/૨૦૧૪ શુક્રવારના રોજ ૫૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે.



દશાવાડા નિવાસી **મર્હૂમ મો. ઈસ્માઈલભાઈ અલીમદભાઈ પલસાણીયા** મુ.તા. ૨૧ ઝિલ્કાદ–૧૪૩૫, તા.૧૭/૯/૨૦૧૪ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ ઉમરા ઝિયારતથી મુશર્રફ થયેલા હતા. તેઓ સ્વભાવે મિલનસાર, નેકદિલ, ભોળા અને પીરો મુરશિદના ચાહક હતા. ⟶



શેખપુર (ખેરાલુ) નિવાસી **મર્હૂમ મો.મોહંમદઅલી ઈસુબભાઈ સુથાર** મુ.તા. ૨૭, ઝિલ્હજ–૧૪૩૫, તા.૨૩/૧૦/૨૦૧૪ને ગુરૂવારના રોજ ૪૪ વર્ષની વયે ટૂંકી માંદગી બાદ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, માયાળુ અને મિલનસાર હતા. તેઓ તેજપુરા મુકામે મકામે અહલેબૈતની મુજાવરી કરતા હતા. ⟶



⟵ખડીયાસણા નિવાસી **મર્હૂમા મો. હુરીબેન નૂરમોહંમદ કડીવાલા** મુ.તા. ૧૨, ઝિલ્હજ–૧૪૩૫, તા.૮/૧૦/૨૦૧૪ને બુધવારના રોજ ૭૯ વર્ષની વયે અલ્લાહ તઆલની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે હસમુખા, નિખાલસ, નેક દિલ, ઈમાનદાર તથા અહલેબૈત (અ.)ના ચાહક તથા ઝવ્વારે હુસૈન (અ.) હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૧૦૦/- મોમિન ગુલામઅબ્બાસ ગુલામહુસૈન કઠોરવાલા (જોગેશ્વરી-મુંબઈ) તરફથી કરબલાના પાક શહીદોની પાક અરવાહ તેમજ મર્હૂમ મોલ્વી હાજી ગુલામહુસૈન કમાલભાઈ તેમજ મર્હૂમા હાજીયાણી ખતીજા હાજી ગુલામહુસૈનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.નૂરભાઈ વલીભાઈ મતિયા (ઈલોલ પહાડીયા) તરફથી તેમના મર્હૂમ માબાપની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- હાજી વલીભાઈ રાજેભાઈ મલપરા (વેળાવાપુરા) તરફથી મર્હૂમ હૂરીબેન ગુલામભાઈ મલપરાની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમ મો. મુખી હાસમભાઈ વજીરભાઈ (ઝહીરપુરાકંપા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૨૦૦/- મો. અકબરભાઈ હાસમભાઈ મસી
રૂા.૧૫૦/- મો. હુસૈના હાસમભાઈ મુખી
રૂા.૧૦૦/- મો. રોશનબેન અકબરભાઈ મસી
રૂા.૧૫૦/- મો. કુલસૂમ સાદિકભાઈ પટેલ
રૂા.૧૫૦/- મો. સુગરા રજબઅલી માણસીયા
રૂા.૧૫૦/- મો. નૂરીબેન વલીભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો. અમીના હબીબભાઈ માણસીયા
રૂા.૧૫૦/- મો. સુગરા હાસમભાઈ આગલોડીયા
રૂા.૧૦૦/- મો. કુલસૂમ શબ્બીરભાઈ પટેલ
રૂા.૧૦૦/- મો. ઝૈનબ મિકદાદઅલી શેરશીયા
રૂા.૧૦૦/- મો. ગુલામભાઈ વજીરભાઈ મુખી
રૂા.૧૦૦/- મો. સકીના ગુલામભાઈ મુખી

**મર્હૂમ મો. જીવાભાઈ સાવદીભાઈ મસીની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦૧/- મો. નૂરીબેન જીવાભાઈ મસી
રૂા.૫૦૧/- મો. ઈમદાદઅલી જીવાભાઈ મસી
રૂા.૫૦૧/- મો. મુસ્તાકઅલી જીવાભાઈ મસી
રૂા.૫૦૧/- મો. હૈદરઅલી જીવાભાઈ મસી
રૂા.૧૫૧/- મો. ઝૈનબ ઈમદાદઅલી મસી
રૂા.૧૫૧/- મો. મહેમૂદા મુસ્તાકઅલી મસી
રૂા.૧૫૧/- મો. સાબેરા હૈદરઅલી મસી
રૂા.૧૦૧/- મો. મકબૂલફાતેમા ઈમદાદઅલી મસી
રૂા.૧૦૧/- મો. રહેમાનઅલી ઈમદાદઅલી મસી
રૂા.૧૦૧/- મો. મોહંમદઅલી હૈદરઅલી મસી
રૂા.૧૦૧/- મો. મુખ્તારઅલી મુસ્તાકઅલી મસી
રૂા.૧૦૧/- મો. અબ્બાસઅલી હૈદરઅલી મસી
રૂા.૧૦૧/- મો. આબિદઅલી મુસ્તાકઅલી મસી
રૂા.૧૦૧/- મો. સાજેદાફાતેમા અબ્બાસઅલી મસી
રૂા.૧૦૧/- મો. અકબરહુસૈન અબ્બાસઅલી મસી
રૂા.૫૦૧/- મો. હુસૈનાબેન અબ્બાસઅલી મસી
રૂા.૧૦૧/- મો. અબ્બાસઅલી યાકૂબભાઈ મસી
રૂા.૧૫૧/- મો. ગુલામભાઈ સાવદીભાઈ મસી
રૂા.૧૫૧/- મો. સુલેમાનભાઈ સાવદીભાઈ મસી
રૂા.૧૫૧/- મો. હબીબભાઈ સાવદીભાઈ મસી
રૂા.૧૫૧/- મો. મોલ્વી વજીરઅલી સાવદીભાઈ મસી
રૂા.૫૦૧/- મો. સકીના સુલેમાનભાઈ રાબડી
રૂા.૧૦૧/- મો. સુલેમાનભાઈ કરીમદભાઈ રાબડી
રૂા.૧૫૧/- મો. અમીના યૂસુફભાઈ સુખડ
રૂા.૧૫૧/- મો. મરુબેન જલાલભાઈ ધરખડ
રૂા.૧૫૧/- મો. ઝૈનબ યાકૂબભાઈ મસી
રૂા.૧૦૧/- મો. ગુલામભાઈ જલાલભાઈ ધરખડ
રૂા.૧૦૧/- મો. આબિદઅલી ગુલામભાઈ ધરખડ

રૂા.૫૦/- મો. મહદીઅલી ફતેમોહંમદ શાવદી (ઈલોલ તલાવ) તરફથી જાફરી આવાઝને ઉત્તેજન અર્થે.

રૂા.૯૦/- બંદાએ ખુદા તરફથી જાફરી આવાઝને ઉત્તેજન અર્થે.

**મર્હૂમ વજીરભાઈ જેથરાભાઈ ખાણશીયાની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો. મિકદાદઅલી વજીરભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો. સુગરા મિકદાદઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો. ફતેહઅલી મિકદાદઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો. અઝમતફાતેમા ફતેહઅલી ખાણશીયા
રૂા.૫૦/- મો. અનીસાફાતેમા ફતેહઅલી ખાણશીયા

રૂા.૩૫૦/- મો. મર્હૂમા ઝૈનબબાનુ આબિદઅલી (બાકરોલ)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મો. મંજૂરઅલી રૂશેદઅલી (વસો-લંડન) તરફથી તેમના પિતા રૂશેદઅલી ગુલામઅલી મોમિન (મુખી)ના રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો. મુસ્તાકઅલી મૈસમઅલી મોમિન તરફથી નવા મકાનના ઉદ્‌ઘાટનની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૧૦/- મો. અખ્લાકએહમદ મિકદાદહૈદર મોમિન (વસો) તરફથી ઈન્ફોશીપ કંપનીમાં સીનીયર એન્જીનિયર તરીકે બઢતી મળી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૩૦/- મો. મર્હૂમા જીવીબેન નશીરભાઈ પરબડીયા (સુરપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો. જી. એન. કરેડીયા (કાકોશી-અમદાવાદ) તરફથી પૌત્ર મોહંમદસાદિકના જન્મની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમ એહમદઅબ્બાસ મોહંમદઅલી સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૦૦/- મો. મોહંમદઅલી તાજુ સુણસરા
રૂા.૧૦૦/- મો. સાબેરાબેન મોહંમદઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો. ઈરફાનહૈદર મોહંમદઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો. અઝીમઅલી મોહંમદઅલી સુણસરા

**મર્હૂમ શરીફભાઈ વલી આંબલીયાસણા (મેતા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૫૦૦/- મો. ઝૈનબ શરીફ આંબલીયાસણા
રૂા.૨૦૦/- મો. ગુલામમોહંમદ શરીફ આંબલીયાસણા
રૂા.૨૦૦/- મો. મોહંમદઅલી શરીફ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. તાહેરા ગુલામમોહંમદ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. આબેદા મોહંમદઅલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. અફઝલફાતમા અકબરઅલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. હૈદરઅબ્બાસ ગુલામમોહંમદ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. એહમદઅબ્બાસ મોહંમદઅલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. મહદીઅલી મોહંમદઅલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. સજ્જાદહુસૈન મોહંમદઅલી આંબલીયાસણા
રૂા.૩૦૦/- મો. અબ્બાસ વલી આંબલીયાસણા
રૂા.૩૦૦/- મો. સકીના આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. નજમા ઈમ્તિયાઝ કડીવાલ
રૂા.૧૦૦/- મો. આબેદા ઈમ્તિયાઝઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો. અકબરઅલી અબ્બાસ આંબલીયાસણા
રૂા. ૧૦૦/- મો. ઝૈનબફાતેમા અબ્બાસ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. હબીબ વલી આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. સકીના હબીબ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. એહસાનઅલી હબીબ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. ઈમદાદઅલી હબીબ આંબલીયાસણા
રૂા. ૧૦૦/- મો. મોહસિનઅલી હબીબ આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. હુસૈના મહદીહસન મહેસાણીયા (ભગત)
રૂા.૧૦૦/- મો. આબેદા હસનઅલી સુણસરા
રૂા.૫૦૧/- મો. ઈસ્માઈલ વલી આંબલીયાસણા તેમના પરિવાર તરફથી
રૂા.૧૦૦/- મો. ગુલામમોહંમદ સુલેમાન આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. ઈસ્માઈલ સુલેમાન આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. અબ્બાસઅલી સુલેમાન આંબલીયાસણા
રૂા.૧૦૦/- મો. મોહંમદઅલી યૂસુફભાઈ આંબલીયાસણા
રૂા. ૧૦૦/- મો. મંજૂરઅલી યૂસુફભાઈ આંબલીયાસણા

રૂા.૧૦૦/- મો. આબિદઅલી યૂસુફભાઈ આંબલીયાસણા

રૂા.૧૦૦૦/- મર્હૂમ ઈસ્માઈલ સુલેમાન અસામદીના પરિવાર તરફથી.

**મર્હૂમ અલીમોહંમદ નશીરભાઈ ભોવણીયા (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૫૦/- મો. રહમતબેન અલીમોહંમદ ભોવણીયા
રૂા.૧૦૦/- મો. ગુલામહૈદર હાસમભાઈ ભોવણીયા
રૂા.૧૦૦/- મો. મંજૂરહુસૈન અલીમોહંમદ ભોવણીયા
રૂા.૧૦૦/- મો. એહમદઅબ્બાસ અલીમોહંમદ ભોવણીયા
રૂા.૧૦૦/- મો. એહસાનઅલી અલીમોહંમદ ભોવણીયા
રૂા.૫૦/- મો. હસનઅલી ગુલામહૈદર ભોવણીયા
રૂા.૧૦૦/- મો. આયશાબેન યૂસુફભાઈ ડોડીયા
રૂા.૧૦૦/- મો. અમીના અબ્બાસભાઈ મતિયા
રૂા.૧૦૦/- મો. ફાતમા અબ્બાસભાઈ ખાણશીયા
રૂા.૧૦૦/- મો. કુલસૂમ ઈબ્રાહીમભાઈ બલોસપુરા
રૂા.૧૦૦/- મો. ઝહરા કમ્મરઅલી મતિયા
રૂા.૫૦/- મો. તાહિરા સિરાજએહમદ ખાણશીયા
રૂા.૫૦/- મો. શાકેરા ગુલામહૈદર ભોવણીયા
રૂા.૫૦/- મો. મેઅરાજફાતેમા શબ્બીરઅલી ભોવણીયા
રૂા.૫૦/- મો. અઝમતફાતેમા શબ્બીરઅલી ભોવણીયા
રૂા.૧૦૦/- બંદાએ ખુદા

રૂા.૫૦૦/- મો.મર્હૂમ ઈસ્માઈલભાઈ અલીમદભાઈ પલસાણીયા (દશાવાડા)ની રૂહના સવાબ અર્થે તેમના દીકરા શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ પલસાણીયા તરફથી.

રૂા.૨૦૧/- મો.ગુલામમોહંમદ ગુલામહુસૈન ભગત (વસો) તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

**મર્હૂમ મો.મોહંમદઅલી ઈસૂબભાઈ સુથાર (શેખપુર–ખેરાલુ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.ઈસૂબભાઈ અલીમોહંમદ સુથાર
રૂા.૧૦૦/- મો.અમીનાબેન ઈસૂબભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન મોહંમદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.શબ્બીરઅલી મોહંમદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.અઝમતફાતેમા મોહંમદઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.હસનઅલી ઈસૂબભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.સાબેરાબેન હસનઅલી સુથાર
રૂા.૫૦/- મો.શબ્બીરઅલી હસનઅલી સુથાર
રૂા.૫૦/- મો.મકબૂલહુસૈન હસનઅલી સુથાર
રૂા.૧૦૦/- મો.ગુલામહુસૈન વલીભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.ઝૈનબબેન ગુલામહુસૈન સુથાર
રૂા.૫૦/- મો.આબિદહુસૈન ગુલામહુસૈન સુથાર
રૂા.૫૦/- મો.સકીનાફાતેમા ગુલામહુસૈન સુથાર
રૂા.૫૦/- મો.તત્હીરફાતેમા ગુલામહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો.કાસમઅલી સુલેમાનભાઈ સુથાર
રૂા.૧૦૦/- મો.ઝહરાબેન કાસમઅલી સુથાર
રૂા.૫૦/- મો.સુગરાફાતેમા કાસમઅલી સુથાર


ફોન : ૨૫૬૨૦૧૮૦
મો. ૯૪૨૬૩૨૮૫૭૦
મો. ૯૮૯૮૬૬૭૭૪૧

**સરહિંદ**

**રેફ્રીજરેશન સર્વિસ**

ડીપ ફ્રીજ, વર્ટીકલ ફ્રીજ, બોટલ કુલર
તેમજ વૉટર કુલર ઊંચી ગુણવત્તા અને
વ્યાજબી ભાવે બનાવનાર તેમજ રીપેરીંગ
અને સર્વિસ સંતોષકારક રીતે કરી આપનાર

**મળો જૂના અને જાણીતા**
**☞ બશીરભાઈ**
**દિલ્હી ચકલા, ઘી કાંટા રોડ,**
**આર. સી. હાઈસ્કૂલની પાસે, અમદાવાદ.**